# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ

# સને- ૨૦૧૪-૧૫

# નાં વર્ષનો જનરલ ફંડ

# અન્વેષણ અહેવાલ

GUSJZ 14-15

==================================================

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૪-૧૫ નાં જનરલ ફંડના હિસાબોનો અન્વેષણ અહેવાલ અનુક્રમણિકા

==================================================


| અ.નં. | ફકરા નંબર | ફકરાની વિગત | પાના નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | |
| ૦૧ | ૦૧ | હોદ્દેદારોશ્રીની વિગત | ૦૫ |
| ૦૨ | ૦૨ | અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ બાબત | ૦૬ |
| ૦૩ | ૦૩/૦૧ | જવાબદારીઓ અને અસ્કયામતો બાબત | ૦૯ |
| ૦૪ | ૦૩/૦૨ | આર્થિક સ્થિતિની આવક/ખર્ચની સમિક્ષા બાબત. | ૧૦ |
| ૦૫ | ૦૪ | અંદાજપત્રની સમિક્ષા બાબત. | ૧૧ |
| ૦૬ | ૦૫ | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત | ૧૨ |
| ૦૭ | ૦૬ | સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાબત | ૧૩ |
| ૦૮ | ૦૭ | સંસ્થા હસ્તકના વિવિધ વિદ્યાભવનોના આર્થિક અવલોકન બાબત. | ૧૫ |
| ૦૯ | ૦૮ | પેપર સ્ટોક તથા તેના વપરાશ બાબત | ૧૭ |
| ૧૦ | ૦૯ | સ્ટીલ સ્ટોકના હિસાબની અનિયમિતતા બાબત | ૧૮ |
| ૧૧ | ૧૦ | યુનિવર્સિટી માન્ય દવાખાનાઓમાં લીધેલ સારવાર/દવાઓનો ખર્ચ મજરે આપવા બાબત | ૧૯ |
| ૧૨ | ૧૧ | "પરચુરણ આવક" સદર હેઠળ સંસ્થાને મળેલ વિવિધ આવકો વર્ગીકૃત નહીં કરવા બાબત. | ૨૦ |
| ૧૩ | ૧૨ | આવક / ખર્ચ સંબંધી સાધનિક રેકર્ડ રજુ નહીં કરવા બાબત | ૨૧ |
| ૧૪ | ૧૩ | યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ. | ૨૪ |
| ૧૫ | ૧૪ | સંસ્થા હસ્તકની શાખા/ભવનો ને ચુકવેલ પેશગીઓ સરભર નહિ કરવા બાબત. | ૨૫ |
| ૧૬ | ૧૫ | ડીપોઝીટ રજીસ્ટરની નિભાવણી કરવા બાબત. | ૩૦ |
| ૧૭ | ૧૬ | સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત | ૩૧ |
| ૧૮ | ૧૭ | યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકો/સરકારી સાહસોમાં મૂકવામાં આવતી ટૂંકી/લાંબી મુદતની થાપણો તથા તેના વ્યાજના હિસાબો નહીં નિભાવવા | ૩૩ |

| | | | |
|---|---|---|---|
| | | બાબત | |
| ૧૯ | ૧૮ | સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ/વસુલાત ન કરવા બાબત. | ૩૬ |
| ૨૦ | ૧૯ | ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચૂકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા લાંબા સમયથી બાકી રહેલ રકમો એડજસ્ટ/વસુલ ન કરવા બાબત. | ૩૮ |
| ૨૧ | ૨૦ | "અન ઓપરેટીવ ખાતા" બંધ નહિ કરાવવા બાબત. | ૪૪ |
| ૨૨ | ૨૧ | વાર્ષિક હિસાબોમાં "બીજા ફંડો" તરીકે જમા રકમનો ઉપયોગ નહીં થવા બાબત. | ૪૬ |
| ૨૩ | ૨૨ | એકેડેમીક સ્ટાફ કોલેજને આપેલ એડવાન્સના હિસાબો સરભર નહીં કરવા બાબત. | ૪૯ |
| ૨૪ | ૨૩ | આઇ.એ.એસ. તાલીમ કેન્દ્રની આવકની સામે વધુ ખર્ચની અનિયમિતતા બાબત. | ૫૧ |
| ૨૫ | ૨૪ | યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખેલ અન્વેષણ વર્ષના ઓડીટ અહેવાલ રાજ્ય સરકારશ્રીને મોકલી આપવા બાબત. | ૫૩ |
| ૨૬ | ૨૫ | વાર્ષિક હિસાબો તથા લેજર રજિસ્ટરોના હિસાબો અધિકૃત નહીં કરવા બાબત. | ૫૪ |
| ૨૭ | ૨૬ | કન્વેશન સેન્ટરની આવક તથા ખર્ચના હિસાબોમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | ૫૬ |
| ૨૮ | ૨૭ | અંદાજપત્ર વાસ્તવિક રીતે તૈયાર નહીં કરવા બાબત. | ૫૮ |
| ૨૯ | ૨૮ | હિસાબોની નિભાવણી તથા મેળવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | ૬૧ |
| ૩૦ | ૨૯ | "Endowment Fund" હિસાબ નિભાવણીની અનિયમિતતા. | ૬૪ |
| ૩૧ | ૩૦ | આવકની પહોંચબુકોના હિસાબો નિભાવવામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | ૬૫ |
| ૩૨ | ૩૧ | ગ્રંથાલયની જવાબદારીઓમાં ઉત્તરોત્તર વધારો થવા બાબત. | ૭૦ |
| ૩૩ | ૩૨ | મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને મિલકત વેરાની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | ૭૧ |
| ૩૪ | ૩૩ | અન્ય કર ખાતે ઉધારેલ ખર્ચની અનિયમિતતાઓ બાબત. | ૭૩ |
| ૩૫ | ૩૪ | સર્વિસ ટેક્ષના ચુકવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | ૭૪ |
| ૩૬ | ૩૫ | ખર્ચનાં વાઉચરો અને કેશબુકમાં દર્શાવેલ ખર્ચની રકમમાં જણાઇ આવેલ તફાવત બાબત. | ૭૬ |
| ૩૭ | ૩૬ | વિના વાઉચરે રોજમેળમાં ખર્ચ ઉધારવા બાબત. | ૭૮ |
| ૩૮ | ૩૭ | પ્રશ્નપત્ર છપામણી ના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતા બાબત. | ૮૦ |
| ૩૯ | ૩૮ | આવકવેરાની કપાતની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા બાબત. | ૮૨ |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | - | પ્રમાણપત્રો | ૮૩ |
| | | પત્રકો- ૦૧ થી ૦૪ | ૮૪ થી ૮૯ |

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૪-૧૫ નાં વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ.

==================================================================

નં. એલએએમડી.૨૦૧૪-૧૫ / ૭૪૪
જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
બહુમાળી ભવન-૨,બ્લોક-એ,પ્રથમ માળ,
વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫
તારીખ-૩૦/ ૦૬ / ૨૦૨૦

પ્રેષક :-
નિરિક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
વિમા અને લેખા ભવન,
ગાંધીનગર.

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ- ૩૮૦૦૦૯

મહાશય,

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ અન્વયેની જોગવાઇ અનુસાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને- ૨૦૧૪-૧૫ ના વર્ષનાં જનરલ ફંડના હિસાબોની તપાસણી તારીખ – ૦૨/૦૮/૨૦૧૮ થી તારીખ-૦૯-૧૦-૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતી.તપાસણી વર્ષ દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદેદારો નીચે મુજબ હતા.

ફકરા નં. ૦૧

==========================================================================

હોદ્દેદારોશ્રીની વિગત.

==========================================================================

કુલપતિશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | ડૉ. એમ.એન.પટેલ | ૦૧/૦૪/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૫ |

કુલ સચિવશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | ડૉ.બી.વી.પટેલ | ૦૧/૦૪/૨૦૧૪ થી ૧૬/૦૭/૨૦૧૪ |
| ૦૨ | શ્રી ડૉ. એચ. સી. પટેલ (ડેપ્યુટેશન) | ૧૭/૦૭/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૫ |

મુખ્ય હિસાબી અધિકારીશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | શ્રી એમ.એસ.શાહ | ૦૧/૦૪/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૫ |

ફકરા ક્રમાંક – ૦૨

==========================================================

સને ૨૦૧૪-૧૫ અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ બાબત.

==========================================================

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટની શરૂઆત માં બાકી ફકરાઓ ની સંખ્યા . | ઓડીટ દરમ્યાન નિકાલ થયેલ બાકી ફકરાઓની સંખ્યા . | ઓડીટ દરમ્યાન બાકી ફકરાઓની સંખ્યા . | બાકી ફકરાઓની વિગત . |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 1968-69 | 03 | | 03 | 04(A),07(2),18 |
| 02 | 1969-70 | 03 | | 03 | 14,29, (2),32 |
| 03 | 1970-71 | 09 | | 09 | 04 TO 08,13,18,21,22(3) |
| 04 | 1971-72 | 05 | | 05 | 20,26,34,38(1) (2) (3),43 |
| 05 | 1972-73 | 04 | | 04 | 41,36,37,38 |
| 06 | 1973-74 | 10 | | 10 | 04AGF,06ABC,08B,09 TO 15 |
| 07 | 1974-75 | 34 | | 34 | 04 TO 07,09,10,12 TO 17,19 TO 29,31,33 TO 40(1),41,43 |
| 08 | 1975-76 | 03 | | 03 | 04,05(2),12 |
| 09 | 1976-77 | 18 | | 18 | 04,05,06,10(1),12,15,17,19,20,23TO29,31, 33 |
| 10 | 1977-78 | 21 | | 21 | 03 TO 06,7(A) (B) (K),08,09,10(A) (B),11 TO 16,18,2021,24,25,26,28,31,33 |
| 11 | 1978-79 | 20 | | 20 | 04 TO 07(2),08 TO 11,13 TO 15(1) (2),17 TO 21,25, TO 28 |
| 12 | 1979-80 | 24 | | 24 | 04 TO 07(2),08 TO 11,13 TO15(2) (4),17(2),18(2)(3),20(1)(2),21 TO 23(2),25 TO 27(6),28 TO 31(A) |
| 13 | 1980-81 | 08 | | 08 | 04,07,08,10,11,13,16,17 |
| 14 | 1981-82 | 25 | | 25 | 04 TO 08,10,11(2),14 TO 19,24 TO 27,29,30,31,34,35,36,37 |
| 15 | 1982-83 | 17 | | 17 | 1 TO 17 |
| 16 | 1983-84 | 30 | | 30 | 04TO10,13,15TO 25,27 (5),26,30 ,32,34 , 36,37,38,39,40,41 |
| 17 | 1984-85 | 33 | | 33 | 05 TO 08,11 TO 14,16 TO 27,30 TO33,35,36,39,40,42 TO 46 |
| 18 | 1985-86 | 29 | | 29 | 5(1) (3),06,07,10 TO 12,16 TO 24,27,29,30,31,33,35,37,38,40,41,42,48,50 ,51,52 |
| 19 | 1986-87 | 32 | | 32 | 02,06,08,09,10,13(B),14 TO 18,22 TO |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | 25,27,28,29,31,32,34,35,36,38,39,41,42,48,50,51,52 |
| 20 | 1987-88 | 61 | | 61 | 01 TO 61 |
| 21 | 1988-89 | 56 | | 56 | 01 TO 56 |
| 22 | 1989-90 | 70 | | 70 | 01 TO 70 |
| 23 | 1990-91 | 80 | | 80 | 01 TO 80 |
| 24 | 1991-92 | 43 | | 43 | 01 TO 43 |
| 25 | 1992-93 | 70 | | 70 | 01 TO 70 |
| 26 | 1993-94 | 69 | | 69 | 01 TO 69 |
| 27 | 1994-95 | 105 | | 105 | 01 TO 105 |
| 28 | 1995-96 | 78 | | 78 | 01 TO 78 |
| 29 | 1996-97 | 84 | | 84 | 01 TO 84 |
| 30 | 1997-98 | 83 | | 83 | 01 TO 83 |
| 31 | 1998-99 | 92 | | 92 | 01 TO 92 |
| 32 | 1999-00 | 103 | | 103 | 01 TO 103 |
| 33 | 2000-01 | 101 | | 101 | 01 TO 101 |
| 34 | 2001-02 | 106 | | 106 | 01 TO 106 |
| 35 | 2002-03 | 80 | | 80 | 01 TO 80 |
| 36 | 2003-04 | 36 | | 36 | 01 TO 36 |
| 37 | 2004-05 | 75 | | 75 | 01 TO 75 |
| 38 | 2005-06 | 39 | | 39 | 01 TO 39 |
| 39 | 2006-07 | 63 | 05 | 58 | 01 TO 03,5 TO 10,12 TO 19,21 TO35,37 TO 60,62 TO 63 |
| 40 | 2007-08 | 42 | | 42 | 01 TO 42 |
| 41 | 2006-12(31-7-12) | 09 | | 09 | 01 TO 09 યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ |
| 42 | 2008-09 | 44 | | 44 | 01 TO 44 |
| 43 | 2009-10 | 39 | | 39 | 01 TO 39 |
| 44 | 2010-11 | 64 | | 64 | 01 TO 64 |
| 45 | 2011-12 | 61 | | 61 | 01 TO 61 |
| 46 | 2012-13 | 62 | | 62 | 01 TO 62 |
| 47 | 2013-14 | 40 | | 40 | 01 TO 40 |
| | કુલ | 2183 | 05 | 2178 | |

ઓડીટ વર્ષ ૨૦૧૩-૧૪ ના અંતે કુલ ૨૧૭૮ ફકરા બાકીમાં હતાં ચાલુ ઓડીટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોકત વિગતે અન્વેષણ વર્ષના અંતે કુલ ૨૧૭૮ ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે. ઓડીટ નોંધમાં દર્શાવેલ અનિયમિતતાઓનુ પુનરાવર્તન થતુ રહે છે. ઓડીટ અંગુલીનિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રૂચી દાખવેલ નથી જેથી જવાબદારી નક્કી કરી બાકી ફકરાઓની પુર્તતા સારૂ સઘન આયોજન કરી પારા નિકાલની ઝુંબેશ શરૂ કરી ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

ફકરા નંબર-03/0૧

==========================================================

જવાબદારીઓ અને અસ્કયામતો બાબત.

==========================================================

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના તા.૩૧/03/૧૫ ના રોજ પૂરા થતાં વર્ષની જવાબદારીઓ અને અસ્કયામતોનું પત્રક

| અ.નં. | જવાબદારીઓ | રકમ રૂપિયા | અસ્કયામતો | રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ<br>પત્રંક-૨ (ક્રમ-૧) | ૧૩૫૩૭૧૫૬.૪૩ | કાયમી મિલકતો<br>પત્રક-૨ (કોલમ-૪) | ૫૧૫૬૪૯૨૭૫.૧૨ |
| 02 | કેપિટલ ફંડ<br>પત્રક-૨ (ક્રમ-૨) | ૪૯૩૫૯૪૭૮૮.૮0 | રોકાણો<br>પત્રક-૨ (કોલમ-૪) | ૨0000.00 |
| 03 | પુસ્તક ફંડ<br>પત્રક-૨ (ક્રમ-૩) | ૭૫૭૪૨૬૨.૮૬ | એડવાન્સ અને બીજા ખાતાઓ<br>પત્રક-૨ (કોલમ-૪) | ૧૬૬૫૭૭૫00.૬૩ |
| 04 | બીજા ફંડ<br>પત્રક-૨ (ક્રમ-૪) | ૩૯૯૩૧૧૪૪૧.૨0 | બેન્ક અને બીજી પુરાંતો<br>પત્રક-૨ (કોલમ-૪) | ૧૧૮૬૫૪૨૩૫૭.૪૮ |
| 05 | આવક/ ખર્ચ ખાતુ(૯૫00000)<br>પત્રક-૨ (ક્રમ-૫) | ૪૪૧૧0૬૮૪૮.૧૧ | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ<br>પત્રક-૨ (કોલમ-૪) | ૧૭000.00 |
| 06 | સરકારી ગ્રાન્ટો<br>(૧) ગ્રાન્ટ 0૪00000<br>(૨) ગ્રાન્ટ ૭૯00000<br>પત્રક-૨ (ક્રમ-૬) | ૮૭૮૪૮૩૨૨.૫૮<br>(-)૧૧૧0૭0૧૨.0૫ | | |
| 07 | ચાલુ જવાબદારી<br>પત્રક-૨ (ક્રમ-૭) | ૪૩૫૭૬૬૫૫૩.0૫ | | |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો<br>પત્રક-૨ (ક્રમ-૮) | ૨૯૯૭૪.૩૭ | | |
| 09 | સસ્પેન્સ એકા.<br>પત્રક-૨ (ક્રમ-૯) | ૧૧૪૩૭૯૮.૧૪ | - | |
| કુલ રૂપિયા | | ૧૮૬૮૮0૬૧૩૩.૪૯ | - | ૧૮૬૮૮0૬૧૩૩.૪૯ |

ફકરા નંબર-૦૩/૦૨

==================================================================

આર્થિક સ્થિતિની આવક/ખર્ચની સમિક્ષા બાબત.

==================================================================

(૦૧) ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદનાં તા.૩૧/૦૩/૧૫ ના રોજ પુરા થતાં છેલ્લા ત્રણ વર્ષની જનરલ ફંડ આવક/ખર્ચની વિગતો નીચે મુજબની જણાયેલ હતી.

આવક-ખર્ચની વિગત

| ક્રમ | વર્ષ | આવક રૂપિયા | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | 2012-2013 | કુલ રૂ! 69,69,65,835 | કુલ રૂ! 64,35,30,852 |
| 02 | 2013-2014 | કુલ રૂ! 90,76,95,784 | કુલ રૂ! 71,95,18,960 |
| 03 | 2014-2015 | કુલ રૂ! 83,08,84,207 | કુલ રૂ! 71,38,43,384 |
| | કુલ | કુલ રૂ! 243,55,45,826 | કુલ રૂ! 207,68,93,196 |
| | વાર્ષિક સરાસરી | કુલ રૂ! 81,18,48,608 | કુલ રૂ! 69,22,97,732 |
| | સરાસરી આવકમાં વધારો | કુલ રૂ! 11,95,50,876 | |

ગુજરાત યુનિવર્સિટી અમદાવદની નાણાંકિય પરિસ્થિતિની સમીક્ષા કરતાં સરાસરી ખર્ચ કરતાં આવકમાં કુલ રૂ! ૧૧,૯૫,૫૦,૮૭૬/- નો વધારો જણાયેલ હતો.જેથી સંસ્થાની આર્થિક સ્થિતિ સંતોષકારક જણાયેલ હતી.

ફકરા ક્રમાંક - ૦૪

==================================================================

અંદાજપત્રની સમિક્ષા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪-૧૫ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન અંદાજપત્રના સંદર્ભમાં ચકાસણી અંગે ઓડીટ અવલોકન નીચે મુજબ છે.

(૦૧) ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ માં થયેલ જોગવાઇઓ મુજબ જે તે નાણાંકિય વર્ષ શરૂ થતાના નિયત માસ પહેલાં તેના નાણાંકિય અંદાજો તૈયાર કરી સેનેટ સભા સમક્ષ મંજુર કરાવવાના રહે છે.

(૦૨) પ્રવૃતિઓ હેઠળ સુધારેલ અંદાજ આવકની આવકની જોગવાઇ કુલ રૂ! ૭૯,૨૧,૯૫,૨૫૦/- રૂપિયાની સામે ખરેખર આવક કુલ રૂ! ૮૩,૦૮,૮૪,૨૦૭/- રૂપિયા થયેલ હતી એટલે કે કુલ રૂ! ૩,૮૬,૮૮,૯૫૭/- રૂપિયાની વધુ આવક થયેલ છે.

(૦૩) સુધારેલ અંદાજ ખર્ચની જોગવાઇ કુલ રૂ! ૭૯,૬૪,૯૩,૨૫૦/-રૂપિયાની સામે ખરેખર ખર્ચ કુલ રૂ! ૭૧,૩૮,૪૩,૩૮૪/- રૂપિયા થયેલ હતો એટલે કે કુલ રૂ! ૮,૨૬,૪૯,૮૬૬/- રૂપિયા ઓછો ખર્ચ થયેલ છે.

(૦૪) આમ, સમગ્ર અંદાજપત્રનું અવલોકન કરતાં મુળ અંદાજો અને સુધારેલ અંદાજો તથા ખરેખર થયેલ આવક-ખર્ચ ની વિગતો વાસ્તવિકતાથી દુર જણાયેલ છે. તો અંદાજપત્ર વાસ્તવિક બનાવવા માટે તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૭૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં – ૦૫

==================================================================

ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ-૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન રજુ થયેલ લેજર રજિસ્ટરોની ચકાસણી કરતાં બજેટ કોડ-8101001(GF) ખાતે રૂ! ૧૧,૪૭,૧૯૮/૧૪ તથા બજેટ કોડ-8101004(No.02) ખાતે રૂ! ૩,૨૮૦/- (૨૦૧૩/૧૪ના) એમ કુલ મળી કુલ રૂ! ૧૧,૫૦,૪૭૮/૧૪ વાર્ષિક હિસાબ સદરે સરભર કરવાના બાકી હોવાનુ ધ્યાને આવેલ છે.

ઓડીટનોંધ :-

વાર્ષિક હિસાબો નિભાવવાની સાથે સાથે જે તે આવક ખર્ચનુ યોગ્ય વર્ગીકરણ કરવામાં આવે તો વાર્ષિક હિસાબો ક્ષતિરહિત તૈયાર થઇ શકે.સંસ્થામાં થયેલ આવક તેમજ ખર્ચ વર્ગીકરણ ન કરી શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે નોંધવામાં આવે છે, અને જયારે વર્ગીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે.સદર કાર્યવાહી નાણાંકિય વર્ષના અંતે પૂર્ણ કરવાની રહે છે.પરંતુ હિસાબ વ્યવસ્થિત ધોરણે નહીં લખવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે. અન્વેષણ અહેવાલમાં સદરહુ બાબતનું પુનરાવર્તન ન થવા પામે તે બાબતે સંસ્થાનુ અચૂક ધ્યાન દોરવામાં આવે છે, આમ છતાં, આવી ઉપલક રકમનુ યોગ્ય મેળવણું નહી કરવા થકી આ હિસાબી અનિયમિતતાઓ જણાઇ આવે છે. ઉપરોકત લેજરબુકમાં દર્શાવેલ લેજર કોડ સદરે સરભર કરવાની બાકી રકમ કુલ રૂ! ૧૧,૫૦,૪૭૮/૧૪ સત્વરે સરભર કરી યોગ્ય આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વિગતે કાર્યવાહી પૂર્ણ કરી દર્શાવેલ રકમ સરભર કરી ખાતરી કરાવતાં સુધી સદરહુ ઉપલક રકમ રૂ! ૧૧,૫૦,૪૭૮/૧૪ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૧૭ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ કુલ રૂ! ૧૧,૫૦,૪૭૮/૧૪

ફકરા નં - ૦૬

==========================================================

## સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાબત

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓને નીચે દર્શાવેલ વિગતે પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરેલ હોવાનુ ધ્યાને આવેલ હતુ.

| અ.નં. | ખર્ચની ટુંકી વિગત | કોડ નંબર | ખર્ચનીરકમ |
|---|---|---|---|
| ૧ | પરીક્ષા ભથ્થા પેટે | 3532008 | કુલ રૂ! ૨,૦૨,૨૮,૯૬૪.૬૫ |
| ૨ | પરીક્ષા ઓવરટાઇમ | 3532007 | કુલ રૂ! ૨૦,૨૨,૯૩૮.૦૦ |
| | | કુલ | કુલ રૂ! ૨,૨૨,૫૧,૯૦૨.૬૫ |

<u>ઓડીટ અવલોકન :-</u>

(૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૦૯/૧૨/૧૯૮૧ થી અમલમાં આવે તે પ્રમાણેના તા.૨૪/૨/૧૯૮૧ ના ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નિયમોના નિયમ-૮ દ્વારા થયેલ સુધારા મુજબ યુનિવર્સિટી તેઓના અને એફિલિટેડ કોલેજોના અધિકારીઓ/કર્મચારીઓ પગારધોરણ અને ભથ્થા (શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક) રાજય સરકારશ્રીની મંજુરી આધિન રહેશે, એટલે કે રાજય સરકારશ્રીની પૂર્વમંજુરી વિના પગારધોરણ અને ભથ્થામાં યુનિવર્સિટી સુધારો કરી શકશે નહીં.

ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક/એકા/૦૧-૯૭૧૧/૨૦૦૮, તા. ૨૮/૧૧/૨૦૦૮ માં જણાવ્યા મુજબ એકઝીકયુટીવ કાઉન્સીલના તા.૨૮/૯/૨૦૦૮ ની બેઠકમાં બાબત નં.૧૪ થી થયેલ ઠરાવ મુજબ "બીસીએસઆર અને જીસીએસઆરમાં દર્શાવેલ પગાર, રજાઓ, ગેરશિસ્ત, ગેરવર્તણૂક વગેરે બાબતો અંગેની જોગવાઇઓ તેમજ તેમાં સમયાંતરે જે સુધારા/વધારા થાય તે પ્રમાણે યુનિવર્સિટીમાં લાગુ પાડવમાં આવે છે." તેમ ઠરાવવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર રાજય સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને પરીક્ષા ભથ્થા તેમજ પરીક્ષા ઓવરટાઇમ આપવાની કોઇ જોગવાઇ નથી. ઉપરોક્ત ફકરામાં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ સાથેવંચાણે / ધ્યાને લેતાં યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને પણ સદરહુ લાભ મળવાપાત્ર થાય નહિ, આમછતાં ઉકત વિગતે પરીક્ષા ભથ્થા તેમજ ઓવરટાઇમ પેટે આટલી માતબર રકમનુ ચુકવણું કઇ

જોગવાઇઓને આધિન કરવામાં આવેલ છે તેની સરકારશ્રીની મંજુરીના યોગ્ય આદેશોના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગર દ્વારા સંસ્થાને ફાળવવામાં આવતી બ્લોક ગ્રાન્ટની શરતોનુસાર પણ યુનિવર્સિટીએ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુ પાલન કરવાનુ રહે છે. આ સંજોગોમાં યુનિવર્સિટીથી ઉકત ભથ્થા તથા ઓવરટાઇમનુ ચુકવણું કરી શકે નહિ. આમછતાં, યુનિવર્સિટીએ સદરહુ ભથ્થાઓ ચુકવેલ છે જે ઉકત નિયમો સાથે સુસંગત નહોઇ સદરહુ ભથ્થાઓ ગ્રાન્ટ સામે અમાન્ય કેમ ન ઠેરવવા? તે અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રસ્તુત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ કુલ રૂ! ૨,૨૨,૫૧,૯૦૨.૬૫/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૨૦ નો જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ કુલ રૂ! ૨,૨૨,૫૧,૯૦૨.૬૫/-

ફકરા નં - ૦૭

===============================================================

સંસ્થા હસ્તકના વિવિધ વિદ્યાભવનોના આર્થિક અવલોકન બાબત.

===============================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના અન્વેષણ દ્વારા ૬૫ માં વાર્ષિક અહેવાલનું અવલોકન કરવામાં આવેલ હતું. સંસ્થા હસ્તકના વિવિધ વિદ્યાભવનોની આવક તથા ખર્ચનું વિહંગાવલોકન કરતાં નીચે મુજબ સ્થિતિ ધ્યાને આવેલ હતી.

| અનં. | ભવનનું નામ | આવક રૂ! | ખર્ચ રૂ! |
|---|---|---|---|
| ૧ | સમાજવિદ્યા ભવન | ૧૭,૭૮,૩૪૦.૦૦ | ૪,૧૯,૮૫,૨૮૮.૭૮ |
| ૨ | ભાષા ભવન | ૩,૭૯,૭૦૦.૦૦ | ૩,૦૦,૬૧,૭૪૧.૬૩ |
| ૩ | મનોવિજ્ઞાન ભવન | ૨,૮૫,૮૯૦.૦૦ | ૧,૯૬,૩૭,૪૩૧.૬૯ |
| ૪ | વિજ્ઞાન વિદ્યાભવન | ૩,૧૩,૬૬,૫૬૦.૦૦ | ૧૨,૯૮,૩૨,૩૫૮.૯૫ |
| ૫ | શેઠ ડી. વી. ભવન | ૯,૮૪,૪૧૦.૦૦ | ૧,૩૨,૧૩,૯૯૦.૮૯ |
| ૬ | બી. કે. સ્કુલ ઓફ બીઝનેસ મેને. | ૧,૦૬,૪૯,૭૮૨.૦૦ | ૧,૪૯,૪૮,૯૫૬.૧૬ |
| ૭ | એ.જી. ચેરીટી ટ્રસ્ટ કાયદાશાસ્ત્ર ભવન | ૨,૨૩,૧૦૦.૦૦ | ૫૦,૪૬,૭૩૫.૦૨ |
| ૮ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૪,૨૫,૮૦૦.૦૦ | ૧૭,૧૯,૦૪૭.૨૯ |
| | કુલ રૂ! | ૪,૬૦,૯૩,૫૮૨.૦૦ | ૨૫,૬૪,૪૫,૫૫૦.૪૧ |

ગુજરાત યુનિવર્સિટી એક શૈક્ષણિક સંસ્થા છે અને આ સંસ્થા તેના નિયંત્રણ હેઠળની કોલેજો/ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી અભ્યાસક્રમ મુજબ નિયત કરવામાં આવેલ ફી મેળવીને તથા રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી મળતા અનુદાનના આધારે આર્થિક વહીવટ સંભાળે છે.

ઉપરની વિગતો જોતાં યુનિવર્સિટીઓના જુદા જુદા ભવનોના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ પાસેથી અભ્યાસક્રમ પ્રમાણે નિયત થયેલ વાર્ષિક ફી મુજબ રૂ! ૪,૬૦,૯૩,૫૮૨/-ની આવક મેળવેલ છે જ્યારે કોલેજો / ભવનોના તમામ ખર્ચ મળી રૂ! ૨૫,૬૪,૪૫,૫૫૦.૪૧/- ની જાવક કરેલ છે.

સંસ્થાએ જુદા જુદા અભ્યાસક્રમની ફી ક્યારે અને કેવા દરે વધારવાની જોગવાઇ છે તેની વિગતો રજુ થયેલ નથી. દર વર્ષે સંસ્થાએ ભવનોના ખર્ચમાં વધારો થાય છે. પરંતુ તેટલા પ્રમાણમાં આવકનો વધારો થતો નથી. જેથી સરકારશ્રીના અનુદાન ઉપર અવલંબિત હોવાનું જણાય છે. સંસ્થાએ નિયમિત આવક વધારવા યોગ્ય નીતિ / યોજના તૈયાર કરવા ઓડીટનું સૂચન છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૩ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં - ૦૮

============================================================

પેપર સ્ટોક તથા તેના વપરાશ બાબત.

============================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના લેઝર રજિસ્ટરો ની ખરાઇ કરતાં લેઝર કોડ નં. ૯૨૦૧૦૦૦ માં કુલ રૂ! ૭૦,૦૮,૧૦૪=૨૦ પેપર સ્ટોક જમા હોવાનું દર્શાવેલ છે. જે અંગે ઓડીટ અવલોકન નીચે મુજબ છે

<u>ઓડીટ અવલોકન :-</u>

(૧) ઉપરોક્ત સદર હેઠળ કુલ રૂ! ૭૦,૦૮,૧૦૪/૨૦ નો પેપર સ્ટોક તા. ૦૧/૦૪/૧૧ ના રોજથી જમા પડી રહેલ હોવાનું જણાઇ આવે છે. આટલી મોટી રકમ નો સ્ટોક આટલા લાંબા સમયથી બંધ સિલક તરીકે કેવા સંજોગોમાં અને કેવા કારણોસર બિનવપરાશી પડી રહેલ છે? જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૨) પેપર સ્ટોકના વિગતવાર હિસાબો સંસ્થા દ્વારા નિભાવવામાં આવતા હોય તો આટલી રકમનો પેપર સ્ટોક કેવા કારણોસર વણવપરાયેલ પડી રહેલ છે? આ બાબત આટલા લાંબા સમય સુધી સંસ્થાના જવાબદાર કર્મચારી/અધિકારીશ્રી ના ધ્યાન બહાર કેમ રહેવા પામેલ છે? તેની જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) ઉપર દર્શાવેલ કુલ રૂ! ૭૦,૦૮,૧૦૪/૨૦ પેપર સ્ટોક જમા હોય તો કયા કારણોસર બિનવપરાશી રહેવા પામેલ છે? આજદિન સુધી તેના વપરાશ કે નિકાલ બાબતે નિયમોચિત કાર્યવાહી કેમ કરવામાં આવેલ નથી? આ બાબતે સંબંધિતની જવાબદારી નક્કી કરી નિયમોચિત કાર્યવાહી કરી તેના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૪) પ્રસ્તુત વિગતે સદરહુ પેપર સ્ટોક અંગે ત્વરિત નિર્ણય લઇ તેના નિકાલની નિયમોચિત પધ્ધતિથી કાર્યવાહી પૂર્ણ કરી દર્શાવેલ રકમોની સંસ્થાના હિસાબોમાં યોગ્ય અસર આપી આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૫) ઉપરોક્ત પેપરસ્ટોક (કુલ રૂ! ૭૦,૦૮,૧૦૪=૨૦) તા. ૦૧/૦૪/૧૧ થી વણવપરાયેલ પડી રહેવા પામેલ છે, જે નિયમોચિત કાર્યપધ્ધતિથી યોગ્ય નિકાલ કરી મેળવેલ રકમ રાષ્ટ્રિયકૃત બેંકમાં જમા કરાવી વ્યાજની આવક ઉભી કરવા ઘટતો પ્રબંધ કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૨૪ નો જવાબ કરેલ નથી.

ફકરા નં – ૦૯

==========================================================

**સ્ટીલ સ્ટોકના હિસાબની અનિયમિતતા બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સ્ટીલ સ્ટોક હિસાબો ખાતે નીચે દર્શાવેલ રકમો જમા હોવાનું ધ્યાને આવેલ છે.

| અ. નં. | હિસાબી સદર | જમા રકમ | જમા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૯૧૦૧૦૦૦ | કુલ રૂા ૮૭૩૫.૮૫/- | ૦૧-૦૪-૨૦૦૩ |

<u>ઓડીટ અવલોકન :-</u>

(૧) ઉપરોક્ત સદર હેઠળ કુલ રૂા ૮૭૩૫.૮૫/- ની રકમ લેઝરની વિગતો મુજબ તા. ૦૧/૦૪/૨૦૦૩ થી જમા હોવાનું જણાઇ આવેલ છે. આટલા લાંબા સમયથી સદરહું રકમ જમા હોવા છતાં આજદિન સુધી તે રકમને બિનવપરાશી તરીકે રાખવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સંસ્થાના સંબંધિત ભવન/શાખા ખાતે આટલા લાંબા સમયથી સ્ટીલનો સ્ટોક વણવપરાયેલ હોય તો તે વપરાશમાં લઇ શકાય તેવી સ્થિતિમાં રહી શકે નહીં. આમછતાં સદરહુ રકમનો સ્ટોક કેવા કારણોસર વણવપરાયેલ સ્ટોકમાં રાખેલ છે? તેની જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે. તથા યોગ્ય/નિયમોચિત કાર્યપધ્ધતિથી નિકાલ કરવા ઓડીટ સૂચન છે.

(૩) ઉપરોક્ત સ્ટોકના હિસાબો નિભાવવામાં આવતા હોય તો તેના સ્ટોક રજિસ્ટરો અન્વેષણમાં રજુ કરી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૨૫ નો જવાબ કરેલ નથી.

ફકરા નં - ૧૦

==========================================================================

યુનિવર્સિટી માન્ય દવાખાનાઓમાં લીધેલ સારવાર/દવાઓનો ખર્ચ મજરે આપવા બાબત.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના ૬૫ માં વાર્ષિક અહેવાલનું આંશિક અવલોકન કરવામાં આવેલ હતું. સદરહું અહેવાલનું વાંચન કરતાં યુનિવર્સિટીએ માન્ય કરેલ દવાખાનાઓમાં સારવાર અને દવાઓનો કુલ રૂ! ૧૬,૫૮,૯૩૬.૦૦ નો ખર્ચ મજરે આપેલ હોવાનું ધ્યાને આવેલ હતું. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ:-</u>

(૧) ગુજરાત યુનિવર્સિટીએ પોતાના ૬૫માં વાર્ષિક અહેવાલમાં "માન્ય કરેલ દવાખાનાઓ" એવો ઉલ્લેખ કરેલ છે, પરંતુ તેવા દવાખાનાઓની કોણે અને ક્યારે માન્યતા આપી તેમજ કયાં કયાં દવાખાનાઓનો તેમાં સમાવેશ કરવામાં આવેલ છે., તેની વિગતો ઉપલબ્ધ ન હોઇ સદરહુ બાબતના સંપૂર્ણ આધાર સહ અન્વેષણને સ્પષ્ટતા/ખાતરી કરાવવી ઘટે.

(૨) કુલ રૂ! ૧૬,૫૮,૯૩૬.૦૦ નો ખર્ચ માત્ર સંસ્થાના કર્મચારીઓને જ મજરે આપવામાં આવેલ હતો કે અન્ય એજન્સી/મંડળના કર્મચારીઓને પણ આ લાભ આપવામાં આવેલ હતો? લાભાંકિત કર્મચારીઓ તથા આશ્રિતોને સંપૂર્ણ વિગતો સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) સદરહુ ખર્ચ મજરે આપવા અંગે સંસ્થાની વિવિધ કમિટિઓ દ્વારા મંજુરી આપવામાં આવેલ હતી કે કેમ? કમિટિઓ દ્વારા કરવામાં આવેલ ઠરાવોના આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૪) તપાસણી વર્ષ દરમ્યાન સંસ્થા સંચાલિત આરોગ્ય કેન્દ્રની આવક રૂ! ૫,૧૪૯.૦૦ ની સામે ખર્ચ કુલ રૂ! ૩૦,૭૭,૩૪૬.૨૩ થવા પામેલ છે. સદરહુ વિગત નજરે જોતાં આવકની સામે કુલ રૂ! ૩૦,૭૨,૧૯૭.૨૩ વધુ ખર્ચ થવા પામેલ છે. આવક (ફી) તથા ખર્ચની વર્તમાન વિગતો જોતાં સમયાંતરે ખર્ચનું પ્રમાણ વધતું જ રહેશે, અને ભવિષ્યમાં ઉક્ત કેન્દ્રને વધુ નાણાંકીય ભંડોળની આવશ્યકતા રહેશે. તે જોતાં કેન્દ્રની આવકમાં વધારો થાય એવા પ્રયાસો કરી કેન્દ્રને આત્મનિર્ભર કરવા ઓડીટ અનુરોધ છે.

ઉપરોક્ત મુદ્દાઓની આધારસહ સ્પષ્ટતા થતા સુધી દર્શાવેલ ખર્ચ કુલ રૂ! ૧૬,૫૮,૯૩૬/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૭ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ કુલ રૂ! ૧૬,૫૮,૯૩૬/-

ફકરા નં – ૧૧

"પરચુરણ આવક" સદર હેઠળ સંસ્થાને મળેલ વિવિધ આવકો વર્ગીકૃત નહીં કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના રજુ થયેલ વાર્ષિક હિસાબોનું અન્વેષણ વર્તુળ દ્વારા અવલોકન કરવામાં આવેલ હતું. અવલોકન દરમ્યાન હિસાબોની આવક બાજુએ પરચુરણ સદરે કુલ રૂ! ૪,૧૯,૬૦,૪૦૧=૦૦ દર્શાવેલ હોવાનું જણાઇ આવેલ હતું. આ બાબતે અન્વેષણ વર્તુળના પ્રા. વાંધા ક્રમાંક-૨૮ થી સદરહુ પરચુરણ આવકોને પેટા સદરોવાર વર્ગીકૃત કરી આવકોના પ્રકાર સ્પષ્ટ કરવા તથા તેના સાધનિક રેકર્ડ સહ પ્રત્યુત્તર પાઠવવા જણાવવામાં આવેલ હતું. પરંતુ અન્વેષણ કાર્યવાહી પૂર્ણ થતાં સુધી સદરહુ પ્રાથમિક વાંધાનો સંસ્થાએ કોઇ પ્રત્યુત્તર આપેલ નથી. તેથી પરચુરણ આવક તરીકે દર્શાવેલ ઉપરોક્ત રકમ ખરેખર કયા હેતુસર સંસ્થાને પ્રાપ્ત થયેલ છે? અને સદરહુ રકમ સંસ્થાના કયા કયા પેટા સદરોવાર વાર્ષિક હિસાબોમાં સમાવી શકાય તેમ છે? તેમજ સદરહુ રકમ સંસ્થાના કયા કયા વિદ્યાભવનો દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે? સદરહુ રકમના હિસાબો સંસ્થાના નિયંત્રણ હેઠળની કઇ કઇ શૈક્ષણિક સંસ્થાઓના કયા કયા હિસાબી રજિસ્ટરો દ્વારા ચકાસી શકાય તેમ છે? તદ્ઉપરાંત દર્શાવેલ રકમોના ખરાપણા માટે આવકોનો કયો સ્રોત માપદંડ તરીકે માન્ય કરવો? તેવી સઘળી બાબતોની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી. જે અંગે જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી સ્પષ્ટ આધાર સહ ખાતરી કરાવતાં સુધી દર્શાવેલ "પરચુરણ આવક" કુલ રૂ! ૪,૧૯,૬૦,૪૦૧=૦૦ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાં નં. ૨૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ કુલ રૂ! ૪,૧૯,૬૦,૪૦૧=૦૦

ફકરા નં - ૧૨

==================================================================

## આવક / ખર્ચ સંબંધી સાધનિક રેકર્ડ રજુ નહીં કરવા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થા તથા તેના હસ્તકનાં વિદ્યાભવનો તથા તે સંલગ્ન શાખાઓની આવક તથા ખર્ચનું સાધનિક રેકર્ડ રજુ કરવા પ્રા. વાં. ક્રમાંક ૧, તા. ૦૨/૦૮/૨૦૧૮ થી સંસ્થાને જણાવવામાં આવેલ હતું. આમ છતાં, નીચે દર્શાવેલ સાધનિક રેકર્ડ ચકાસણી માટે રજુ કરવામાં આવેલ નહોતું.

(૧) ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં શૈક્ષણિક / બિનશૈક્ષણિક અધિકારીશ્રી / કર્મચારીઓ માટે છઠ્ઠા પગારપંચ મુજબ મળવાપાત્ર પગારધોરણોની દરખાસ્ત તથા તેની મંજુરી અંગેના હુકમો તેમજ છઠ્ઠા પગારપંચ મુજબ પાત્ર કરેલ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને ઉપધો મંજુર કરવા અંગે કરવામાં આવેલ દરખાસ્ત અને તે સંદર્ભમાં મળેલ મંજુરીના હુકમો ઉપરાંત યુનિવર્સિટી માટે મંજુર થયેલ મહેકમની વિગતો તથા સેવાપોથિઓ સહિતનું સાધનિક રેકર્ડ અન્વેષણમાં રજુ કરવા પ્રા. વાં. ક્રમાંક-૧, તા. ૦૨/૦૮/૨૦૧૮ થી જણાવવા છતાં સદરહુ રેકર્ડ રજુ કરવામાં આવેલ નહોતું. પરિણામે સંસ્થાના કર્મચારીઓ / અધિકારીશ્રીઓને ચૂકવવામાં આવતાં પગારભથ્થાંની યથાર્થતા ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી, જે અંગે જવાબદારે સ્પષ્ટતા કરવી રહે.

(૨) જમીન તથા મકાન ભાડાનાં માંગણાં / વસુલાત રજિસ્ટરો

ગુજરાત યુનિવર્સિટી હસ્તકની જમીન તથા યુનિવર્સિટી પરિસરમાં આવેલ મકાનોનાં ભાડાં સંબંધી માંગણા અને વસુલાત રજિસ્ટરો અન્વેષણમાં રજુ કરવા સંસ્થાને જણાવવામાં આવેલ હતું. સંસ્થાના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં જમીન તથા યુનિવર્સિટી હસ્તકનાં મકાનોના ભાડા પેટે કુલ રૂ! ૯,૩૪,૭૦૦/- ની આવક થયેલ હોવાનું જણાઇ આવેલ છે પરંતુ જમીન તથા મકાનોના ભાડાનાં માંગણાં અને વસુલાત રજિસ્ટરો અન્વેષણમાં રજુ નહીં થતાં દર્શાવેલ આવક તથા બાકી માંગણાની વિગતો ચકાસી શકાયેલ નથી.

(૩) સ્ટેશનરી / ઉત્તરવહી – પુરવણી ખરીદી તથા છપામણી અંગેનું રેકર્ડ

સંસ્થાના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં પરીક્ષા ખર્ચ, મુસાફરી ભથ્થા ખર્ચ, મુદ્રણ લેખન ખર્ચ પેટે અનુક્રમે રૂ! ૨૦,૩૫,૩૧,૬૫૨/-, રૂ! ૧૭,૩૦,૩૫૦/- તથા રૂ! ૧૧,૦૭,૧૦૬/- એમ કુલ મળી રૂ! ૨૦,૬૩,૬૯,૧૦૮/- નો ખર્ચ થયેલ હોવાનું ધ્યાને આવેલ હતું. સ્ટેશનરી ખરીદી માટે શાખાઓ / ભવનો દ્વારા મળેલ ઇન્ડેન્ટ સ્ટેશનરી ખરીદી / છપામણી માટે થયેલ કરાર, પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીઓની છપામણી માટે પ્રસિધ્ધ કરેલ નિવિદા, મળેલ ટેન્ડરો, વર્કઓર્ડર, સ્ટોક રજિસ્ટરો, પહોંચો, ઉત્તરવહીઓ/પુરવણીઓના નિકાલ વગેરે બાબતોનું સાધનિક રેકર્ડ રજુ કરવા સંસ્થાને વારંવાર જણાવવા છતાં સંસ્થાએ સ્ટેશનરી તથા પરીક્ષાલક્ષી સાધનિક રેકર્ડ અન્વેષણમાં રજુ કરેલ ન હોઇ ઉપરોક્ત કુલ રૂ! ૨૦,૬૩,૬૯,૧૦૮/- ના ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.

(૪) રૂ! ૫૧.૫૬ કરોડની મિલકત સંબંધી રેકર્ડ

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ ના વર્ષના વાર્ષિક હિસાબોની ખરાઇ કરતાં યુનિવર્સિટીના પાકા સરવૈયામાં કુલ રૂ! ૫૧,૫૬,૪૯,૨૭૫/- ની રકમ મિલકત તરીકે દર્શાવવામાં આવેલ છે. સંસ્થા હસ્તક આવેલ શૈક્ષણિક તથા કોમર્શીયલ મિલકતો ભાડાપટેથી, લીઝથી કે અન્ય પધ્ધતિથી આપવામાં આવેલ હોય તો તે અંગેના ભાડા કરાર સંબંધી રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ વાર્ષિક હિસાબોના પાકા સરવૈયા મિલકત સદરે દર્શાવેલ રકમના ખરાપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી. તેથી સદરહુ મિલકતોની હયાતી તથા તેનાં પ્રતિવર્ષ થતા ઘસારાની વિગતો દર્શાવતું મિલકત રજિસ્ટર / રેકર્ડ તૈયાર કરી ઉપરોક્ત રકમોના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે

(૫) બાંધકામ / જાળવણી / મરામત / યોજનાકીય ખર્ચનું રેકર્ડ રજુ નહીં થવા બાબત.

સંસ્થા હસ્તકનાં ભવનોની મરામત તથા જાળવણી, બગીચા અને તેની મરામત તથા પાણી પુરવઠા યોજના મરામત પેટે વાર્ષિક હિસાબોમાં કુલ રૂ! ૨,૬૩,૬૮,૦૧૨/- નો ખર્ચ દર્શાવવામાં આવેલ છે. સદરહુ રકમો માટે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયા સહિતનું રેકર્ડ

અન્વેષણની ચકાસણી માટે રજુ કરવા વારંવાર પ્રાથમિક વાંધાઓની સંસ્થાનું ધ્યાન દોરવા છતાં ઉપરોક્ત ખર્ચનું રેકર્ડ રજુ થવા પામેલ નથી. પરિણામે, દર્શાવેલ ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.

ઉપરોક્ત ક્રમ (૧) થી ક્રમ (૫) માં દર્શાવેલ બાબતોનું સાધનિક રેકર્ડ અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવતાં સુધી થયેલ કુલ ખર્ચ રૂા ૨૩,૨૭,૩૭,૧૨૯/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાં. ક્રમાંક – ૩૨, ૩૪, ૬૯, ૯૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી. તથા પ્રા. વાં. ક્રમાંક – ૪૬ તથા ૪૮ નો કરેલ જવાબ પ્રા. વાં.ની વિગતો સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂા ૨૩,૨૭,૩૭,૧૨૯/-

ફકરા નં – ૧૩

યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૪/૧૫ તપાસણી દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજો પૈકી લેજર રજિસ્ટરોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ ૭૮૦૨૦૩૨ સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ થયેલ આવક/ખર્ચની સ્થિતિ નીચે મુજબ હોવાનુ જણાઇ આવેલ હતું.

| અનં. | એકા.કોડ નં. | વિગત | રકમ |
|---|---|---|---|
| ૧ | ૭૮૦૨૦૩૨ | ૧/૪/૧૪ ની ઉઘડતી સિલક | કુલ રૂ! ૪૫,૮૧૨=૨૮ |
| ૨ | ૭૮૦૨૦૩૨ | વર્ષ દરમ્યાન થયેલ આવક | કુલ રૂ! ૨,૮૧,૫૪,૬૮૨=૫૭ |
| ૩ | ૭૮૦૨૦૩૨ | કુલ રકમ | કુલ રૂ! ૨,૮૨,૦૦,૪૯૪=૮૫ |
| ૪ | ૭૮૦૨૦૩૨ | વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ | કુલ રૂ! ૧૫,૧૯,૨૬૨=૦૦ |
| ૫ | ૭૮૦૨૦૩૨ | વર્ષના અંતે જમા સિલક | કુલ રૂ! ૨,૬૬,૮૧,૨૩૨=૮૫ |

<u>ઓડીટ અવલોકન :-</u>

ગુજરાત યુનિવર્સિટી એકઝીક્યુટીવ કાઉન્સીલના તા.૨૩/૫/૯૯ ની બાબત 17 ઓર્ડીનન્સ 150/C માં થયેલ જોગવાઇ અનુસાર જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી દીઠ એક રકમના રૂ! ૧૦/- લેખે વસુલાત લઇ જે તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.સંસ્થાએ નિભાવેલ ઉપરોકત લેજર એકાઉન્ટસના આવક/ખર્ચના હિસાબોની ચકાસણી કરતાં સંસ્થાને મળેલ કુલ આવકના પ્રમાણમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ ખૂબ જ ઓછો ખર્ચ કરેલ હોવાનુ જણાઇ આવેલ છે.આવકની સામે ખર્ચનુ પ્રમાણ ઓછુ હોવાથી પ્રતિવર્ષે બચતમાં વધારો થવા પામેલ છે.પરિણામે,ઉપરોકત વિગતે વણવપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ છે.આમ,જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ માટે નાણાનો યોગ્ય વપરાશ થતો ન હોઇ મૂળભૂત હેતુ સિધ્ધ થઇ શકતો નથી.સબબ,બહોળી આવકો મેળવ્યા બાદ તે સદર હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમો/પ્રવૃત્તિઓનુ આયોજન નહીં કરી વિધાર્થીઓને સદરહુ લાભથી વંચિત રાખવા અંગે આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૩ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં – ૧૪

==========================================================

**સંસ્થા હસ્તકની શાખા/ભવનો ને ચુકવેલ પેશગીઓ સરભર નહિ કરવા બાબત.**

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાએ નિભાવેલ અન્વેષણ સંસ્થાની વિવિધ શાખાઓ,સંસ્થા હસ્તકના ભવનો વગેરેને માતબર પ્રમાણમાં સમયાંતરે એડવાન્સની ચુકવણી કરેલ હોવાનું જણાઇ આવેલ હતું. એડવાન્સ ચુકવણાની સાથે સાથે નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ વસુલ તેમજ સરભર પણ કરવાના રહે છે. તપાસણી વર્ષના એડવાન્સ રજિસ્ટરની ચકાસણી કરેલ હતી.એડવાન્સ રજિસ્ટરની વિગતોની ખરાઇ કરતાં સંસ્થા દ્વારા ૩૧/૩/૧૫ ના રોજની સ્થિતિ નજરે જોતાં કુલ રૂા ૧૧,૪૩,૨૬,૬૮૫/-જેટલી માતબર રકમ સામેલ પરિશિષ્ટ-૦૧ અને ૦૨ માં દર્શાવ્યા મુજબ સરભર કરવાના બાકીમાં હોવાનું સ્પષ્ટ થયેલ હતું.જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૦૧) ગુજરાત નાણાંકીય નિયમો ૨૦૦૦ના નિયમ ૨૧૦ થી ૨૧૧માં થયેલ જોગવાઇ અનુસાર ચૂકવવામાં આવેલ એડવાન્સ (પેશગી) ના હિસાબો ત્રણ માસમાં તથા વધુમાં વધુ જે તે નાણાંકીય વર્ષના અંત સુધીમાં સરભર કરવાના રહે છે. તદનુસાર નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ સરભર નહીં કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૨૧૧ ની જોગવાઇ મુજબ એડવાન્સ તરીકે એબસ્ટ્રેક બિલોથી ઉપાડેલ નાણાંનુ ત્રણ માસમાં વિગતવાર બિલ તૈયાર કરી ચુકવણા અધિકારીશ્રીને મોકલી આપવાનુ રહે છે. તેથી ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંકના ધારા ધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સબંધિત /જવાબદાર થી વસુલ કરી નિયત સદરે જમા લેવાના રહે છે.તે મુજબ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતો ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી પૂર્ણ કરી આધારિત સ્પષ્ટતા /ખાતરી કરાવવી ઘટે.

(૦૩) ચુકવેલ પેશગીઓ નિયત સમયમર્યાદામાં વસુલ /સરભર કરવા અંગે ઉકત વિગતે જોગવાઇ થયેલ છે, પરંતુ સંસ્થાના એડવાન્સ રજિસ્ટરની વિગતો ધ્યાને લેતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા મુજબ કેટલાંક એડવાન્સ પાંચ વર્ષથી લઇ અઢાર વર્ષ સુધી સરભર કરવાનાં બાકીમાં હોવાનુ જણાઇ આવેલ છે. આટલા લાંબા સમય થી એડવાન્સ સરભર કરવાનાં બાકીમાં હોય તે અતિગંભીર બાબત ગણી શકાય. સંસ્થાના હિસાબી બાબતો સાથે સંકળાયેલા જવાબદાર અધિકારીશ્રીઓએ સદરહુ કામે પૂરતુ ધ્યાન કેન્દ્રીત નહીં કરેલ હોવાનું ઉકત વિગતો

પરથી સ્પષ્ટ થયેલ છે. સદરહુ બાબત પરત્વે સંસ્થાના ઉચ્ચ અધિકારીશ્રીઓનું આથી ધ્યાન દોરવામાં આવે છે. ગત અન્વેષણ અહેવાલોમાં પણ આ બાબતે યોગ્ય અનુરોધ કરવામાં આવેલ હોવા છતાં ધોરણસરની અમલવારી નહીં કરવા અંગે જવાબદારોથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સંસ્થાએ ચૂકવેલ એડવાન્સ ઘણા લાંબા સમયથી સરભર/વસુલાત નહી થવાના કારણે સંસ્થાને વ્યાજનુ આર્થિક નુકશાન થાય છે.તથા નાણાં બિનજરૂરી રોકાઇ રહે છે. વળી, એડવાન્સ ખર્ચ કરવા આપેલ હોઇ ખર્ચ થયેલ હોવા છતાં ખર્ચ ઓછો નોંધાય છે, અને પાકા સરવૈયામાં મિલકત વધુ આવે છે. તેથી સદરહુ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરી ચૂકવેલ એડવાન્સ સરભર કરવાં ઘટે.

(૦૫) સંસ્થાએ તેના નિયંત્રણ હેઠળના ભવનો/શાખાઓને ચૂકવેલ એડવાન્સ નું વિગતવાર મેળવણું કરી એડવાન્સ રજિસ્ટરના તમામ હિસાબો ક્ષતિરહિત હોવાના આધારોથી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૦૬) સંસ્થાએ નિભાવેલ એડવાન્સ રજિસ્ટરમાં સંસ્થાએ ચૂકવેલ પેશગીઓની નોંધોમાં સંસ્થાના સક્ષમ નાણાંકીય અધિકારીશ્રીની સહીઓ તેમજ સિક્કા થવા પામેલ ન હોઇ રજિસ્ટરમાં દર્શાવેલ હિસાબોના ખરાપણાની ખાતરી થઇ શકતી નથી તો એડ્વાન્સ રજિસ્ટરમાં દર્શાવેલ નોંધો હિસાબના મેળવણા સહિત પ્રમાણિત કરાવી ખાતરી કરાવવી ઘટે.

(૦૭) સંસ્થાએ નિભાવેલ એડવાન્સ રજિસ્ટર જીર્ણ હાલતમાં છે,રજિસ્ટરમાં કેટલાંક પાના રજિસ્ટરથી અલગ થઇ ગયેલ છે. તેથી ધોરણસરનું રજિસ્ટર નિભાવી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૪૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

# તા.૩૧/૩/૨૦૧૫ ના રોજ પેશગીની હિસાબો સરભર કરવાના બાકીમાં છે તેની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૦૧

| અનુ. ક્રમનં. | ખાતા વિભાગનુંનામ | લેજર કોડ | તા.31.3.2014 નારોજ સરભર કરવાની બાકી | વર્ષ દરમ્યાન આપેલપેશગી | કુલ પેશગીની રકમ | સને 2014-15 સરભરદરમ્યાનજમા કરેલ પેશગી | 31.03.2015ના અંતેસરભર કરવાની બાકી પેશગી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | USS ADV GENERAL | 9301002 | 5271147 | 1993310 | 7264457 | 5439191 | 1825266 |
| 2 | USG ADV GENERAL | 9302002 | 1387247 | 205140 | 1592387 | 790726 | 801661 |
| 3 | USG ADV BCJP | 9302003 | 199969 | 478500 | 678469 | 482087 | 196382 |
| 4 | USP ADV GENERAL | 9303002 | 1968582 | 1915100 | 3883682 | 1450659 | 2433023 |
| 5 | USP BED ADMISSION | 9303003 | 131676 | 50000 | 181676 | 100000 | 81676 |
| 6 | BOTANY DEP | 9304005 | 1040597 | 3072039 | 4112636 | 2139153 | 1973483 |
| 7 | CHEMISTRY DEPT | 9304006 | 8292088 | 3057323 | 11349411 | 3853234 | 7496177 |
| 8 | PHYSICS DEPT | 9304007 | 1744303 | 117500 | 1861803 | 223795 | 1638008 |
| 9 | ZOOLOGY DEPT | 9304009 | 365504 | 389272 | 754776 | 404272 | 350504 |
| 10 | MICROBIOLOGY | 9304010 | 811617 | 510442 | 1322059 | 330813 | 991246 |
| 11 | CENTRAL LABORAT | 9304011 | 72093 | 0 | 72093 | 0 | 72093 |
| 12 | STATISTICS DEPT | 9304014 | 535361 | 1318999 | 1854360 | 1027378 | 826982 |
| 13 | BIO/LIFE/SCI/ENVIRO | 9304016 | 3083834 | 6076000 | 9159834 | 5457959 | 3701875 |
| 14 | FORENSIC SCI | 9304017 | 32000 | 0 | 32000 | 0 | 32000 |
| 15 | USV ADV.GENERAL | 9305002 | 1026227 | 2334478 | 3360705 | 2230331 | 1130374 |
| 16 | BMS ADV STU.UNI | 9306001 | 90000 | 0 | 90000 | 0 | 90000 |
| 17 | K.S. School ADV | 9306002 | 159000 | 778432 | 937432 | 907186 | 30246 |
| 18 | BBA ADV | 9306003 | 6872821 | 1019499 | 7892320 | 654000 | 7238320 |
| 19 | USL ADV. GENERAL | 9307002 | 437523 | 558000 | 995523 | 389350 | 606173 |
| 20 | DPE INT. UNI SPORTS | 9309001 | 6207027 | 2087750 | 8294777 | 1267653 | 7027124 |
| 21 | DPEADV. INTRER GROUP | 9309002 | 1551367 | 0 | 1551367 | 0 | 1551367 |
| 22 | LOCAL SPORTS | 9309003 | 238596 | 0 | 238596 | 0 | 238596 |
| 23 | YOUTH WELFARE | 9309004 | 2445771 | 2221246 | 4667017 | 3380646 | 1286371 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 24 | ADULT EDU. ADV | 9310003 | 74549 | 0 | 74549 | 0 | 74549 |
| 25 | ADV. A/C ELECTION | 9311004 | 407721 | 0 | 407721 | 26135 | 381586 |
| 26 | SCARF/BADSE ADV | 9311009 | 109217 | 1050 | 110267 | 150 | 110117 |
| 27 | COMPUTER CENTER | 9311012 | 2734249 | 325935 | 3060184 | 218571 | 2841613 |
| 28 | STUDY ABROAD | 9311016 | 505620 | 200000 | 705620 | 200000 | 505620 |
| 29 | ADV. PERFORMING ARTS | 9311023 | 271640 | 26000 | 297640 | 61000 | 236640 |
| 30 | A/C ESTATE | 9313001 | 3696514 | 107600 | 3804114 | 139562 | 3664552 |
| 31 | H.K. CENTRE | 9316001 | 112758 | 0 | 112758 | 0 | 112758 |
| 32 | UNI. PRESS ADV. | 9317001 | 3562186 | 4000 | 3566186 | 5765 | 3560421 |
| 33 | LIBRARY ADV. | 9318001 | 309226 | 100000 | 409226 | 102500 | 306726 |
| 34 | LIB. SCI. ADV | 9318002 | 294075 | 232000 | 526075 | 11439 | 514636 |
| 35 | DEV. COMMU. ADV | 9319001 | 183563 | 435000 | 618563 | 515607 | 102956 |
| 36 | L.T.C ADV | 9320015 | 78096 | 0 | 78096 | 0 | 78096 |
| 37 | ACADAMIC STAFF COLLAGE | 9321000 | 24532038 | 2300000 | 26832038 | 18002203 | 8829835 |
| 38 | GANGA TRAVELS | 9326000 | 6493048 | 4006272 | 10499320 | 9270272 | 1229048 |
| 39 | MISC ADV. UNI.STAFF | 9311001 | 1011422 | 75000 | 1086422 | 50508 | 1035914 |
| 40 | MISC ADV. GENERAL | 9311003 | 25224720 | 30590335 | 55815055 | 28947307 | 26867748 |
| 41 | U P PUROHIT | 9323000 | 231700 | 0 | 231700 | 0 | 231700 |
| 42 | NSS ADV. TO UNI NSS DEP | 9310002 | 129065 | 0 | 124065 | 0 | 124065 |
| 43 | DUMMY NO WORK | 9311010 | 277845 | 0 | 277845 | 0 | 277845 |
| 44 | POLYVALENT CENTER | 9315001 | 55968 | 0 | 55968 | 0 | 55968 |
| 45 | HOSTEL ADV GEN. WOMEN | 9312002 | 67111 | 0 | 67111 | | |
| | તારીખના રોજ સરભર કરવાની બાકી પેશગી | **114326685** | | | | | |

## તા.૩૧/૩/૨૦૧૫ ના રોજ પેશગીની હિસાબો સરભર કરવાના બાકીમાં છે તેની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૦૨

| અનુ. ક્રમ નં. | ખાતા વિભાગનુંનામ | લેજર કોડ | તા.31.3.2012 નારોજ સરભર કરવાની બાકી | સને 2014-15 સરભરદરમ્યાન સરભર કરેલ પેશગી | વર્ષ દરમ્યાન આપેલપેશગી અને અગાઉની પેશગી | કઈ તારીખથી પેશગીસરભર કરવાની બાકી છે. | તા.31.3.2015 ના રોજ પેશગી સરભર કરવાની બાકી પેશગી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | CENTRAL LABORAT | 9304011 | 72093 | 7000 | 72093 | 1.4.09 | 72093 |
| 2 | LOCAL SPORTS | 9309003 | 238536 | | 238536 | 1.4.06 | 238536 |
| 3 | ADULT EDU. ADV | 9310003 | 69549 | | 74549 | 1.4.03 | 74549 |
| 4 | DUMMY NO WORK | 9311010 | 277845 | | 277845 | 1.4.96 | 277845 |
| 5 | POLYVALENT CENTER | 9315001 | 55968 | | 55968 | 1.4.07 | 55968 |
| 6 | L.T.C ADV | 9320015 | 78096 | | 78096 | 1.4.08 | 78096 |
| 7 | NSS ADV. TO UNI NSS DEP | 9310002 | | | 124065 | 1.4.09 | 124065 |
| | તારીખ-31.03.2015ના રોજ સરભર કરવાની બાકી પેશગી | 792087 | 7000 | 921152 | 0 | 921152 | |

ફકરા નં - ૧૫

---

## ડીપોઝીટ રજીસ્ટરની નિભાવણી કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવદનાં સને-૨૦૧૪/૧૫ નાં વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ રેકર્ડ આધારિત ચકાસણી કરતાં યુનિ.ના વાર્ષિક હિસાબ પાકા સરવૈયામાં કુલ રૂ! ૪૩,૫૭,૬૬,૫૫૩.૦૫/- જેટલી માતબર રકમ વણચુકવાયેલ ડીપોઝીટને જવાબદારી બાજુ દર્શાવેલ છે. સદરહુ વણચૂકવાયેલ અનામતો સંદર્ભમાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધઃ-</u>

(૦૧) ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૩૮ (૧ થી ૩) તથા નિયમ-૩૮૦ ના પેટા નિયમ ૦૧ની જોગવાઇ હેઠળ ખાતાકીય અધિકારીએ અનામતની ચુકવણી કરવા માટે જરૂરી હોય ત્યારે તેણે ગુજરાત તિજોરી નિયમ-ફોર્મ-૮૧ મુજબ બિલ તૈયાર કરી તેની સાથે ચલણથી સરકારી હિસાબનાં નાણાં જમા કર્યા હોય તે મૂળ ચલણ સામેલ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે,તેમજ ડીપોઝીટની ચુકવણી સમયે મૂળ જમા રકમ સાથે ચુકવણાંની નોંધ કરવાની રહે છે કે જેથી ફરીથી ડીપોઝીટનાં ચુકવણા થવાની શકયતા રહે નહી. મુંબઇ તિજોરી નિયમો ૧૯૬૦ નાં નિયમ-૬૧ મુજબ અરજદારને ડીપોઝીટ પરત ચુકવણી વખતે મુળ પહોંચ મેળવી, પહોંચ ઉપર સક્ષમ અધિકારી દ્વારા જરૂરી નોંધ કરી રદ કરવાની જોગવાઇ છે. જે જોગવાઇ મુજબની કાર્યવાહી ન કરવા સ્પષ્ટતા થવી ઘટે..

(૦૩) વધુમાં ડીપોઝીટ જમા થયા પછી પુરા ત્રણ નાણાંકીય વર્ષના અંતે વણચુકવાયેલી રકમ જપ્ત (લેપ્સ ડીપોઝીટ) તરીકે સંસ્થાની આવક તરીકે લઇ જવાની રહે છે.

(૦૪) વધુમાં યુનિવર્સિટી દ્વારા કોલેજોના જોડાણ સમય સેલ્ફ ફાઇનાન્સ કોલેજો પાસેથી ખરીદી / બાંધકામના કાર્યો સમયે અર્નેસ્ટ મની અને સીકયોરીટી ડીપોઝીટ લેવામાં આવે છે. આવી જુદા જુદા પ્રકારની ડીપોઝીટ માટે ડીપોઝીટ રજીસ્ટર રાખવું અત્યંત આવશ્યક છે. રજીસ્ટર નિભાવેલ હોય તો રજુ કરવા જણાયેલ હતું પરંતુ ઓડીટ દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી.

સંસ્થાએ પ્રા. વા. નં. ૪૫ નો જવાબ કરેલ નથી.

ફકરા નં – ૧૬

==========================================================================

## સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ના હિસાબોની તપાસણી દરમ્યાન યુનિવર્સિટીએ તેના હસ્તકનાં ભવનોમાં તદ્દન કામચલાઉ / હંગામી ધોરણે વર્ગ-૪ તથા વર્ગ-૩ સંવર્ગમાં નિમણૂકો આપી તેમના મહેનતાણા પેટે વર્ષ દરમ્યાન આ સામેલ પરિશિષ્ટ-૩ની વિગતે કુલ રૂ! ૫૦,૮૮,૬૩૪/- નો ખર્ચ કરેલ હોવાનુ ધ્યાને આવેલ હતું. સદરહુ નિમણૂક તથા કરેલ ખર્ચ બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટ નોંધ :-</u>

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્માંક/ગજપ/૧૦૯૩/૭૨૪-ખ તા.૨૨/૩/૧૯૯૫ ની જોગવાઇ મુજબ તા.૨૯/૧/૧૯૮૩ બાદ યુનિવર્સિટી બિનશૈક્ષણિક સ્ટાફની કાયમી, હંગામી, કામચલાઉ, પાર્ટ ટાઇમ તેમજ દૈનિક રોજમદાર ની નિમણૂક/ભરતી સરકારશ્રીની પૂર્વમંજુરી વિના નહી કરવાનું ઠરાવવામાં આવેલ છે.આમછતાં આવી નિમણૂક કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી યુનિવર્સિટીની રહેશે,તેમ સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવેલ છે,તેમછતાં યુનિવર્સિટી તેમજ તે સંલગ્ન ભવનોમાં સામેલ પરિશિષ્ટ-૩ની વિગતે હંગામી નિમણૂકો થકી કુલ રૂા ૫૦,૮૮,૬૩૪/- નો ખર્ચ કરવામાં આવેલ હોવાનુ ઉપરોકત વિગતો પરથી સ્પષ્ટ થાય છે.ઉપરોકત ભવનો તથા યુનિવર્સિટી ખાતે હંગામી નિમણૂકો કોની મંજુરીથી કરવામાં આવેલ છે?સદરહુ નિમણૂક માટે નિયત ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી કે કેમ? નિમણૂક/ભરતીની મંજુરી અંગેના સરકારશ્રીની મંજુરીના આદેશો/આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વિગતે આધાર સહ સ્પષ્ટતા સહ ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂા ૫૦,૮૮,૬૩૪/-આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૫૦ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ કુલ રૂ! ૫૦,૮૮,૬૩૪/-

## યુનિવર્સિટી હસ્તકનાં વિવિધ ભવનોમાં મંજૂરી વિના કરેલ નિમણૂંક થકી થયેલ પગારભથ્થાં પેટે થયેલ ખર્ચની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૩

| અ.નં. | વિદ્યાશાખા / ભવનનું નામ | નિમણૂંકની વિગત | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | તદ્દન હંગામી | ૩ |
| ૧ | યુનિવર્સિટી છાત્રાલયો | તદ્દન હંગામી | ૩,૬૭,૨૬૯/- |
| ૨ | યુનિવર્સિટી મુદ્રણાલય | તદ્દન હંગામી | ૮૫,૯૪૩/- |
| ૩ | ગ્રંથાલય (લાયબ્રેરી) | તદ્દન હંગામી | ૭,૦૧,૪૦૧/- |
| ૪ | સમાજવિદ્યા ભવન | તદ્દન હંગામી | ૨,૭૯,૬૭૭/- |
| ૫ | ભાષા સાહિત્ય ભવન | તદ્દન હંગામી | ૨,૯૯,૮૧૭/- |
| ૬ | મનોવિજ્ઞાન / તત્વગજ્ઞાન / શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન | તદ્દન હંગામી | ૧,૮૧,૯૨૦/- |
| ૭ | વિજ્ઞાન વિદ્યાભવન | તદ્દન હંગામી | ૮,૯૬,૩૬૦/- |
| ૮ | વાણિજ્ય વિદ્યાભવન | તદ્દન હંગામી | ૯૦,૯૪૬/- |
| ૯ | સ્કૂલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ | તદ્દન હંગામી | ૨,૫૧,૭૫૨/- |
| ૧૦ | કાયદાશાસ્ત્ર ભવન | તદ્દન હંગામી | ૨૮,૧૩૦/- |
| ૧૧ | કોમ્પ્યુટર સેન્ટર ભવન | તદ્દન હંગામી | ૧૭,૮૨,૦૮૯/- |
| ૧૨ | એચ. કે. પ્રોફે. તાલીમ સેન્ટર | તદ્દન હંગામી | ૫૦,૬૯૩/- |
| ૧૩ | પત્રકારત્વ વિભાગ | તદ્દન હંગામી | ૭૨,૬૩૭/- |
| | કુલ ખર્ચ | | ૫૦,૮૮,૬૩૪/- |

ફકરા નં -૧૭

યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકો/સરકારી સાહસોમાં મૂકવામાં આવતી ટૂંકી/લાંબી મુદતની થાપણો તથા તેના વ્યાજના હિસાબો નહીં નિભાવવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં સામેલ પરિશિષ્ટ-૪ માં જુદી જુદી બેંકોમાં મૂકેલ થાપણો પેટે કુલ રૂ ૨૩૫,૬૪,૮૫,૯૩૮=૭૭ ઉધાર બાજુએ તથા જમા બાજુએ વ્યાજ પેટે કુલ રૂ ૧૬,૨૨,૬૧,૧૦૬=૨૯ દર્શાવવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ હતું. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

ઓડીટનોંધ:-

(૧) યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકોમાં મૂકવામાં આવેલ થાપણોનું વ્યાજ વાર્ષિક હિસાબોમાં સામેલ પરિશિષ્ટ-કે માં જમા બાજુએ દર્શાવેલ છે. પરંતુ સદરહુ વ્યાજ કઇ કઇ બેંકોમાં ક્યારથી મૂકેલ થાપણો દ્વારા પ્રાપ્ત થયેલ છે? થાપણો ઉપર કેટલા દરે વ્યાજ મળવાપાત્ર છે? થાપણોની મુદત કેટલા સમય માટેની છે? આવી સઘળી બાબતોની સ્પષ્ટતા થઇ શકે તેવું સાધનિક રેકર્ડ/રજિસ્ટર સંસ્થા દ્વારા નિભાવી અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ સામેલ પરિશિષ્ટ-૪ માં દર્શાવેલ રકમનાં ખરાપણાની યથાર્થતા ચકાસી શકાઇ નથી. જે અંગે જવાબદારે સ્પષ્ટતા કરી સંપૂર્ણ અને સ્પષ્ટ વિગતો દર્શાવતું રજિસ્ટર નિભાવી ઉક્ત હિસાબોના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

(૨) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૪/૧૫ ના અન્વેષણ પ્રારંભે સંસ્થાની બાંધી મુદતની થાપણોની ભૌતિક ચકાસણી કરતાં સંસ્થા પાસે તા. ૨/૮/૨૦૧૮ ના રોજ કુલ રૂ ૨૫૮,૨૫,૪૦,૩૦૫/૦૦ ની થાપણો વિવિધ બેંકોમાં મૂકવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ હતું. પરંતુ સદરહુ થાપણો ઉપર કઇ કઇ બેંકો દ્વારા ક્યા ક્યા સમયગાળા માટે કેટલા દરે વ્યાજ મળવા પામેલ છે તેની કોઇ વિગતો થાપણ રજિસ્ટરોમાં દર્શાવવામાં આવતી ન હોઇ સંસ્થાએ મૂકેલ થાપણો ઉપરના વ્યાજની રકમના ખરાપણાની ખાતરી અન્વેષણથી થઇ શકેલ નથી તો સદરહુ થાપણો તથા તેના ઉપર મળવાપાત્ર વ્યાજની સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી થાપણો તથા વ્યાજના હિસાબોનાં અદ્યતન રજિસ્ટર નિભાવી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(3) સંસ્થાની ઉપરોક્ત થાપણોને સંસ્થાના વાર્ષિક હિસાબોમાં "બીજા ફંડ" સદરો હેઠળ દર્શાવવામાં આવે છે, જે હિસાબી દ્રષ્ટિએ જોતાં તર્કસંગત જણાતી નથી. સદરહુ થાપણોને "બીજા ફંડ" સદર હેઠળ

દર્શાવવાથી સંસ્થાના હિસાબોમાં પ્રથમ પાન ના આવક/ખર્ચના મુખ્ય હિસાબોમાં તેનો સમાવેશ થતો નથી. તેથી સંસ્થા પાસે મોટી રકમની થાપણો હોવા છતાં સંસ્થાની આર્થિક સધ્ધરતા જણાઇ આવતી નથી. તેથી સદરહુ થાપણો તથા તેના ઉપર મળતા વ્યાજની રકમોને વાર્ષિક હિસાબોના પ્રથમ પાન ઉપર દર્શાવી વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે તેવો ઓડીટ અનુરોધ છે.

ઉપરોક્ત મુદાઓની જવાબદારથી આધારિત સ્પષ્ટતા સહ ખાતરી કરાવતાં સુધી સંસ્થાની દર્શાવેલ તથા વ્યાજની રકમ કુલ રૂ! ૨૫૧,૮૭,૪૭,૦૪૫=૦૬/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ મુદ્દલ+ વ્યાજ કુલ રૂ! ૨૫૧,૮૭,૪૭,૦૪૫=૦૬

સંસ્થાએ પ્રા. વા. નં. ૫૧ નો જવાબ કરેલ નથી.

## ટૂંકી મુદ્દતની ડીપોઝીટની વિગત દર્શાવતુ પરિશિષ્ટ - ૪

| ક્રમ | રોકડઅને બીજી પુરાંતો | ઉધાર | જમા |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા | - | ૧૫,૦૯,૪૮૪.૦૦ |
| ૨ | બેંક ઓફ ઇન્ડીયા | ૧૫,૦૦૦.૦૦ | - |
| ૩ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા યુનિ. બ્રાંચ | ૭,૨૮,૯૭,૦૨૮.૧૫ | - |
| ૪ | ઇન્ડીયન બેંક | ૧૨,૩૯,૨૭,૪૦૯.૦૦ | - |
| ૫ | દેના બેંક | ૧૯,૫૩,૦૨૯.૬૦ | - |
| ૬ | સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા | ૭૧,૮૫,૭૫૮.૦૦ | - |
| ૭ | યુનિયન બેંક ઓફ ઇન્ડીયા | ૨,૬૭,૨૦,૫૨૨.૦૦ | - |
| ૮ | ઇ.આર.ડી.એફ, એસ.બી.આઇ | ૩,૮૭,૫૨,૨૧૮.૦૦ | - |
| ૯ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા નરોડા બ્રાન્ચ | ૨,૨૩,૧૪૪.૦૦ | - |
| ૧૦ | A D C બેંક નરોડા બ્રાંચ | ૩,૭૦,૮૧૨.૦૦ | - |
| ૧૧ | આંન્ધ્ર બેંક | ૯,૫૦,૭૯,૮૭૩.૦૦ | - |
| ૧૨ | અલ્હાબાદ બેંક | ૪,૦૯,૦૬,૫૧૪.૦૦ | - |
| ૧૩ | કોલેજોની ફિક્સ ડીપોઝીટ પર વ્યાજ | - | ૧૬,૦૭,૫૧,૬૨૨.૨૯ |
| ૧૪ | બેંક ઓફ મહારાષ્ટ્ર | ૩૮,૩૧,૨૪૪.૦૦ | - |
| ૧૫ | યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડીયા | ૨,૪૪,૫૪,૦૭૬.૦૦ | - |
| ૧૬ | બેંક ઓફ મહારાષ્ટ્ર | ૩,૪૪,૪૯,૫૬૬.૦૦ | - |
| ૧૭ | બેંક ઓફ બરોડા | ૧૨,૩૪,૧૧૮.૦૦ | - |
| ૧૮ | વિજ્યા બેંક | ૬,૭૬,૬૩,૭૦૫.૦૦ | - |
| ૧૯ | પંજાબ સિંધ બેંક F D | - | - |
| ૨૦ | GSFS F.D | ૭૧,૯૭,૦૭,૪૮૬.૮૦ | - |
| | કુલ | ૧૨૫,૯૩,૭૧,૫૦૩.૫૫ | ૧૬,૨૨,૬૧,૧૦૬.૨૯ |
| ૧ | ટૂંકી મુદ્દતની ડીપોઝીટ | ૧૦૯,૭૧,૧૦,૩૯૭.૨૬ | - |
| ૨ | પોસ્ટ ઓફિસ એકાઉન્ટ નવરંગપુરા | ૪,૦૩૭.૯૬ | - |
| | કુલ રકમ રૂ। | ૨૩૫,૬૪,૮૫,૯૩૮.૭૭ | ૧૬,૨૨,૬૧,૧૦૬.૨૯ |

ફકરા નં - ૧૮

સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ/વસુલાત ન કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના નાણાંકીય વર્ષ-૨૦૧૪/૧૫ ના ઓડીટ દરમ્યાન લેજરની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ સરકારી/અર્ધસરકારી સંસ્થાઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કામગીરી માટે એડવાન્સ રકમ ચુકવી/હવાલે મૂકવામાં આવેલ છે.જે નાણાંકીય વર્ષના અંત સુધી પણ વસૂલ થયેલ નથી કે સરભર થયેલ નથી.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૦૧) રાજય સરકારના PWD ડિપાર્ટમેન્ટને તારીખ.૧/૪/૦૫ થી આપેલ એડવાન્સ કુલ રૂ! ૪૨,૪૧,૬૬૩/- બાકી ખેંચાય છે.આ સદરહું રકમ કઇ કામગીરી માટે એડવાન્સ આપેલ છે.તેની વિગતો રજુ થવા તથા સદરહુ નાણા સાત વર્ષ જેટલા લાંબા સમયથી બાકી ખેંચાતી હોવાછતાં વસુલ ન કરવા/એડજસ્ટ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.અથવા જો આ અંગે કોઇ કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો રજૂ થવી ઘટે.

(૦૨) N.T.C.(9313035) ને આપેલ એડવાન્સ રૂપિયા ૧,૪૫,૦૬૮/- તારીખ.૧/૪/૦૭ થી બાકી ખેંચાય છે.તો કયા હેતુ થી આ રકમ ચૂકવવામાં આવેલ છે.તથા સદરહુ રકમ વસુલ કરવા/એડજસ્ટ કરવા થયેલ કાર્યવાહીની વિગતો ઓડીટમાં રજુ થવી ઘટે.

(૦૩) પોલીવેલન્ટ સેન્ટરને (૯૩૧૫૦૦૧) રૂપિયા ૫૫,૯૬૮/- તારીખ.૧/૪/૦૭ થી ચૂકવેલ બાકી ખેચાય છે. આ કેન્દ્રને કઇ કામગીરી સબબ એડવાન્સ ચૂકવેલ છે.તેની વિગતો રજુ થવા તથા પાંચ વર્ષના લાંબા ગાળા દરમિયાન સબબ રકમ એડજસ્ટ કરવા કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

(૦૪) સીવીલ સપ્લાય કોર્પોરેશનને (૯૩૧૩૦૩૨) તારીખ.૧/૪/૮૮ થી ચૂકવેલ રૂપિયા ૧,૮૩,૭૩૫/- નાણાંકીય વર્ષ પૂર્ણ થતાં સુધી બાકી ખેંચાય છે.તો સદરહું રકમ કઇ બાબતે ચૂકવેલ છે અને આટલા લાંબા સમય સુધી રકમ વસુલ/એડજસ્ટ કરવા તેમજ સદરહું રકમ વસુલ/એડજસ્ટ કરવાના પ્રયત્નોની વિગતો રજુ થવી ઘટે.તેમજ સદરહું રકમ વસુલ/એડજસ્ટ કરી આધાર સહ ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત દર્શાવ્યા મુજબની વિગતો રજુ થવા તથા એડવાન્સ ચૂકવાએલ રકમ કુલ રૂ! ૪૬,૨૬,૪૩૪/- વસુલ કરી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૫૨ નો જવાબ કરેલ નથી.

વસુલાત ની વિગત.

| | | |
|---|---|---|
| (૧) | P.W.D | રૂ! ૪૨,૪૧,૬૬૩/- |
| (૨) | N.T.C. | રૂ! ૧,૪૫,૦૬૮/- |
| (3) | Polyvalant | રૂ! ૫૫,૯૬૮/- |
| (૪) | C.S.C. | રૂ! ૧,૮૩,૭૩૫/- |
| | કુલ | રૂ! ૪૬,૨૬,૪૩૪/- |

ફકરા નં - ૧૯

==========

ખાનગી પેઢીઓને ઑન એકાઉન્ટ ચૂકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા લાંબા સમયથી બાકી રહેલ રકમો એડજસ્ટ/વસુલ ન કરવા બાબત.

==========

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેજર એકાઉન્ટ રજિસ્ટરોની ચકાસણી કરવામાં આવતાં જણાયેલ છે કે યુનિવર્સિટી દ્વારા જુદી જુદી વેપારી એજન્સીઓને સાધન સામગ્રીની ખરીદી પેટે તેમજ કોઇ સેવા પૂરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ ઑન એકાઉન્ટ ચુકવણું કરવામાં આવે છે.પરંતુ આ પ્રકારે આપેલ રકમોના હિસાબો જે તે નાણાંકીય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી.આ સાથે સામેલ પરિશિષ્ટ-૦૫ માં દર્શાવેલ રકમો જે તા.૧/૪/૮૮ થી તા.૩૧/૩/૧૪ સુધીમાં ચૂકવેલ છે, પરંતુ તે વર્ષાન્તે સરભર કરવામાં આવેલ નથી. વધુમાં સામેલ પરિશિષ્ટ-૫ માં દર્શાવેલ વેપારી પેઢી/એજન્સીઓ પાસેથી કેટલાક કિસ્સાઓમાં રૂા ૨૫/- લાખથી પણ વધુ રકમ સરભર કરવાના બાકીમાં જણાઇ આવેલ છે.તો આટલા લાંબા સમય બાદ પણ આટલી માતબર રકમો વસુલ/સરભર નહીં કરવા અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૧) ઉપરોકત વેપારી એજન્સીઓ પાસેથી સદરહુ રકમ વસુલ/સરભર કરવા અંગે સંસ્થાએ કરેલ કાર્યવાહી/પત્રવ્યવહાર સંબંધી દસ્તાવેજો અન્વેષણની ચકાસણી અર્થે રજુ થવા ઘટે.

(૨) વેપારી એજન્સીઓ પાસેથી માલસામાન કે કોઇપણ પ્રકારની સેવા મેળવ્યા સિવાય તેમજ એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય ઓન એકાઉન્ટ ચુકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(3) ખરીદ પધ્ધતિ મુજબ કોઇપણ વેપારી એજન્સી/પેઢી પાસેથી માલસામાન ખરીદી અંગેના કે તેની પાસેથી લીધેલ કોઇપણ પ્રકારની સેવાના બિલો રજુ થયા બાદ જ જે તે સદરે ખર્ચ પાડી ચુકવણું કરવાનું રહે છે.ખાસ જોગવાઇના આધારે કે પેઢી સાથે કરાર કરવામાં આવેલ હોય તો પણ નાણાંકીય નિયમોને આધીન એડવાન્સ રકમ ચૂકવી શકાય નહીં, આમ છતાં કોઇ સંજોગોમાં એડવાન્સ રકમ ચૂકવ્યા સિવાય ખરીદી કે સેવા શકય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી એડવાન્સ સદરે ઉધારી (પાકા સદરે ખર્ચ પડે નહિ) જયારે જયારે તે અંગેના બિલો રજુ કરવામાં આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમમાંથી સરભર કરવાની રહે છે,જે પ્રથાનુ સંસ્થા ખાતે પાલન થતું નથી,અને ઓન એકાઉન્ટ રકમ આપવાના કારણે ગંભીર નાણાંકીય ગેરરીતિ થવાની પૂરેપૂરી સંભાવના રહેલ છે, તો

આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે સંસ્થાએ લીધેલ પગલાની અન્વેષણને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબ વર્ષના અંતે કુલ રૂ! ૧૮,૧૪,૪૬,૯૯૧/- વસુલ કરવાના બાકી છે,ખરેખર સદરહુ રકમ ખર્ચ કરવા આપેલ છે,અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાંકીય વર્ષમાં સરભર કરવાની બાકી છે અને તેથી તેટલા અંશે ખર્ચ પણ ઓછો નોંધાયેલ ગણાય. આમ, ઉપર દર્શાવ્યા મુજબ નાણાંકીય વર્ષના અંતે રૂ! ૧૮,૧૪,૪૬,૯૯૧/- ચૂકવેલ / એડવાન્સ / ઓન એકાઉન્ટ રકમ સરભર / વસુલ કરવાના રહે.આ રકમો પૈકી વસુલ કરવાપાત્ર રકમ વર્તમાન ૮% દરે વ્યાજ રૂ! ૧૨૦૯૬૪૭/- સહિત સંબંધિતથી/જવાબદારથી વસુલ થવી ઘટે.તેમજ આ રકમો એડવાન્સ તરીકે ચૂકવ્યા બાદ સમયસર એડજસ્ટ/વસુલ ન કરવા સબબ સંબંધિત વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા ઓડીટ સૂચન છે.તદનુસાર કરેલ કાર્યવાહીના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે. અગાઉના અન્વેષણ અહેવાલ વર્ષ ૨૦૦૮/૦૯માં ફકરા નં. ૩૪, ૨૦૦૯/૧૦માં ફકરા નં. ૨૫, ૨૦૧૧/૧૨માં ફકરા નં. ૨૯, ૨૦૧૨/૧૩માં ફકરા નં. ૫૧ તથા ૨૦૧૩/૧૪માં ફકરા નં. ૬/૨થી સદરહુ બાબતે સંસ્થાનું ધ્યાન દોરવા છતાં સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચૂકવેલ રકમો એડજસ્ટ/વસુલ કરવામાં કોઇ નોંધપાત્ર પ્રગતિ થવા પામેલ નથી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

જવાબદારથી આધારિત સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ કુલ રૂ! ૧૮,૧૪,૪૬,૬૯૧/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૫૭ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૧૮,૧૪,૪૬,૬૯૧/-
વસુલાતપાત્ર વ્યાજ રૂ! ૧૨,૦૯,૬૪૭/-

## પરિશિષ્ટ-૦૫

### ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન એકાઉન્ટની વિગત દર્શાવતું પત્રક.

| અનં. | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચનો કોડ નંબર | ઓન એકાઉન્ટની બાકી રકમ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૩૧-૦૩-૧૫ | ૩૧-૦૩-૧૭ | વિશેષનોંધ |
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 1 | એમ.એસ.સ્નેહલ કન્સ્ટ | 26-03-12 | 9351069 | 49721740 | માહિતી રજુ થયેલ નથી | - |
| 2 | ફેનીક ઇન્ફ્રા | 01-04-10 | 9351077 | 16254897 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 3 | એમ.એસ.વર્ધમાન પ્રિ.પ્રા. | 01-04-08 | 9351059 | 15769296 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 4 | એમ.એસ.હર્ષદ શાહ | 18-11-11 | 9351066 | 13840298 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 5 | પેક્ષા એસોસીએટ | 29-03-12 | 9351083 | 9466817 | માહિતી રજુ થયેલ નથી | - |
| 6 | હર્ષદ શાહ એન્ડ કુ. | 01-04-07 | 9351040 | 8684127 | માહિતી રજુ થયેલ નથી | - |
| 7 | યુ.એસ.સી.એડ. કેમેસ્ટ્રી | 01-04-10 | 9304006 | 8292088 | માહિતી રજુ થયેલ નથી | - |
| 8 | જે..કે.એન્જી | 01-04-06 | 9351048 | 7650697 | માહિતી રજુ થયેલ નથી | - |
| 9 | બી.બી.એ.એડ | 01-04-09 | 9306003 | 6872821 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 10 | જય વિજય કન્સ્ટ | 01-04-06 | 9351044 | 5716871 | માહિતી રજુ થયેલ નથી | - |
| 11 | એમ.એસ.પટેલ બ્રધર્સ | 31-03-12 | 9351061 | 4304093 | માહિતી રજુ થયેલ નથી | - |
| 12 | સોમ ઇલેકટ્રોનિકસ | 01-04-06 | 9351046 | 4076963 | માહિતી રજુ થયેલ નથી | - |
| 13 | સી.પ્રેસ | 01-04-08 | 9351016 | 3756200 | માહિતી રજુ થયેલ નથી | - |
| 14 | ઉદય બીલ્ડ પ્રા.લી. | 01-04-10 | 9351041 | 2386113 | માહિતી રજુ થયેલ નથી | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 15 | શ્રી ઇન્ફાકોન પ્રો.લી. | 31-03-12 | 9351075 | 2219518 | માહિતી રજુ થયેલ નથી | - |
| 16 | એમ.એસ.જય વિજય કન્સ્ટ | 01-04-07 | 9351052 | 1913099 | માહિતી રજુ થયેલ નથી | - |
| 17 | એમ.એસ.સુઝુકી ઇન્ટીરીયમ | 01-04-08 | 9351055 | 1773149 | માહિતી રજુ થયેલ નથી | - |
| 18 | યુ.એસ.સી.એડ.ફીઝીકસ | 01-04-10 | 9304007 | 1744303 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 19 | અનીલ પ્રિંટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 1231370 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 20 | એમ.એસ.રોલર કન્સ્ટ | 11-08-11 | 9351067 | 1072293 | માહિતી રજુ થયેલ નથી | - |
| 21 | રોલર સેન્ટર | 11-08-11 | 9351067 | 1072293 | માહિતી રજુ થયેલ નથી | - |
| 22 | સમવીત બીલ્ડ કેર | 06-08-11 | 9351060 | 1045067 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 23 | યુ.એસ.સી.એડ.બોટની ડિપા. | 01-04-10 | 9304005 | 1040597 | માહિતી રજુ થયેલ નથી | - |
| 24 | એમ.એસ.પટેલ ફાઉન્ડેશન | 01-04-08 | 9351058 | 910123 | માહિતી રજુ થયેલ નથી | - |
| 25 | કોમ્પ્લાસ્ટ કોર્પોરેશન | 01-04-10 | 9351074 | 862373 | માહિતી રજુ થયેલ નથી | - |
| 26 | કોમ્બાસ્ટ કોર્પો. | 31-03-12 | 9351074 | 862373 | માહિતી રજુ થયેલ નથી | - |
| 27 | એમ.એસ.વોલ્ટસ લી. | 13-02-12 | 9351063 | 815340 | માહિતી રજુ થયેલ નથી | - |
| 28 | યુ.એસ.સી.એડ.માઇક્રોબાયોલોજી | 01-04-10 | 9304010 | 811617 | માહિતી રજુ થયેલ નથી | - |
| 29 | ઇરીડીયમ ટેકનોલોજીસ | 17-05-11 | 9351072 | 742612 | માહિતી રજુ થયેલ નથી | - |
| 30 | શ્રી ચીતરા જુથ પ્રા | 14-03-12 | 9351065 | 721755 | માહિતી રજુ થયેલ નથી | - |
| 31 | કેકપુર | 01-04-06 | 9331202 | 621643 | માહિતી રજુ થયેલ નથી | - |
| 32 | નિશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 500000 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 33 | સીવીક ઓરગેનીકસ | 01-04-10 | 9351057 | 371911 | માહિતી રજુ થયેલ નથી | - |
| 34 | સીવીલ ઓરગાનીસર | 18-10-11 | 9351057 | 371911 | માહિતી રજુ થયેલ નથી | - |
| 35 | યુ.એસ.સી.એડ.ઝુલોજી | 01-04-10 | 9304009 | 365504 | માહિતી રજુ થયેલ નથી | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 36 | ડમી નો વર્ક | 01-04-96 | 9311010 | 277845 | માહિતી રજુ થયેલ નથી | - |
| 37 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351039 | 254001 | માહિતી રજુ થયેલ નથી | - |
| 38 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351050 | 251000 | માહિતી રજુ થયેલ નથી | - |
| 39 | ડી.પી.ઇ.એડ.લોકલ સ્પોર્ટસ | 01-04-06 | 9309003 | 238536 | માહિતી રજુ થયેલ નથી | - |
| 40 | એમ.એસ.જે.સી.બિલ્ડર્સ | 27-08-11 | 9351062 | 229420 | માહિતી રજુ થયેલ નથી | - |
| 41 | ડેસ્ટીની ઝોન સિકયુરીટી | 18-10-11 | 9351086 | 190767 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 42 | કોમ્ફાય ફર્નિચર સેન્ટર | 31-03-12 | 9351084 | 183887 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 43 | હેમંત કે.શાહ | 06-01-12 | 9351064 | 165006 | માહિતી રજુ થયેલ નથી | - |
| 44 | વીપુલ પંડયા | 31-03-12 | 9351079 | 152505 | માહિતી રજુ થયેલ નથી | - |
| 45 | બ્યુસ્ટાર લિ. | 31-03-12 | 9351078 | 149370 | માહિતી રજુ થયેલ નથી | - |
| 46 | સી.એમ.સી.લી. | 01-04-92 | 9331210 | 132132 | માહિતી રજુ થયેલ નથી | - |
| 47 | વિનય કન્સ્ટ | 01-04-08 | 9351037 | 119997 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 48 | ગુજરાત કન્સ્ટ | 01-04-09 | 9351038 | 119997 | માહિતી રજુ થયેલ નથી | - |
| 49 | ડીજીટલ એન્જી.પ્રો.પ્રા. | 01-04-08 | 9351047 | 112416 | માહિતી રજુ થયેલ નથી | - |
| 50 | અંદીતી એરકંડીશનીંગ | 13-02-12 | 9351092 | 98369 | માહિતી રજુ થયેલ નથી | - |
| 51 | એલ.ટી.સી.એડ જી.પી.એફ.સ્ટાફ | 01-04-88 | 9320015 | 78097 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 52 | એસ.એલ.લોન એ/સી સ્ટાફ જી.એફ. | 01-04-03 | 9320014 | 77759 | માહિતી રજુ થયેલ નથી | - |
| 53 | એડલ્ટ એજયુકેશન | 01-04-03 | 9310003 | 74550 | માહિતી રજુ થયેલ નથી | - |
| 54 | યુ.એસ.સી.સેન્ટ્રલ લેબ | 01-04-09 | 9304011 | 72093 | માહિતી રજુ થયેલ નથી | - |
| 55 | એમ.એસ.મનીયાર એસો | 01-04-09 | 9351068 | 67547 | માહિતી રજુ થયેલ નથી. | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 56 | રવિ એન્જી | 01-04-04 | 9351029 | 66253 | માહિતી રજુ થયેલ નથી | - |
| 57 | એડ.એ.સી.એફ.વાય.બી.કોમ એડમી | 01-04-06 | 9322000 | 63000 | માહિતી રજુ થયેલ નથી | - |
| 58 | યુ.એસ.સી.એડ.જીઓગ્રાફી | 01-04-10 | 9304012 | 59824 | માહિતી રજુ થયેલ નથી | - |
| 59 | હરવાની કન્સ્ટ | 01-04-06 | 9351045 | 55055 | માહિતી રજુ થયેલ નથી | - |
| 60 | પટેલ એન્જી | 01-04-04 | 9351030 | 48461 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 61 | આર.ઓ.બી.(વોટર સપ્લાય) | 01-04-95 | 9321010 | 48000 | માહિતી રજુ થયેલ નથી | - |
| 62 | ફેરવે માર્કેટીંગ | 25-07-11 | 9351087 | 41298 | માહિતી રજુ થયેલ નથી | - |
| 63 | નવકાર કેમીકલ્સ | 05-10-11 | 9351088 | 38948 | માહિતી રજુ થયેલ નથી | - |
| 64 | હર્ષા કન્સ્ટ | 01-04-04 | 9351036 | 33318 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 65 | એડ.ફોરેન્સીક સાયાન્સ | 01-04-10 | 9304017 | 32000 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 66 | યુ.એસ.વી.પી.જી.ડી.ઇ.એ.એડવાન્સ | 01-04-06 | 9305003 | 28205 | માહિતી રજુ થયેલ નથી | - |
| 67 | એલ.ટી.સી.એડ પેસ | 01-04-01 | 9320008 | 25463 | માહિતી રજુ થયેલ નથી | - |
| | | | Total Rs. | 181446991 | | - |

ફકરા નં - ૨૦

================================================================

"અન ઓપરેટીવ ખાતા" બંધ નહિ કરાવવા બાબત.

================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેજરબુકોની ચકાસણી દરમ્યાન નીચે દર્શાવેલ બેંક ખાતાઓ ઘણા વર્ષોથી અન ઓપરેટીવ હોવાનુ ધ્યાને આવેલ હતું.

| અ.નં | લેજર કોડ નંબર | બેંકનુ નામ | કઇ તારીખથી ખાતુ નિષ્ક્રિય છે? | જમા સિલક રૂ! |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૯૪૦૫૦૦૫ | બેંક ઓફ બરોડા | તા.૧/૪/૧૯૮૬ | ૪૮૩.૦૦ |
| ૨ | ૯૪૦૫૦૦૬ | પોસ્ટ ઓફીસ | તા.૧/૪/૨૦૦૬ | ૪,૦૩૭.૯૬ |
| ૩ | ૯૪૦૫૦૦૩ | એસ.બી.આઇ | તા.૧/૪/૨૦૦૬ | ૪,૬૯૯.૩૪ |
| ૪ | ૯૪૦૫૦૧૬ | બેંક ઓફ ઇન્ડિયા | તા.૧/૪/૨૦૦૪ | ૧૦,૦૦૦.૦૦ |
| ૫ | ૯૪૦૬૦૧૮ | એસ.બી.આઇ,નરોડા | તા.૧/૪/૨૦૦૫ | ૨,૨૩,૧૪૪.૦૦ |
| ૬ | ૯૪૦૬૦૧૯ | એ.ડી.સી. બેંક, નરોડા | તા.૧/૪/૨૦૦૫ | ૩,૭૦,૮૧૨.૦૦ |
| ૭ | ૯૪૦૬૦૨૨ | એસ.બી.એસ | તા.૧/૪/૨૦૦૯ | ૩૮,૩૧,૨૪૪.૦૦ |
| ૮ | ૯૪૦૬૦૨૪ | યુ.બી.આઇ | તા.૧/૪/૨૦૧૧ | ૨,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| ૯ | ૯૪૦૬૦૨૬ | પંજાબ એન્ડ સીંધ બેંક | તા.૧/૪/૨૦૧૩ | ૧,૦૧,૪૬,૫૦૭.૦૦ |
| | | | કુલ રૂ! | ૩,૪૫,૯૦,૯૨૭.૩૦ |

ઓડીટનોંધ :-

(૧) ઉપરોક્ત વિગતે સંસ્થાએ પોતાના નાણાંકીય વ્યવહારો માટે વિવિધ બેંકોમાં ખાતા ખોલાવેલ છે. પરંતુ ક્રમ -૧ થી ૯ માં દર્શાવેલ લેજરકોડ વાળી બેંકો માં સંસ્થાએ લાંબા સમયથી કોઇપણ પ્રકારના નાણાંકિય વ્યવહારો કરેલ નથી. પરિણામે સદરહુ ખાતાં તેટલા સમયથી અનઓપરેટીવ રહેવા પામેલ છે. સદરહુ ખાતાઓમાં વર્ષ દરમ્યાન મળેલ વ્યાજ અંગેની કોઇ નોંધો પણ થયેલ ન હતી. આમ, સદરહુ આઠ બેંક ખાતાની કુલ સિલક રૂ! ૩,૪૫,૯૦,૯૨૭.૩૦/- ઉપર સબંધિત બેંકો દ્વારા પ્રતિવર્ષ કેટલા પ્રમાણમાં વ્યાજ જમા કરાવેલ છે ? તથા સદરહુ બેંકખાતા કેવા કારણોસર અનઓપરેટીવ રહેવા પામેલ છે ? સદરહુ બાબતોની છેવટની પરિસ્થિતિના હિસાબમેળ સહિત જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં, સદરહુ બેંક ખાતાઓમાં કોઇ નાણાંકીય વ્યવહારો કરવાની આવશ્યકતા ન

જણાતી હોય તો તેવા બેંકખાતા બંધ કરી તેમાં જમા સિલકો વર્તમાન ઓપરેટીવ બેંક ખાતામાં જમા કરાવવી ઘટે. અગાઉના અન્વેષણ અહેવાલોમાં સદરહુ બાબતે અનુરોધ કરવા છતાં યોગ્ય અમલવારી નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ઉપરોકત વિગતના ક્રમ-૬ તથા ક્રમ ૯ માં દર્શાવેલ લેજરકોડ હેઠળની બેંક રાષ્ટ્રિયકૃત બેંક નથી. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સરકાર દ્વારા કે તેના નિયંત્રણ હેઠળના એકમો/બોર્ડ-નિગમો/યુનિવર્સિટીઓ એ કોઇપણ પ્રકારનુ રોકાણ કરવાનું થાય તો તેવા પ્રસંગોએ રાષ્ટ્રિયકૃત/સરકારી બેંકોમાં જ રોકાણ કરવાનુ રહે છે. નાણાંની સલામતીના ભાગરૂપે સરકારશ્રીએ ઉપર મુજબ અમલ કરવા જરૂરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે જ. આમછતાં, ઉપરોકત કિસ્સામાં સંસ્થાએ કુલ રૂ। ૧૦૫૧૭૩૧૯=૦૦ ની એફ. ડી. ઉકત બિનસરકારી બેંકમાં કરેલ હોવાનુ જણાઇ આવેલ હતુ.આમ,સરકારશ્રીના નિયમો વિરૂધ્ધ ખાનગી બેંકોમાં એફ. ડી. કરવા અંગે જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે, તથા નિયમોચિત કાર્યવાહી થી સદરહુ નાણાં / એફ.ડી / રાષ્ટ્રિયકૃત સરકારી બેંકમાં જમા કરાવી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી આધારિત સ્પષ્ટતા/પૂર્તતા થતાં સુધી ઉપરોક્ત વિગતે કરેલ બેંક રોકાણોની રકમ કુલ રૂ। ૩૪૫૯૦૯૨૭=૩૦ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૬૧ નો સંસ્થાએ કરેલ જવાબ પ્રા.વાં ની વિગતો સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ કુલ રૂ। ૩,૪૫,૯૦,૯૨૭/૩૦

ફકરા નં -૨૧

===================================================================

વાર્ષિક હિસાબોમાં "બીજા ફંડો" તરીકે જમા રકમનો ઉપયોગ નહીં થવા બાબત.

===================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન વાર્ષિક હિસાબોનું અવલોકન કરવામાં આવેલ હતું. અવલોકન દરમ્યાન "બીજા ફંડો" તરીકે સામેલ પરિશિષ્ટ-૬ માં દર્શાવ્યાનુસાર કુલ રૂ। ૩૯,૯૩,૧૧,૪૪૧/- નું ભંડોળ વણવપરાયેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ:-</u>

(૧) સામેલ પરિ-૪ માં દર્શાવ્યાનુસાર વિવિધ ફંડો પેટે રૂ। ૩૭,૪૭,૯૦,૫૬૧/૫૩ જેટલું ભંડોળ આગળના વર્ષોના વણવપરાયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. તે પૈકી ક્રમ-૭,૧૪ તથા ક્રમ ૧૫ ઉપર દર્શાવેલ અનુક્રમે બીબીએ ફંડના રૂ। ૧,૧૭,૨૯,૬૬૦/૭૧, ભુકંપ રીલીફ ફંડ એકાઉન્ટના રૂ। ૨,૭૫,૮૦૦/- તથા સ્પોર્ટ ડેવલપમેન્ટ ફંડના રૂ। ૬૩,૩૮૦/- એમ કુલ મળી રૂ। ૧,૨૦,૬૮,૮૪૦/૭૧ વર્ષ ૨૦૧૨/૧૩ અગાઉના જમા પડી રહેલ છે. આટલું માતબર ભંડોળ સંસ્થા પાસે ઉપલબ્ધ હોવા છતાં સંબંધિત ફંડોનો જે તે હેતુ માટે વપરાશ કરેલ નથી. માત્ર નાણાંકીય ભંડોળ મેળવી વિવિધ ફંડ હેઠળ રકમો જમા રાખવી તે ભંડોળ પ્રાપ્ત કરવાનો હેતુ હોઇ શકે નહિં. ઉક્ત ત્રણેય ફંડની માતબર રકમ વર્ષ ૨૦૧૨/૧૩ પહેલાંથી ઉપલબ્ધ હોવા છતાં તેનો ઉપયોગ નહીં કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૨) યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ સદરે કુલ રૂ। ૯,૦૭,૪૧,૯૭૨/૮૨ વર્ષના પ્રારંભમાં જમા હતા અને તપાસણી વર્ષ દરમ્યાન કુલ રૂ। ૩,૪૩,૧૧,૭૬૪/૬૭ નો ઉમેરો કરવામાં આવેલ છે. સદરહુ આવકો માત્ર વ્યાજના જ સ્ત્રોતમાંથી ઉપલબ્ધ થયેલ હોય તો સદરહુ વ્યાજ કોના તરફથી અને કયા દરથી પ્રાપ્ત થયેલ છે? તેના વિગતવાર હિસાબોથી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૩) "યુનિ. એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ" નામના ફંડ/સદર ઉભુ કરવા અને તેમાં પ્રાપ્ત થનાર વ્યાજ અને તેના વપરાશના માપદંડો અંગે સંસ્થાની વિવિધ કમિટિઓની મંજુરી મેળવેલ હતી કે કેમ? જરૂરી આધાર સહ સ્પષ્ટતા/ખાતરી કરાવવી ઘટે.

(૪) પરિશિષ્ટ-૪ ના ક્રમ-૭,૧૪ તથા ક્રમ-૧૫ માં દર્શાવેલ ફંડ વર્ષ ૨૦૧૨/૧૩ થી આગળના વર્ષો દરમ્યાન અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાય છે. અન્ય ફંડોમાં વ્યાજની કે અન્ય આવકોનો ઉમેરો કરવામાં આવેલ છે, પરંતુ ઉક્ત ત્રણ ફંડોની રકમો યથાવત રહેલ છે. તો સદરહુ ફંડમાં વ્યાજ કે અન્ય આવકોનો ઉમેરો નહીં કરવા અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૫) સામેલ પરિ-૪ માં દર્શાવેલ કુલ-૧૫ ફંડમાંથી માત્ર ચાર જ ફંડમાં ખર્ચ/ચુકવણું કરવામાં હોવાનું જણાય છે. અન્ય ફંડમાંથી ખર્ચ નહીં કરતાં વર્ષાન્તે કુલ રૂ! ૩૯,૯૩,૧૧,૪૪૧/૨૦ જેટલી માતબર રકમ, વણવપરાયેલ રહેવા પામેલ છે. તો સદરહુ વિવિધ ફંડમાં ઉપલબ્ધ રકમોનો જે તે હેતુસર વપરાશ કરવા ઓડીટ અનુરોધ છે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી સ્પષ્ટતા/અમલવારી કરી અન્વેષણને આધારિત ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૩ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

## ગુજરાત યુનિવર્સિટી

### તા. ૦૧-૦૪-૨૦૧૪ થી તા. ૩૧-૦૩-૨૦૧૫

### બીજા ફંડો પરિશિષ્ટ - ૬

| ક્રમ | તા.૦૧-૦૪-૧૪ થી તા.૩૧-૦૩-૧૫ બીજા ફંડો | છેલ્લા હિસાબ મુજબ | વર્ષ દરમ્યાન ઉમેરો | વર્ષ દરમ્યાન ચુકવ્યા/રોકયા | કુલ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૦૧ | કન્વેનશન સેન્ટર ફંડ | ૧૪,૮૬,૪૭,૨૧૫.૦૦ | ૦.૦૦ | ૧,૧૪,૧૬,૩૨૯.૦૦ | ૧૩,૭૨,૩૦,૮૮૬.૦૦ |
| ૦૨ | પી.જી.મેડીકલ ફી ફંડ | ૨,૦૨,૪૨,૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨,૦૨,૪૨,૦૦૦.૦૦ |
| ૦૩ | વિધાર્થી સાંસ્કૃતિ પ્રવૃતિ ફંડ | ૧,૯૫,૬૯૦.૦૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૧,૯૫,૬૯૦.૦૯ |
| ૦૪ | ઇયર માર્ક ફંડ | ૪,૪૫,૩૦,૪૭૮.૯૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૪,૪૫,૩૦,૪૭૮.૯૩ |
| ૦૫ | જમીન વિકાસ ફંડ | ૭૮,૯૦,૧૮૨.૬૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭૮,૯૦,૧૮૨.૬૦ |
| ૦૬ | જમીનના બહારના ભાગના વિકાસ અંગેનુ ફંડ | ૪૦,૦૮,૬૯૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૦,૦૮,૬૯૫.૦૦ |
| ૦૭ | બી.બી.એ. ફંડ | ૧,૧૭,૨૯,૬૬૦.૭૧ | ૦.૦૦ | ૯,૭૫૨.૦૦ | ૧,૧૭,૧૯,૯૦૮.૭૧ |
| ૦૮ | યુનિ.એજ્યુ.રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ | ૯,૦૭,૪૧,૯૭૨.૮૨ | ૩,૪૩,૧૧,૭૬૪.૬૭ | ૦.૦૦ | ૧૨,૫૦,૫૩,૭૩૭.૪૯ |
| ૦૯ | બી.એડ. ફંડ | ૩,૪૯,૬૬,૧૦૯.૦૦ | ૨૨,૬૭,૨૬૦.૦૦ | ૦.૦૦ | ૩,૭૨,૩૩,૩૬૯.૦૦ |
| ૧૦ | એમ.સી.એ. ફંડ | ૩૪,૬૯,૪૫૨.૩૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૪,૬૯,૪૫૨.૩૮ |
| ૧૧ | એમ.બી.એ. ફંડ | ૭૦,૨૭,૦૦૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭૦,૨૭,૦૦૩.૦૦ |
| ૧૨ | ગ્રંથાલય ડેવલપમેન્ટ ફંડ | ૧૦,૦૨,૯૨૨.૦૦ | ૦.૦૦ | ૬,૩૨,૦૬૪.૦૦ | ૩,૭૦,૮૫૮.૦૦ |
| ૧૩ | ગ્રથાલયશાસ્ર ભવન ડેવલપમેન્ટ ફંડ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | ભૂકંપ રીલીફ ફંડ | ૨,૭૫,૮૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨,૭૫,૮૦૦.૦૦ |
| ૧૫ | સ્પોર્ટ ડેવલપમેન્ટ ફંડ | ૬૩,૩૮૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૩,૩૮૦.૦૦ |
| | કુલ રૂ! | ૩૭,૪૭,૯૦,૫૬૧.૫૩ | ૩,૬૫,૭૯,૦૨૪.૬૭ | ૧,૨૦,૫૮,૧૪૫.૦૦ | ૩૯,૯૩,૧૧,૪૪૧.૨૦ |

ફકરા નં -૨૨

એકેડેમીક સ્ટાફ કોલેજને આપેલ એડવાન્સના હિસાબો સરભર નહીં કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન એડ્વાન્સ સદર હેઠળ એકેડેમીક સ્ટાફ કોલેજને આપેલ પેશગીઓની તા.૩૧/૩/૧૫ ના રોજ નીચે મુજબ સ્થિતિ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતુ.

| અ.નં. | લેજર કોડ નંબર | અગાઉના વર્ષોની બાકી | ૨૦૧૪/૧૫માં આપેલ પેશગી | કુલ પેશગી | ૨૦૧૪-૧૫માં એડજેસ્ટ કરેલ | વર્ષના અંતે બાકી પેશગી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૯૩૨૧૦૦૦ | ૨,૪૫,૩૨,૦૩૮/- | ૨,૬૮,૩૯,૬૩૯/- | ૫,૧૩,૭૧,૬૭૭/- | ૧,૮૦,૪૫,૩૫૨/- | ૩,૩૩,૨૬,૩૨૫/- |

ઉપરોકત એડવાન્સ સરભર કરવાનાં બાકીમાં છે,જે અંગે ઓડીટ અવલોકન નીચે મુજબ છે.

<u>ઓડીટ અવલોકન :-</u>

(૧) ગુજરાત યુનિવર્સિટી દ્વારા એકેડેમીક સ્ટાફ કોલેજને માતબર પ્રમાણમાં પેશગી આપવામાં આવે છે, પરંતુ સદરહુ પેશગીઓ નિયત સમયમર્યાદામાં એડજસ્ટ કરવામાં આવતી ન હોઇ વર્ષો વર્ષ સદરહુ રકમમાં વધારો થતો જાય છે. પરિણામે, અન્વેષણ વર્ષના અંતે કુલ રૂા ૩,૩૩,૨૬,૩૨૫/- જેટલી માતબર રકમ એડજસ્ટ કરવાની બાકીમાં હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના નિયમ-૨૧૦ તથા ૨૧૧ની જોગવાઇ અનુસાર પેશગીના હિસાબો ત્રણ માસમાં તથા વધુમાં વધુ જે તે નાણાંકીય વર્ષના અંત સુધીમાં સરભરકરવાના રહે છે.ઉપરોકત વિગત નજરે જોતાં અગાઉના વર્ષોની સરભર કરવાની રકમ કુલ રૂા ૨,૪૫,૩૨,૦૩૮/- ધ્યાને લેતાં અગાઉનાં વર્ષો દરમ્યાન પેશગીઓ સરભર કરવા અંગે કોઇ અસરકારક કાર્યવાહી નહીં થયાનું સ્પષ્ટ થાય છે.તો સદરહુ બાબતે સત્વરે નિયમોચિત કાર્યવાહી હાથ ધરી તપાસણી વર્ષના અંતે બાકી રહેલ ઉકત કોલેજની બાકી પેશગીઓ સરભર કરી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૨) ગુજરાત નાણાંકીય નિયમોના નિયમ-૨૧૧ ની જોગવાઇ મુજબ એબસ્ટ્રેક બિલોથી ઉપાડેલ એડવાન્સનાં નાણાંનું ત્રણ માસમાં વિગતવાર બિલ બનાવી ચુકવણા અધિકારીશ્રીને મોકલી આપવાનું રહે છે.તે મુજબ કાર્યવાહી થયાના કોઇ આધાર રજુ થયેલ નથી.

(3) ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંકના ધારાધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સંબંધિત /જવાબદારથી વસુલ લેવાનું રહે છે. તે તથા ચૂકવેલ એડવાન્સ સમયસર વસુલ ન કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તથા બાકી એડવાન્સ/વ્યાજ જવાબદારથી વસુલ મેળવી આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

એડવાન્સ ચુકવણી સંદર્ભમાં નિયત નમૂનામાં એડવાન્સ રજીસ્ટર નિભાવી છેવટ સુધી ની નોંધો પૂર્ણ કરી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં. ૭૦ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં - ૨૩

==================================================================

આઇ.એ.એસ. તાલીમ કેન્દ્રની આવકની સામે વધુ ખર્ચની અનિયમિતતા બાબત.

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં સંસ્થા હસ્તકના આઇ.એ.એસ. તાલીમ કેન્દ્રની કુલ વાર્ષિક આવક રૂ! શૂન્ય જણાયેલ હતી તથા ખર્ચની રકમ કુલ રૂ! ૧૦,૫૦,૮૫૧/- જણાયેલ હતી જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) સંસ્થાના વર્ષ ૨૦૧૧/૧૨ થી વર્ષ ૨૦૧૪/૧૫ ના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં સદરહુ તાલીમકેન્દ્રની આવક "શૂન્ય" હતી તેની સામે માતબર પ્રમાણમાં ખર્ચ થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. અન્વેષણ વર્ષમાં કુલ રૂ! ૧૦,૫૦,૮૫૧/- નો ખર્ચ થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. વાર્ષિક હિસાબોમાં અન્ય ભવનોની જેમ થયેલ ખર્ચની વિગતો સદરહુ કેન્દ્રના ખર્ચ માટે દર્શાવવામાં આવેલ ન હોઇ કેન્દ્ર દ્વારા ખરેખર કયા હેતુસર ખર્ચ કરવામાં આવેલ છે? તેની જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૨) અન્વેષણની જાણ મુજબ સદરહુ કેન્દ્ર ઘણા લાંબા સમયથી બંધ હાલતમાં હોવા છતાં સંસ્થા દ્વારા કઇ કઇ પ્રવૃત્તિઓ કરવા થકી ઉપર મુજબનો ખર્ચ થયેલ છે? જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) સંસ્થા દ્વારા ભારતીય વહીવટી સેવાની પરીક્ષા માટે તાલીમ આપવામાં આવેલ હોય તો તે માટે કેટલા ઉમેદવારોએ અરજી કરેલ હતી? અરજી કરનાર અરજદારો પૈકી કેટલા તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવેલ હતી? તાલીમાર્થીઓની પસંદગી માટે કયા માપદંડો ધ્યાને લેવામાં આવેલ હતા? તાલીમાર્થીઓ માટે ફીનું કેટલું ધોરણ નક્કી કરવામાં આવેલ હતું? પસંદગી પામેલ તાલીમાર્થીઓ પાસેથી ફી વસુલ લીધેલ હતી કે કેમ? વસુલ લેવામાં ન આવેલ હોય તો કેવાં કારણોસર ફી વસુલ લીધેલ નહોતી? જવાબદારથી આધાર સહ વિગતવાર સ્પષ્ટતા થવી ઘટે.

(૪) સંસ્થા સંચાલિત સદરહુ તાલીમ કેન્દ્રની આવકની શૂન્ય રકમ સામે માતબર ખર્ચ થયેલ છે. આ પ્રમાણે ખર્ચની માત્રા સમયાંતરે વધતી રહેશે તો કેન્દ્રના ખર્ચનો આંક પણ નિયમિત વધતો જ રહેશે.

તેથી ખર્ચની સામે આવકનાં સ્ત્રોત ઉભા કરી ખર્ચ ઘટાડા અંગે યોગ્ય કાર્યવાહી કરવા ઓડીટ અનુરોધ છે.

(૫) સદરહુ તાલીમ કેન્દ્ર ઉપરોક્ત ખર્ચ બાબતે સંબંધિતને પુચ્છા કરતાં સદરહુ કેન્દ્ર ખાતે સંસ્થાના મહેકમ પરના કર્મચારીઓને મૂકી તેમના દ્વારા આઇ.એ.એસ તાલીમ સિવાયની ઇતર કામગીરી કરાવવામાં આવતી હોવાનું જણાવેલ હતું. આમ, આઇ.એ.એસ તાલીમ કેન્દ્ર દ્વારા સંસ્થા સંસ્થાના વિદ્યાર્થીઓને આઇ.એ.એસ સંબંધી કોઇ તાલીમ આપવામાં આવતી ન હોઇ સંસ્થાનો આઇ.એ.એસ. તાલીમ કેન્દ્ર બનાવવાનો હેતૂ સિધ્ધ થઇ શકેલ નથી. જે અંગે જવાબદારોથી સ્પષ્ટતા કરી, સંસ્થાના પ્રવેશ વાંચ્છુ વિદ્યાર્થીઓને તાલીમ કેન્દ્રમાં પ્રવેશ આપી ઉપરોક્ત અભ્યાસક્રમનો વધુમાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળે તેવા પરિણામલક્ષી પ્રયાસો હાથ ધરી આવેલ પરિણામના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી આધારિત સ્પષ્ટતા થતાં સુધી થયેલ ખર્ચ કુલ રૂા ૧૦,૫૦,૮૫૧/- આથી વાધાં હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૭૨ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ કુલ રૂા ૧૦,૫૦,૮૫૧/-

ફકરા નં - ૨૪

==========================================================================

યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખેલ અન્વેષણ વર્ષના ઓડીટ અહેવાલ રાજ્ય સરકારશ્રીને મોકલી આપવા બાબત.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી એક્ટ-૧૯૪૯ ની કલમ-૪૯ ની જોગવાઇ મુજબ પ્રતિવર્ષ અન્વેષણની કાર્યવાહી ઓડીટ અધિકારીશ્રી દ્વારા પુર્ણ થયા બાદ અન્વેષણ અહેવાલની એક પ્રત કાર્યવાહક સભા દ્વારા સેનેટમાં રજુ કરી તેને ગ્રાહ્ય રખાયા બાદ રાજ્ય સરકારશ્રીને મોકલી આપવાની રહે છે. ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડીટ નિયમો-૧૯૭૪ તથા સ્થાનિક ભંડોળ હિસાબ તપાસણી અધિનિયમની કલમ-૮ માં થયેલ જોગવાઇ મુજબ ગુજરાત યુનિવર્સિટીના હિસાબોની તપાસણીની કાર્યવાહી જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા કરાવવાનું ઠરાવેલ છે. તદનુસાર સંસ્થાના વર્ષ ૨૦૧૩/૧૪ સુધીના હિસાબોની તપાસણી સદરહુ અધિકૃત કચેરી દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. નીચે દર્શાવેલ અન્વેષણ હેવાલ ઉક્ત નિયમોચિત કાર્યવાહી પૂર્ણ કરી રાજ્ય સરકારશ્રીને મોકલી આપવામાં આવેલ હોય તો તેના નંબર/તારીખ વગેરેના આધાર સહ અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

| અં.નં. | અન્વેષણ અહેવાલની વિગત | અન્વેષણ વર્ષ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ક | જનરલ ફંડ | ૧૯૬૮-૬૯ થી ૨૦૧૩-૧૪ |
| ખ | અનુદાન ફંડ | ૧૯૭૦-૭૧ થી ૨૦૧૩-૧૪ |
| ગ | સામાન્ય ભવિષ્ય નીધિ ફંડ | ૧૯૭૯-૮૦ થી ૨૦૧૩-૧૪ |

ઉપરોક્ત વિગતો સત્વરે અન્વેષણમાં રજુ થવી ઘટે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૭૩ નો જવાબ કરેલ નથી.

ફકરા નં - ૨૫

==========================================================================

**વાર્ષિક હિસાબો તથા લેજર રજિસ્ટરોના હિસાબો અધિકૃત નહીં કરવા બાબત.**

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણીની કાર્યવાહી તા. ૨/૮/૨૦૧૮ ના રોજથી હાથ ધરવામાં આવેલ છે. અન્વેષણ વર્તુળના પ્રા. વા. ક્રમાંક-૧ તા. ૨/૮/૨૦૧૮ થી સંસ્થાનું અન્વેષણ વર્ષનું તમામ સાધનિક રેકર્ડ અન્વેષણમાં રજુ કરવા જણાવવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં રજુ થયેલ વાર્ષિક હિસાબો તથા લેજર રજિસ્ટરોની પ્રાથમિક ધોરણે ખરાઇ કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના ભાગ-૩ના નિયમ-૩૫ની જોગવાઇ મુજબ કોઇપણ સરકારી કચેરી કે સરકારી સંસ્થામાં આવક/ખર્ચના હિસાબોની નિભાવણી કરવાની થાય ત્યારે દિનપ્રતિદિન થતી આવકો તથા ખર્ચના ધોરણસરના દૈનિક હિસાબો તૈયાર કરી નાણાંકીય લેવડદેવડની કામગીરી સંભાળતા કર્મચારીથી લઇ કચેરી/સંસ્થાના નિયુક્ત કરેલ સક્ષમ અધિકારીશ્રીએ હિસાબો પોતાની સહીથી અચૂક પ્રમાણિત કરવાના રહે છે. તેવી જ રીતે કચેરી/સંસ્થાના માસિક અને ત્યારબાદ વાર્ષિક હિસાબો તૈયાર કરી સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરી નિયત સમયમર્યાદામાં સંબંધિત વડી કચેરી/સરકારશ્રીમાં મોકલી આપવાના રહે છે. ઉક્ત નિયમોની જોગવાઇ મુજબ સક્ષમ અધિકારીશ્રીની સહી વિનાના દૈનિક/માસિક તેમજ વાર્ષિક હિસાબો અધિકૃત હિસાબો ગણી શકાય નહીં.

(૨) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના તપાસણી વર્ષના વાર્ષિક હિસાબો તથા લેજર રજિસ્ટરોની પ્રાથમિક દ્રષ્ટિએ ખરાઇ કરતાં માતબર આવક તથા ખર્ચના હિસાબો પુસ્તકરૂપે તથા આવક/ખર્ચના નિયત કોડ મુજબના હિસાબો લેજર રજિસ્ટરો દ્વારા નિભાવવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ છે, પરંતુ સદરહુ વાર્ષિક હિસાબો તેમજ તમામ લેજર રજિસ્ટરોના હિસાબો સક્ષમ અધિકારીશ્રીની સહીથી પ્રમાણિત કરવામાં આવેલ નથી. જે ઉક્ત નિયમો સાથે સુસંગત નથી.

(૩) વાર્ષિક હિસાબો તથા લેજર રજિસ્ટરો તથા અન્ય હિસાબી રજિસ્ટરોના હિસાબો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત નહીં કરવાની પ્રથા સંસ્થામાં અગાઉના વર્ષોથી અમલી છે. ગત અન્વેષણો દરમ્યાન સદરહુ બાબતે સંસ્થાનું ધ્યાન દોરવા છતાં યોગ્ય અમલવારી થવા પામેલ નથી. સદરહુ વાર્ષિક હિસાબો તેમજ લેજર રજિસ્ટરોના હિસાબો સંબંધિત સક્ષમ અધિકારીશ્રીથી પ્રમાણિત થતા ન હોઇ જ્યારે પણ નાણાંકીય ક્ષતિ/ગેરરીતિ થયાના પ્રસંગો ઉપસ્થિત થવા પામે ત્યારે તેની જવાબદારી કાયદાકીય ધોરણે સુનિશ્ચિત કરવામાં મુશ્કેલી ઉભી થાય તે સ્વાભાવિક છે.

આમ, સંસ્થાના વાર્ષિક હિસાબો, લેજર રજિસ્ટરો તેમજ અન્ય હિસાબી રજિસ્ટરોના દૈનિક/માસિક/વાર્ષિક હિસાબો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત નહીં કરવા અંગે જવાબદારથી યોગ્ય આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. તેમજ સદરહુ બાબત નિયમોચિત જણાયે વાર્ષિક હિસાબો તથા તમામ હિસાબી રજિસ્ટરોના હિસાબો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરાવી અન્વેષણમાં રજુ થવા ઘટે, જેથી હિસાબો ક્ષતિરહિત હોવાના વ્યાજબીપણાની ખાતરી થઇ શકે.

(૪) સંસ્થાના જનરલ / ભવિષ્ય નીધિ તથા યુજીસીના છેલ્લા ત્રણ વર્ષના સી. એ. દ્વારા ઓડીટ થયેલ અહેવાલની વર્ષ ૨૦૧૨/૧૩, વર્ષ ૨૦૧૩/૧૪ તથા વર્ષ ૨૦૧૪/૧૫ એક એક પ્રત અન્વેષણના અવલોકન સારૂ રજુ કરવા પ્રા. વાં. ૭૬ થી જણાવવામાં આવતા સદરહુ ઓડીટેડ અહેવાલ અન્વેષણમાં રજુ કરવામાં આવેલ નહોતાં. તદુપરાંત, મહાલેખાકારશ્રી રાજકોટ દ્વારા ઓડીટેડ થયેલ સંસ્થાના અન્વેષણ અહેવાલ રજુ કરવા સંસ્થાને જણાવેલ હતું, જે અહેવાલ પણ અન્વેષણમાં રજુ કરેલ નહોતા. તેથી સદરહુ એજન્સીઓ દ્વારા લેવાયેલ / સૂચવેલ બાબતોનું અવલોકન થઇ શકેલ નથી.

પ્રા. વાં. ક્રમાંક ૭૪ નો સંસ્થાએ જવાબ કરેલ નથી. તથા પ્રા. વાં. ૭૬ નો જવાબ પ્રા. વાં. ની વિગતો સાથે સુસંગત નથી.

ફકરા નં – ૨૬

=================================================================

કન્વેશન સેન્ટરની આવક તથા ખર્ચના હિસાબોમાં જણાઇ આવેલ અનિયમિતતા બાબત.

=================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થા દ્વારા રજૂ થયેલ વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં વાર્ષિક હિસાબોના પ્રથમ પાને તથા બીજા ફંડો ખાતે કન્વેશન સેન્ટરની દર્શાવેલ આવક તથા ખર્ચની રકમોમાં નીચે મુજબ તફાવત હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું.

<u>આવક</u>

| અ. નં. | વાર્ષિક હિસાબો મુજબ દર્શાવેલ આવક | બીજા ફંડો મુજબ આવક | તફાવત |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| | રૂ! ૮૫૦૦૦૦૦૦/- | ૦૦/૦૦ | કુલ રૂ! ૮૫૦૦૦૦૦૦/- |
| કુલ | રૂ! ૮૫૦૦૦૦૦૦/- | ૦૦/૦૦ | કુલ રૂ! ૮૫૦૦૦૦૦૦/- |

<u>ખર્ચ</u>

| અ. નં. | વાર્ષિક હિસાબો મુજબ દર્શાવેલ ખર્ચ | બીજા ફંડો મુજબ ખર્ચ | તફાવત |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| | રૂ! ૪૬૨૬૯૮/- | ૧૧૪૧૬૩૨૯/- | કુલ રૂ! ૧૦૯૫૩૬૩૧/- |
| કુલ | રૂ! ૪૬૨૬૯૮/- | ૧૧૪૧૬૩૨૯/- | કુલ રૂ! ૧૦૯૫૩૬૩૧/- |

<u>ઓડીટનોંધ:-</u>

(૧) સંસ્થાના વાર્ષિક હિસાબોમાં પાન નં.૧ ઉપર કન્વેશન સેન્ટરની આવક રૂ! ૮,૫૦,૦૦,૦૦૦/- (આઠ કરોડ પચ્ચાસ લાખ પૂરા) અને ખર્ચની રકમ રૂ! ૪,૬૨,૬૯૮/- દર્શાવેલ છે જ્યારે "બીજા ફંડો" હેઠળના પરિશિષ્ટ "એ" માં આવક રૂ! "શૂન્ય" જ્યારે ખર્ચ રૂ! ૧,૧૪,૧૬,૩૨૯/- દર્શાવેલ છે. આમ, એક જ વર્ષના વાર્ષિક હિસાબોમાં આવકની રકમમાં રૂ! ૮,૫૦,૦૦,૦૦૦/- અને ખર્ચની રકમમાં કુલ રૂ! ૧,૦૯,૫૩,૬૩૧/- નો માતબર તફાવત જણાઇ આવેલ છે. સદરહુ તફાવત ધ્યાને લેતા સંસ્થાના વાર્ષિક

હિસાબોના ખરાપણા અંગે અન્વેષણને ખુબ જ સંદેહ રહે છે. આટલી મોટી રકમનો તફાવત કેવા કારણોસર આવેલ છે? તેની સંપૂર્ણ તપાસ કરી જણાઇ આવેલ તફાવતનાં કારણો તથા તેના યોગ્ય આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે, તેમજ જણાઇ આવેલ તફાવતની પૂરી અસર વાર્ષિક હિસાબો તથા લેઝર રજિસ્ટરોમાં આપી ક્ષતિરહિત હિસાબો તૈયાર કરી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૨) કન્વેશન સેન્ટરને ભાડા કરારથી ખાનગી એજન્સીને આપવામાં આવેલ હોય તો કરાર સંબંધી દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા પ્રા. વાં. ક્રમાંક-૭૧થી જણાવવા છતાં તેના દસ્તાવેજો અન્વેષણમાં રજુ થવા પામેલ નથી. જેથી કરાર પ્રક્રિયા થકી મેળવેલ આવક નિયમોચિત હોવાના તેમજ કરાર/ટેન્ડર પ્રક્રિયા ધોરણસર થઇ હોવાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી. જે અંગે જવાબદારે સ્પષ્ટતા કરવી રહે.

જવાબદારથી યોગ્ય આધાર રજુ કરી ખાતરી કરાવતાં સુધી આવકની રકમ રૂ| ૮૫,૦૦,૦૦,૦૦૦/- તથા ખર્ચની રકમ કુલ રૂ| ૧,૦૯,૫૩,૬૩૧/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૭૫ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ (૧) કુલ રૂ| ૮૫૦૦૦૦૦૦૦/-

(૨) કુલ રૂ| ૧૦૯૫૩૬૩૧/-

ફકરા નં - ૨૭

====================================================================

અંદાજપત્ર વાસ્તવિક રીતે તૈયાર નહીં કરવા બાબત.

====================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના સુધારેલ અંદાજપત્રનું આંશિક અવલોકન અન્વેષણ દ્વારા કરવામાં આવેલ હતું. અવલોકન દરમ્યાન સંસ્થાએ અંદાજેલ આવક તથા ખર્ચની સામે ખરેખર થયેલ આવક તથા ખર્ચમાં માતબર તફાવત હોવાનું જણાઇ આવેલ હતું.

(અ) <u>આવકની વિગત</u>

| અં. નં. | સદરની વિગત | અંદાજપત્ર મુજબ આવક | વા. હિ. મુજબ આવક | તફાવત |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | પરીક્ષાફી ની આવક | ૧૩,૯૮,૧૫,૦૦૦/- | ૧૬,૯૦,૨૩,૪૭૩/- | (-) ૨,૯૨,૦૮,૪૭૩/- |
| ૨ | અન્ય ફીની આવક | ૫,૮૫,૫૦,૦૦૦/- | ૪,૪૬,૧૭,૭૩૨/- | ૧,૩૯,૩૨,૨૬૮/- |
| ૩ | પ્રકાશનોની આવક | ૧,૫૦,૦૦,૦૦૦/- | ૯૨,૦૨,૧૭૦/- | ૫૭,૯૭,૮૩૦/- |
| ૪ | ગ્રાન્ટની આવક | ૪૪,૨૧,૯૧,૭૫૦/- | ૪૧,૪૫,૬૨,૬૧૩/- | ૨,૭૬,૨૯,૧૩૭/- |
| ૫ | પરચુરણ આવક | ૨,૦૫,૫૦,૦૦૦/- | ૪,૧૯,૬૦,૪૦૧/- | (-) ૨,૧૪,૧૦,૪૦૧/- |
| ૬ | અનુસ્નાતક શિક્ષણ ફી | ૯,૦૩,૩૭,૦૦૦/- | ૬,૧૨,૪૬,૬૨૩/- | ૨,૯૦,૯૦,૩૭૭/- |
| ૭ | આરોગ્ય કેન્દ્ર ની આવક | ૩૫,૦૦૦/- | ૫,૧૪૯/- | ૨૯,૮૫૧/- |
| ૮ | અતિથિ ગૃહ ની આવક | ૫૦,૦૦૦/- | ૧,૭૨,૮૫૦/- | (-) ૧,૨૨,૮૫૦/- |
| ૯ | જમીનની આવક | ૩૦,૦૦,૦૦૦/- | ૯,૩૪,૭૦૦/- | ૨૦,૬૫,૩૦૦/- |
| ૧૦ | યુનિ. મુદ્રણાલય | ૧૫,૧૦,૦૦૦/- | ૦.૦૦/- | ૧૫,૧૦,૦૦૦/- |
|  | કુલ રૂ। | ૭૭,૧૦,૩૮,૭૫૦/- | ૭૪,૧૭,૨૫,૭૧૧/- | ૨,૯૩,૧૩,૦૩૯/- |

(બ) <u>ખર્ચની વિગત</u>

| અં. નં. | સદરની વિગત | અંદાજપત્ર મુજબ ખર્ચ | વા. હિ. મુજબ ખર્ચ | તફાવત |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | કર્મચારીવર્ગ પગાર ખર્ચ | ૯,૧૯,૫૦,૦૦૦/- | ૮,૨૪,૪૧,૧૮૫/- | ૯૫,૦૮,૮૧૫/- |
| ૨ | કુલપતિશ્રી કાર્યાલય ખર્ચ | ૨,૦૦,૦૦૦/- | ૨૬,૮૧૯/- | ૧,૭૩,૧૮૧/- |
| ૩ | પરીક્ષા ખર્ચ | ૧૫,૦૩,૭૦,૦૦૦/- | ૨૦,૩૫,૩૧,૬૫૧/- | (-) ૫,૩૧,૬૧,૬૫૧/- |
| ૪ | પરીક્ષા મુસાફરી ભથ્થાં | ૨૦,૪૦,૦૦૦/- | ૧૭,૩૦,૩૫૦/- | ૩,૦૯,૬૫૦/- |
| ૫ | મુદ્રણ લેખન સામગ્રી | ૧૯,૦૦,૦૦૦/- | ૧૧,૦૭,૧૦૬/- | ૭,૯૨,૮૯૪/- |
| ૬ | રમતગમત તથા વિદ્યાર્થી પ્રવૃતિ | ૧,૮૩,૬૦,૦૦૦/- | ૨૧,૬૫,૯૭૦/- | ૧,૬૧,૯૪,૦૩૦/- |
| ૭ | ગ્રાન્ટ ખર્ચ | ૧૨,૮૬,૧૧,૨૫૦/- | ૫,૪૫,૬૨,૬૧૩/- | ૭,૪૦,૪૮,૬૩૭/- |
| ૮ | યુનિવર્સિટી મુદ્રણાલય | ૧,૨૧,૮૦,૦૦૦/- | ૭૩,૬૬,૨૮૨/- | ૪૮,૧૩,૭૧૮/- |
| ૯ | આરોગ્ય કેન્દ્ર ખર્ચ | ૪૩,૫૦,૦૦૦/- | ૩૦,૨૮,૪૭૧/- | ૧૩,૨૧,૫૨૯/- |
| | કુલ રૂ। | ૪૦,૯૯,૬૧,૨૫૦/- | ૩૫,૫૯,૬૦,૪૪૭/- | ૫,૪૦,૦૦,૮૦૩/- |

<u>ઓડીટ અવલોકન</u>

(૧) અંદાજપત્ર વર્ષ ૨૦૧૪/૧૫ માટે કુલ રૂ। ૭૭,૧૦,૩૮,૭૫૦/- ની અંદાજીત આવક સામે કુલ રૂ। ૭૪,૧૭,૨૫,૭૧૧/- ની આવક થવા પામેલ હતી, જે વાસ્તવિક આવકની સામે કુલ રૂ। ૨,૯૩,૧૩,૦૩૯/- ઓછી હતી.

(૨) અંદાજપત્રમાં વર્ષ ૨૦૧૪/૧૫ માટે કુલ રૂ। ૪૦,૯૯,૬૧,૨૫૦/- ના અંદાજીત ખર્ચ સામે કુલ રૂ। ૩૫,૫૯,૬૦,૪૪૭/- નો ખર્ચ થવા પામેલ હતો, જે વાસ્તવિક ખર્ચથી કુલ રૂ। ૫,૪૦,૦૦,૮૦૩/- વધારે હતો.

(૩) ઉપરોક્ત આવકનાં પેટા સદરોની વિગતો ધ્યાને લેતાં સંસ્થાને અંદાજેલ આવકની સામે વાસ્તવિક આવકનો આંક તદ્દન ભિન્ન હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. તેવી જ રીતે ખર્ચની વિગતોમાં દર્શાવેલ પેટા સદરોમાં પણ વાસ્તવિક ખર્ચની સામે સંસ્થાએ અંદાજેલ ખર્ચની રકમમાં માતબર તફાવત જણાઇ આવે છે.

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ -૪૯ ની જોગવાઇ મુજબ જે તે નાણાંકીય વર્ષ શરૂ થયાના નિયત માસ પહેલાં તેના નાણાંકીય અંદાજો તૈયાર કરી સંસ્થાની નાણાંકીય સભા સમક્ષ રજુ કરી મંજુર કરાવવાના રહે છે. સંસ્થાના ૨૦૧૪/૧૫ ના અંદાજપત્રમાં અંદાજવામાં આવેલ આવક તથા ખર્ચ ની સામે ખરેખર થયેલ આવક તથા ખર્ચમાં માતબર તફાવત જણાઇ આવે છે, જે ધ્યાને લેતાં સંસ્થાએ મૂકેલ અંદાજો વાસ્તવિકતાથી તદ્દન ભિન્ન હોવાનું સ્પષ્ટ થાય છે. તો આવક તથા ખર્ચના છેલ્લા ત્રણ વર્ષના આવક/ખર્ચના હિસાબો ધ્યાને લઇ અંદાજપત્ર વાસ્તવિક ધોરણે તૈયાર નહી કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે, તથા ભવિષ્યમાં સંસ્થાના અંદાજો/વાસ્તવિક આવક/ખર્ચથી અસમાન આંક ધરાવતા ન હોય તે મુજબ અંદાજપત્ર તૈયાર કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૭૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં - ૨૮

હિસાબોની નિભાવણી તથા મેળવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો,લેજરબુકો,વાઉચરો તથા અન્ય આનુસાંગીક દસ્તાવેજોની તુલનાત્મક દ્રષ્ટિએ ચકાસણી કરેલ હતી.સદરહુ દસ્તાવેજોના હિસાબોનું મેળવણું કરવા સંદર્ભમાં અન્વેષણ સમક્ષ રજુ થયેલ અને રજુ નહીં થયેલ દસ્તાવેજો બાબતે અન્વષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) ગુજરાત તિજોરી નિયમો – ૨૦૦૦ના નિયમ-૩૬ થી ૩૮ની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની મહત્તમ કચેરીઓ/વિભાગોમાં કે જયાં નાણાંકીય લેવડદેવડના વ્યવહારો બહોળા પ્રમાણમાં થતા હોય અને તેના દૈનિક/ માસિક/ વાર્ષિક હિસાબો નિભાવાતા હોય ત્યાં નિયમોથી નિર્ધારિત થયેલ નમૂનાઓમાં કેશબુકની નિભાવણી અચૂક થતી હોય છે. અને આવી કેશબુકોમાં દૈનિક/માસિક અને વાર્ષિક ધોરણે થયેલ આવક/ખર્ચની ધોરણસરની નોંધો સક્ષમ અધિકારીશ્રીથી પ્રમાણિત થતી હોય છે. અન્વેષણ વર્તુળ સમક્ષ રજુ થયેલ છેલ્લા ત્રણ વર્ષના હિસાબો, ૨૦૧૪/૧૫ના વર્ષની લેજરબુકો, ૨૦૧૪/૧૫ના વર્ષની કેશબુક સંસ્થાના સક્ષમ અધિકારીશ્રીથી અધિકૃત થયેલ નથી, પરિણામે, સદરહુ દસ્તાવેજોમાં દર્શાવેલ હિસાબોના ખરાપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.

(૦૨) સંસ્થાના ૨૦૧૪/૧૫ના વર્ષ દરમ્યાન કુલ ૯૪૩૫ વાઉચરો થકી માતબર પ્રમાણમાં ખર્ચ થવા પામેલ છે. ખર્ચના નિયમોનુસાર ખર્ચની મંજુરી માટેના નિયત ફોર્મમાં વાઉચર/બિલ બનાવનારથી લઇ અંતિમ મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની સહી અચુક લેવાની રહે છે. સંસ્થા દ્વારા ખર્ચના મુસદ્દા નોંધમાં સહી થાય છે પરંતુ નિયત થયેલ વાઉચર/બિલોમાં સહીઓ લેવાતી નથી જે નિયમો સાથે સુસંગત નથી. સક્ષમ કર્મચારી/અધિકારીશ્રીની મંજુરી વિના થયેલ ખર્ચ નિયમોચિત ગણાય નહિ.

(૦3) સંસ્થા દ્વારા વિવિધ શાખાઓ થકી ચેક લખી ચુકવણુ કરવાની પ્રથા અમલમાં છે એક કરતાં વધુ શાખાઓ દ્વારા ચેક લખવાની પધ્ધતિથી નાણાંકિય હિસાબો નિભાવવા /મેળવણા

જેવી કામગીરી ખુબ જ જટિલ બને તે સ્વાભાવિક છે.તેથી માત્ર હિસાબી શાખા દ્વારા જ ચુકવણુ કરવાની પ્રથા અમલી બનાવવા ઓડીટ અનુરોધ છે.

(૦૪) ખર્ચનાં વાઉચરોની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ ચેક રદ (કેન્સલ) કરવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ હતું.

| અં. નં. | વા. નં. | તારીખ | રકમ | એજન્સી/પાર્ટી | ચેક નંબર |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૧ | ૧૧૫૮ | ૮/૫/૧૪ | ૨૪,૦૦૮/- | પિયુષ કેમીકલ્સ | ૭૪૬૫૬૫ |
| ૨ | ૧૩૯૪ | ૧૬/૫/૧૪ | ૬,૦૦૦/- | શ્રીમતી હેમા રાઠોડ | ૧૬૨૫૯૦ |
| ૩ | ૧૩૬૭ | ૧૫/૫/૧૪ | ૬૫,૮૭૦/- | જે એન્ડ જે કંપની | ૧૦૫૨૮૭ |
| ૪ | ૧૬૪૩ | ૩૧/૫/૧૪ | ૩૫૦/- | ચામુંડા ટ્રેડર્સ | ૭૪૬૪૬૧ |
| ૫ | ૨૦૮૩ | ૧૭/૬/૧૪ | ૧,૨૭૫/- | પી. એમ. પરમાર | ૧૦૩૧૪૭ |
| ૬ | ૨૨૨૪ | ૨૩/૬/૧૪ | ૨,૪૮૦/- | વર્ષાબેન ચૌધરી | ૭૨૨૮૦૯ |
| ૭ | ૨૨૭૨ | ૨૬/૬/૧૪ | ૨,૪૭૫/- | રામદેવ બી. | ૧૦૩૬૯૩ |
| ૮ | ૨૨૫૪ | ૨૪/૬/૧૪ | ૧,૪૦૦/- | મધુર શર્મા | ૧૦૨૮૮૭ |
| | | કુલ | ૧,૦૩,૮૫૮/- | | |
| | | | | | |

ઉપરોક્ત કેન્સલ કરેલ ચેકની સામે કઇ કઇ તારીખોએ નવીન ચેક ઇસ્યુ કરેલ છે? તે તથા ટાઇમબાર થયેલ ચેકની વિગતો પ્રા. વાં. ૩૩ ના ૧૪/૮/૧૮ થી માંગવા છતાં સંસ્થા દ્વારા આપવામાં આવેલ નથી.જે તારીખ ચેક લખવામાં/ઇસ્યુ કરવામાં આવેલ હોય તે તારીખ થી ત્રણ માસ સુધી તે ચેક ચુકવણા પાત્ર રહે છે તે પછી તે ચેક ટાઇમ બાર ગણાતો હોય તેવા ચેકની રકમ કેશ બુકે જમા લેવાની રહે છે, અને તે વિગતો ધ્યાને લઇ આવક/ખર્ચના હિસાબોનું માસિક મેળવણું કરવાનું રહે છે ઉક્ત ચેકની વિગતો કેશબુક સાથે ચકાસતાં ઉક્ત નિયમ મુજબ કાર્યવાહી નહી થયાનું સ્પષ્ટ થયેલ છે, તેથી નવીન ચેક ઇસ્યુ કરવા થકી થયેલ ખર્ચના હિસાબો ના ખરાપણાની ખરાઇ થઇ શકતી નથી. જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે તથા ઉપરોક્ત રદ થયેલ ચેકની રકમ સંસ્થાના રોજમેળે જમા ન લીધેલ હોય તો જવાબદારથી વસુલ મેળવી તેના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત દર્શાવેલ કિસ્સા માત્ર નમુના રૂપ કિસ્સાઓ તરીકે લીધેલ છે અગાઉ તેમજ તપાસણી વર્ષના આવા ચેકની યોગ્ય અસર આપી યોગ્ય હિસાબો નિભાવી ખાતરી કરાવવી ઘટે.

(૦૫) સંસ્થા દ્વારા વાર્ષિક હિસાબો તૈયાર થતાં મળેલ આવક ગ્રાન્ટ તથા થયેલ ખર્ચની વિગતો સંપૂર્ણ સ્પષ્ટ રીતે વિગતવાર દર્શાવાય તો સંસ્થાનું નાણાંકીય સ્થિતિ સ્પષ્ટ બને છે સંસ્થા દ્વારા રજુ થયેલ વાર્ષિક હિસાબ અધૂરી વિગતે અને વિવિધ પ્રોજેક્ટ હેઠળ મળેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની વિગતો દર્શાવ્યા વિનાના જણાયેલ છે. સંસ્થા દ્વારા હેતુસર મળેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની વિગતોવાર હિસાબો નિભાવણી થતાં નથી.

(૦૬) હિસાબોના મેળવણાં માટે નાણાંકીય વર્ષ અંતિત તમામ બેંકોના અધિકૃત સ્ટેટમેન્ટ્સ, અનપેઇડ ચેકની વિગતો, બેંકો દ્વારા ઉધારવામાં આવેલ કમિશન, બેંકચાર્જની વિગતો વગેરે પ્રા. વાં. ક્રમાંક -૬૫ થી માંગવા છતાં અન્વેષણમાં રજુ થવા પામેલ નથી. તેથી સદરહુ વિગતોના અભાવે સંસ્થાના હિસાબોના ખરાપણાની ખાતરી થઇ શકેલ નથી.

પ્રા. વાં. ક્રમાંક ૩૩,૬૫ તથા ૧૦૫ના સંસ્થાએ જવાબ કરેલ નથી. તથા પ્રા.વા.નં.૭૯ નો જવાબ પ્રા.વા.ની વિગતો સાથે સુસંગત નથી.

વસુલાત રકમ રૂ ૧,૦૩,૮૫૮/-

ફકરા નં.- ૨૯

"Endowment Fund" હિસાબ નિભાવણીની અનિયમિતતા.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના હિસાબોનું અવલોકન કરતાં "Endowment Fund" સદરે આવક ખાતે રૂા ૧૪૩૮૭૪૮૫૯.૧૨ અને ખર્ચ ખાતે રૂા ૧૪૫૦૫૪૨૯૨.૦૫ દર્શાવેલ હોવાનું ધ્યાને આવેલ હતું સદરહુ આવક તથા ખર્ચ સંબંધમાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ:-</u>

(૧) સદરહુ ફંડની કેટલીક રકમો બેંક માં બાંધી મુદ્દતની થાપણો તરીકે જમા કરાવેલ છે. સદરહુ બેંકોમાં જમા કરાવેલ બાંધી મુદ્દતની થાપણોની રકમ રૂા ૧૩,૯૬,૦૬,૨૮૦/- થવા પામે છે. જ્યારે અન્વેષણ વર્તુળ દ્વારા ભૌતિક ચકાસણી કરેલ થાપણોની રકમ રૂા ૧૯,૨૫,૨૯,૧૨૧/- થવા પામે છે. તે ધ્યાને લેતાં રૂા ૫,૨૯,૨૨,૮૪૧/- જેટલો તફાવત જણાઇ આવે છે. સદરહુ તફાવત દૂર કરવા સંસ્થા દ્વારા પ્રયત્ન થયેલ નથી.

(૨) ટૂંકી મુદ્દતની થાપણોના વ્યાજ તરીકે રૂા ૧૧,૬૧,૭૩,૭૯૮/૦૩ સદરહુ ફંડના હિસાબોમાં જમા તરીકે દર્શાવવામાં આવેલ છે, સદરહુ વ્યાજ કયા કયા સમયગાળા દરમ્યાન અને કઇ કઇ બેંકો દ્વારા, કયા કયા દરે અને કેટલા રકમની થાપણો થકી પ્રાપ્ત થયેલ છે? તેના વિગતવાર હિસાબોના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૩) સદરહુ ફંડની આવક તથા ખર્ચની વિગતો સંસ્થાના વાર્ષિક હિસાબોના પ્રથમ પાને દર્શાવેલ હિસાબોમાં દર્શાવવામાં આવેલ નથી. તો વાર્ષિક હિસાબોમાં સદરહુ ફંડની આવક તથા ખર્ચની રકમો બહાર રાખવામાં આવે છે જેના કારણે વાર્ષિક હિસાબ સાચી વિગત રજુ કરતું નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૧ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં - ૩૦

==================================================================

**આવકની પહોંચબુકોના હિસાબો નિભાવવામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૪/૧૫ ના વર્ષના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સંસ્થા હસ્તકનાં વિવિધ વિધાભવનોમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા તથા અન્ય પ્રકારે લેવામાં આવતી ફી પેટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૭ માં દર્શાવ્યા પ્રમાણે તપાસણી વર્ષમાં રૂ! ૪૧,૬૩,૨૧,૫૯૩.૬૫ વસુલ કરવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ હતું.

ઉપરોકત વિગતે વસુલ કરવામાં આવેલ રકમની ચકાસણી કરવા માટે સંસ્થા દ્વારા છપાવવામાં અને ઉપયોગમાં લેવાયેલ પહોંચબુકોની અન્વેષણ દ્વારા જમાના રેકર્ડ સાથે ખરાઇ કરવામાં આવે છે. ઉકત વિગતે રજુ થયેલ વસુલાતની પહોંચબુકોના હિસાબ તથા તેના સ્ટોક રજિસ્ટરની નિભાવણી બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ :-</u>

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૩૫ થી ૩૮માં રાજ્ય સરકાર હસ્તકની કચેરીઓ/સંસ્થાઓમાં મળતી વિવિધ આવકોના હિસાબોની નિભાવણી માટે નિયત નમૂનાની પાવતીબુકો તથા પાવતીબુકોના હિસાબો માટેનું નિયત સ્ટોક રજિસ્ટર નિયત કરવામાં આવેલ છે.

(૧) ઉપરોકત આવકના હેતુ માટે વપરાશમાં લેવાયેલ પહોંચબુકો કયાંથી ઉપલબ્ધ/છપાવવામાં આવેલ હતી? પ્રેસ દ્વારા કેટલી પહોંચબુકોનો સ્ટોક વિવિધ ફેકલ્ટીવાર ૨૦૧૪/૧૫ ના વર્ષમાં છપવામાં આવેલ હતો? તેમાંથી કેટલો સ્ટોક વપરાશ માટે હિસાબી તેમજ અન્ય ભવનોને આપવામાં આવેલ હતો? હિસાબી/ અન્ય શાખાઓએ તેના હિસાબ માટે સ્ટોક/વપરાશ રજિસ્ટર નિભાવી જમા લીધેલ હતો કે કેમ? તપાસણી વર્ષ દરમ્યાન સદરહુ પહોંચબુકોનો કેટલો વપરાશ થવા પામેલ હતો? અને વર્ષના અંતે-કેટલી પહોંચબુકો વણવપરાયેલ જમા રહેવા પામેલ હતી? આ તમામ બાબતોની વિગતો સંસ્થામાં ઉપલબ્ધ નથી.

(૨) વર્ષ ૨૦૧૧/૧૨ ના અન્વેષણ અહેવાલના ફકરા ક્રમાંક-૬૧ થી સદરહુ પહોંચબુકોના સ્ટોક રજિસ્ટરની નિભાવણી માટે અનુરોધ કરવામાં આવેલ હોવાછતાં અન્વેષણની સુચના મુજબનું સ્ટોક રજિસ્ટર નિભાવેલ નથી.પરિણામે ,સદરહુ પહોંચબુકોના દુરુપયોગ થકી નાણાંકીય અનિયમિતતાઓ થવાની શકયતાઓ રહેલી છે.સદરહુ બાબતની ગંભીરતા ધ્યાને લેતાં પહોંચબુકોની છપામણી/વહેંચણી/સ્ટોકના ધોરણસરના હિસાબો વર્ષવાર નિભાવવાના રહે.

(૩) ઉપરોકત ક્રમ-(૧) તથા ક્રમ-(૨) માં દર્શાવેલ વિગતો મુજબનું નિયત સ્ટોક રજિસ્ટર વર્ષવાર નિભાવેલ ન હોઇ પ્રત્યેક વર્ષવાર છપાયેલ, વપરાયેલ અને વણવપરાયેલ પહોંચબુકોના હિસાબોનું મેળવણું થઇ શકતું ન હોઇ અન્વેષણના પ્રારંભે અન્વેષણ વર્તુળથી પહોંચબુકોના સ્ટોકની ભૌતિક ચકાસણી થઇ શકેલ નથી.

(૪) વર્ષ ૨૦૧૪/૧૫ ના અન્વેષણ માં સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ પાસબુકો પૈકી નીચે દર્શાવેલ પાવતીબુકો એક જ નંબરો ધરાવતી પહોંચબુકો છે.

| અં. નં. | પહોંચબુકોની વિગત | પહોંચબુકો નો નંબર | માસ/વર્ષ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | પી.જી. મેડીકલ ફી | ૨૦૦૧ થી ૨૪૦૦ | ૧૨/૨૦૧૪ |
| ૨ | પી.જી. મેડીકલ ફી | ૨૦૦૧ થી ૨૪૦૦ | ૧૨/૨૦૧૪ |

ઉપર મુજબ સરખા નંબરોવાળી પહોંચબુકોનો ફી વસુલાત માટે ઉપયોગ કરવામાં આવે તો નાણાંકીય ગેરરીતિ/ઉચાપત થવાની ખુબ જ સંભાવના રહેલી છે. તેમજ વિદ્યાર્થીઓ પાસેથી વસુલ લેવામાં આવતી વિવિધ ફીની રકમોનું પ્રમાણ વધુ હોવાથી ઉપર મુજબ એક જ નંબરવાળી પહોંચબુકનો વપરાશ થવાથી વિદ્યાર્થીઓને આપવામાં આવતી પહોંચોના નંબર પણ બેવડાતા હોઇ તેના હિસાબો નિભાવવામાં પણ મુશ્કેલી અનુભવાતી હોય છે. તેથી વસુલ કરેલ ફી ની રકમોના હિસાબ અને તેની સુરક્ષા સારૂ એક જ નંબરવાળી પહોંચબુકોની છપામણી અને તેનો વપરાશ ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે. ઉપરાંત આવી અન્ય ડુપ્લીકેટ પહોંચબુકો છપાવેલ હોય અથવા વપરાશ થયેલ હોય તો તે પરત્વે સંસ્થા દ્વારા જરૂરી તપાસ કરી નિયમોનુસાર કાર્યવાહી કરવી રહે.

(૫) અન્વેષણ વર્તુળના પ્રા. વાં. ક્રમાંક – ૧, તા. ૨/૮/૧૮ થી સંસ્થાની આવક તથા ખર્ચનું તમામ રેકર્ડ અન્વેષણમાં રજુ કરવા જણાવેલ હોવા છતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૮ માં દર્શાવેલ પહોંચબુકો અન્વેષણમાં રજુ કરવામાં આવેલ નહોતી. પરિણામે, સદરહુ પહોંચબુકો દ્વારા વસુલ લીધેલ રકમો સંસ્થા તથા ત્યારબાદ સંબંધિત બેંકખાતાઓમાં જમા કરાવવામાં આવેલ હતી કે કેમ? તથા સદરહુ પહોંચબુકો દ્વારા નાણાંકીય ગેરરીતિ થવા પામેલ છે કે કેમ? તેવી સઘળી બાબતોની ખરાઇ અન્વેષણથી થઇ શકેલ નથી. તેથી સંસ્થા દ્વારા સદરહુ બાબતે જરૂરી તપાસ કરી સદરહુ પહોંચબુકોથી વસુલ લીધેલ રકમ સંસ્થાના ભંડોળે જમા લીધાની ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં. ૮૭ નો જવાબ નિયમો સાથે સુસંગત નથી તથા પ્રા. વાં. નં. ૯૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

અન્વેષણ વર્ષ ૨૦૧૪/૧૫ માં વિવિધ ફી પેટે વસુલ કરેલ રકમની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૭

| અ.નં. | આવક/ફી ની વિગત | આવક રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પરીક્ષા ફી ની આવક | ૧૬,૯૦,૨૩,૪૭૩.૦૦ |
| ૨ | અન્ય ફી ની આવક | ૪,૪૬,૧૭,૭૩૨.૫૮ |
| ૩ | પ્રકાશનોની આવક | ૯૨,૦૨,૧૭૦.૦૭ |
| ૪ | પરચુરણ આવકો | ૪,૧૯,૬૦,૪૦૧.૦૦ |
| ૫ | અનુસ્નાતક શિક્ષણકાર્ય-ફી | ૬,૧૨,૪૬,૬૨૩.૦૦ |
| ૬ | આરોગ્ય કેન્દ્રની આવક | ૫,૧૪૯.૦૦ |
| ૭ | અતિથિગૃહની આવક | ૧,૭૨,૮૫૦.૦૦ |
| ૮ | યુનિવર્સિટી છાત્રાલયો | ૯,૩૮,૭૦૦.૦૦ |
| ૯ | જમીન આવક | ૯,૩૪,૭૦૦.૦૦ |
| ૧૦ | યુનિવર્સિટી ગ્રંથાલય | ૧૧,૪૫૪.૦૦ |
| ૧૧ | ગ્રંથાલય શાસ્ત્રભવન | ૪,૨૫૮૦૦ |
| ૧૨ | યુનિકોમ્પ્યુટર સેન્ટર. | ૩,૮૭,૫૦૫.૦૦ |
| ૧૩ | પ્રોફેશનલ તાલીમ સેન્ટર | ૭,૭૩,૨૫૫.૦૦ |
| ૧૪ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૯૫,૯૭૬.૦૦ |
| ૧૫ | પત્રકારત્વ વિભાગ | ૧,૩૭,૬૦૦.૦૦ |
| ૧૬ | પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ | ૬,૫૪,૦૦૦.૦૦ |
| ૧૭ | માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુ. | ૬,૯૨,૮૮૦.૦૦ |
| ૧૮ | કન્વેન્શન સેન્ટર | ૮,૫૦,૦૦,૦૦૦.૦૦ |
| ૧૯ | ઓનલાઇન એડમીશન ફી | ૪૧,૩૨૫.૦૦ |
| | | |
| | કુલ આવક -: | ૪૧,૬૩,૨૧,૫૯૩.૬૫ |

## અન્વેષણમાં રજુ નહીં થયેલ પહોંચબુકોની વિગત દર્શાવતું પરિશિષ્ટ – ૮

| અં. નં. | પહોંચબુક નંબર | આવકોની વિગત | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| <૧> | <૨> | <૩> | <૪> | <૫> |
| ૧ | ૩૩૦૧ થી ૩૩૬૭ | એમ.એ. (એક્સ) | ૧૦/૪/૧૪ | ૯૦૦/- |
| ૨ | ૭૬૪૩ થી ૭૬૫૧ | વી.એમ. | ૧૬/૪/૧૪ | ૫૦/- |
| ૩ | ૨૭૬૩ થી ૨૭૮૮ | લાયબ્રેરી MSC | ૧૧/૫/૧૪ | ૨૬૪/- |
| ૪ | ૧૮૦૨ થી ૧૮૦૨ | ઇ.એમ.આર. | ૨૦/૫/૧૪ | ૧૧૦૦/- |
| ૫ | ૧૮૦૩ થી ૧૮૦૩ | ઇ.એમ.આર. | ૨૧/૫/૧૪ | ૫૧૦૦/- |
| ૬ | ૫૦૫ થી ૫૦૫ | ઇ.એમ.આર. | ૨૧/૫/૧૪ | ૧૯૯૦/- |
| ૭ | ૩૦૫ થી ૩૦૫ | સ્પોર્ટસ સી. | ૨૧/૫/૧૪ | ૯૯૫/- |
| ૮ | ૧૮૦૩ થી ૧૮૦૩ | ઇ.એમ.આર. | ૨૧/૫/૧૪ | ૫૧૦૦/- |
| ૯ | ૪૫૬ થી ૫૦૦ | સી.રેટ | ૨૨/૫/૧૪ | - |
| ૧૦ | ૧૨૧૦૧ થી ૧૨૩૦૦ | ઇ.એલ | ૧/૪/૧૪ થી ૩૧/૩/૧૫ | - |
| ૧૧ | ૭૦ થી ૭૧ | ઇ.એલ. | ૧/૪/૧૪ થી ૩૧/૩/૧૫ | ૬૦૦૦/- |
| ૧૨ | ૫૦૭ થી ૫૦૭ | ઇ.એમ.આર. | ૨૮/૭/૧૪ | ૨૨૦૦/- |
| ૧૩ | ૩૦૭ થી ૩૦૭ | સ્પોર્ટસ સી. | ૨૮/૭/૧૪ | ૧૧૦૦/- |
| ૧૪ | ૨૬૦૧ થી ૨૬૦૧ | પી.એ.રેટ | ૨૬/૮/૧૪ | ૨૫૦/- |
| ૧૫ | L F પહોંચો | એલ.એફ. પહોંચો | ૧૧૪/૧૦/૩૧ થી૧૪/૧૦/ | - |
| ૧૬ | ૧૩૧૦૧ થી ૧૩૨૦૦ | બી.એ. | ૨૭૩૧ થી ૧૫/૩//૩/૧૫ | ૭૦૦/- |
| ૧૭ | ૨૦૦૧ થી ૨૪૯૯ | આર.જી.આઇ. | ૧૧૫/૩/૩૧ થી ૧૪/૪/ | - |
| ૧૮ | ૩૫૩ થી ૩૫૪ | સ્પોર્ટસ સી. | ૧૩૧૪/૧૧/ | ૪૬૫૦/- |
| ૧૯ | ૧ થી ૮૦૦ | આર.જી.આઇ. | ૧૧૫/૩/૩૧ થી ૧૪/૪/ | ૧૦૦/- લેખે |

ફકરા નં – ૩૧

ગ્રંથાલયની જવાબદારીઓમાં ઉત્તરોત્તર વધારો થવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા હસ્તકનાં નમૂનારૂપ ભવનોની ગત વર્ષની આવકની સામે તપાસણી વર્ષમાં થયેલ આવકની વિગતોનું તુલનાત્મક દ્રષ્ટિએ અવલોકન કરવામાં આવેલ હતું. તદ્દનુસાર ગ્રંથાલય ભવનની વર્ષ ૨૦૧૩/૧૪ તથા ૨૦૧૪/૧૫ ની આવકની સ્થિતિ નીચે દર્શાવ્યા મુજબ જણાઇ આવેલ હતી.

આવકો:-

| અ.નં | આવકની વિગત | વર્ષ | રકમ | વર્ષ | રકમ | તફાવત | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વધારો | ઘટાડો |
| ૧ | શિક્ષણ ફી | ૨૦૧૩/૧૪ | ૧૨૪૫૦૦/- | ૨૦૧૪/૧૫ | 0.00 | - | ૧૨૪૫૦૦/- |
| ૨ | લાયબ્રેરી ફી | ૨૦૧૩/૧૪ | ૯૯૦૦/- | ૨૦૧૪/૧૫ | 0.00 | - | ૯૯૦૦/- |
| ૩ | પરચુરણ આવક | ૨૦૧૩/૧૪ | 0.00 | ૨૦૧૪/૧૫ | ૧૧૪૪૪/- | ૧૧૪૪૪/- | - |
| ૪ | પરીક્ષા ફી | ૨૦૧૩/૧૪ | ૧૯૮૦૦/- | ૨૦૧૪/૧૫ | 0.00 | - | ૧૯૮૦૦/- |
| ૫ | કોમ્પ્યુટર ફી | ૨૦૧૩/૧૪ | ૧૪૮૫૦૦/- | ૨૦૧૪/૧૫ | 0.00 | - | ૧૪૮૫૦૦/- |
| ૬ | પ્રવાસ ફી | ૨૦૧૩/૧૪ | ૧૪૧૦૦૦/- | ૨૦૧૪/૧૫ | 0.00 | - | ૧૪૧૦૦૦/- |
| | કુલ | | ૪૪૩૭૦૦.૦૦ | | ૧૧૪૪૪.૦૦ | ૧૧૪૪૪.૦૦ | ૪૪૩૭૦૦.૦૦ |

ઓડીટ અવલોકન:-

(૧) ઉપરોક્ત આવકની વિગતો ધ્યાને લેતાં ગત વર્ષ ૨૦૧૩/૧૪ માં ગ્રંથાલયની આવક રૂ! ૪,૪૩,૭૦૦/- થયેલ હતી. તેની સામે ૨૦૧૪/૧૫ ના વર્ષમાં કુલ રૂ! ૧૧,૪૪૪/- ની આવક થવા પામેલ હતી. બંને આવકની તુલનાત્મક ધોરણે સરખામણી કરતાં અન્વેષણ વર્ષમાં રૂ! ૪,૩૨,૨૫૬/- ની આવકનો તફાવત જણાઇ આવેલ હતો. આમ, સદરહુ ભવનની આવકોમાં થયેલ માતબર ઘટાડા બાબતે જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે તથા ગત વર્ષની તુલના એ તપાસણી વર્ષમાં થયેલ આવક ઘટાડા સંદર્ભમાં આગામી વર્ષોમાં સદરહુ ભવનની આવકોમાં ઉત્તરોત્તર વધારા થકી ભવનની નાણાંકીય સધ્ધરતા વધે અને સંસ્થા/ભવન સ્વનિર્ભર બને તે દિશામાં નક્કર આયોજન કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૮ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા નં - ૩૨

મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને મિલકત વેરાની ચુકવણીમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન ખર્ચનાં વાઉચરોની ચકાસણી કરતાંનીચે દર્શાવેલ વિગતે મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદને ૨૦૧૪/૧૫ ના વર્ષ માટે કુલ રૂ! ૫૫,૦૮,૦૮૨/- ની ચુકવણી મિલકત વેરા પેટે કરવામાં આવી હોવાનું ધ્યાને આવેલ હતું.

| અં. નં. | વાં. નં. | તારીખ | રકમ | ચુકવણાની ટુંકી વિગત | એજન્સી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૫૭ | ૧૧/૦૪/૧૪ | ૪૯,૭૪,૧૪૭/- | મિલક્ત વેરો | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| ૨ | ૪૫૦ | ૧૯/૦૪/૧૪ | ૫,૩૩,૯૩૫/- | મિલક્ત વેરો | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| | | કુલ રૂ! | ૫૫,૦૮,૦૮૨/- | | |

સદરહુ ચુકવણીમાં અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રજુ થયેલ મિલકતની યાદી તે કચેરીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત થયેલ ન હોઇ દર્શાવેલ સંસ્થાની મિલકતોના હયાતીપણાના વ્યાજબીપણા ની ધોરણસરની ખરાઇ થઇ શકતી નથી.

(૨) ઉક્ત વાઉચરો સાથે સામેલ યાદી મુજબ સંસ્થાની મિલકતો સંસ્થાના મિલકત રજિસ્ટરે નોંધવામાં આવેલ છે કે કેમ? સંસ્થાએ મિલકત રજિસ્ટર રજુ કરેલ ન હોઇ સદરહુ મિલકતો સંસ્થાની માલિકીની હોવાની ખાતરી અન્વેષણથી થઇ શકેલ નથી.

(૩) વાઉચરો સાથે સામેલ વિગતો મુજબ મિલકતોના બાંધકામ માટે સંસ્થાએ સક્ષમ બાંધકામ એજન્સીને કરેલ દરખાસ્તો તથા તે સંદર્ભમાં મળેલ મંજુરી તથા તેના રજિસ્ટ્રેશન સંબંધી કોઇ આધાર અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ સંસ્થાની ઉક્ત મિલકતોનું બાંધકામ નિયમોચિત થયાની ખાતરી થઇ શકતી નથી.

(૪) ઉપરોક્ત વાઉચરો સાથે સામેલ મિલકતોના વપરાશ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બી.યુ પરમિશન તથા મુદ્દત વધારા માટે આપેલ મંજુરી ના આધાર રજુ થવા ઘટે. જેથી સદરહુ મિલકતોના નિયમોચિત વપરાશની ખાતરી થઇ શકે.

(૫) ઉપરોક્ત મિલકતો પૈકી કેટલી મિલકતો ઉપયોગમાં લેવાતી નથી તેની ખરાઇ માટેનું કોઇ રેકર્ડ/માહિતી અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ હયાત મિલ્કતો પૈકી કેટલી મિલ્કતો બિનવપરાશી હોવાં છતાં તેનો મિલ્કત વેરો ચૂકવવામાં આવેલ છે? તેની યોગ્ય ખરાઇ અન્વેષણથી થઇ શકતી નથી.

(૬) ઉપરોક્ત વાઉચર સાથે સામેલ મિલકતની વિગતો મુજબ સંસ્થા હસ્તકના રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રનો મિલકતવેરો વર્ષ ૨૦૦૭/૦૮ થી બાકી હોવાથી ૨૦૦૭/૦૮ થી ૨૦૧૩/૧૪ દરમ્યાનની રૂા ૧,૦૭,૧૬૫/- ની વ્યાજ ગણતરી કરી બિલ બનાવેલ છે. આમ, સંસ્થાની શિથિલતાના કારણે જે તે સમયે મિલ્કત વેરો ભરી શકાયેલ ન હોઇ ઉક્ત વિગતે રૂા ૧,૦૭,૧૬૫/- ની વ્યાજ ચુકવણી કરવી પડેલ છે. જે અંગે કસુરવારની જવાબદારી નક્કી કરી નિયમોચિત કાર્યવાહી થકી જવાબદારથી વસુલાત કરી વસુલાતના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી આધારસહ સ્પષ્ટતા થતાં સુધી કરેલ ચુકવણાંની રકમ રૂા ૫૫,૦૮,૦૮૨/- આથી વાંધા હેઠળ રાખવામાં આવેલ છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૯૪ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા ૫૫,૦૮,૦૮૨/-
વસુલાત રૂા ૧,૦૭,૧૬૫/-

ફકરા નં – ૩૩

---

અન્ય કર ખાતે ઉધારેલ ખર્ચની અનિયમિતતાઓ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં ખર્ચ બાજુએ " અન્ય કર ખર્ચ " સદરે રૂ! ૮૬,૭૧,૦૦૦/- નો ખર્ચ દર્શાવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ:-</u>

(૧) વાર્ષિક હિસાબોમાં " અન્ય કર ખર્ચ " સદર હેઠળ રૂ! ૮૬,૭૧,૦૦૦/- જેટલી માતબર રકમ દર્શાવવામાં આવેલ છે, પરંતુ તેમાં કયા કયા કરનો સમાવેશ કરવામાં આવેલ છે તેની કોઇ વિગતો સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ ન હોઇ ખરેખર સદરહુ ખર્ચ શિક્ષણ ઉપકર, વ્યવસાયવેરો, આવકવેરો, વગેરે કર પેટે ચુકવવામાં આવેલ છે કે કેમ? સ્પષ્ટ વિગતોના અભાવે યોગ્ય ખર્ચ સદરની ધોરણસરની ચકાસણી થઇ શકેલ નથી. તો ઉક્ત વિગતે વિવિધ કરની ચુકવણી ના ખર્ચની સદરવાર સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સામાન્ય રીતે વિવિધ કર રૂપે થયેલ આવકોને પ્રથમ હિસાબોમાં આવક બાજુએ દર્શાવવાની રહે છે, અને જ્યારે જ્યારે તેવી આવકોને નિયત કરેલ સદરે જમા કરાવવામાં આવે ત્યારે તેવી રકમોને વિવિધ ખર્ચ તરીકે દર્શાવવાની રહે છે. સંસ્થાના હિસાબોમાં ઉક્ત કર સંબંધી કોઇ આવક જમા લીધાનું જણાતું નથી. તેથી તપાસણી વર્ષમાં વ્યવસાયવેરો, આવકવેરો, તથા શિક્ષણ ઉપકર પેટે કેટલી આવકો સંસ્થાને પ્રાપ્ત થઇ? તેવી પ્રાપ્ત રકમો/કરમાંથી કેટલી રકમો/કર સંસ્થાએ યોગ્ય સદરે જમા કરાવી? અને ૨૦૧૪/૧૫ ના નાણાંકીય વર્ષના અંતે કેટલી રકમો કર તરીકે જમા કરાવવાની બાકીમાં છે? તેની ધોરણસરની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી તો ઉક્ત હિસાબોના મેળવણા સહિતના દસ્તાવેજો રજુ કરી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૯૫ નો જવાબ કરેલ નથી.

ફકરા નં - ૩૪

સર્વિસ ટેક્ષના ચુકવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન ખર્ચનાં વાઉચરોની ચકાસણી કરતાંસંસ્થા દ્વારા સર્વિસ ટેક્ષ પેટે નીચે દર્શાવેલ વિગતે રૂ! ૧,૩૨,૨૫,૭૧૩/- ની ખાનગી એજન્સીને કરેલ હોવાનું ધ્યાને આવેલ હતું.

| અ. નં. | વા. નં. | તારીખ | રકમ | એજન્સીનું નામ |
|---|---|---|---|---|
| <૧> | <૨> | <૩> | <૪> | <૫> |
| ૧ | ૫૨૪ | ૨૩/૪/૧૪ | ૧૧,૦૪૪/- | મનુભાઇ & શાહ કંપની |
| ૨ | ૧૪૮૦ | ૨૨/૫/૧૪ | ૧૫,૫૧,૦૮૦/- | મનુભાઇ & શાહ કંપની |
| ૩ | ૧૫૯૪ | ૨૯/૫/૧૪ | ૧૧,૦૦,૬૪૫/- | મનુભાઇ & શાહ કંપની |
| ૪ | ૨૨૧૮ | ૨૧/૬/૧૪ | ૨૬,૩૭,૫૦૯/- | મનુભાઇ & શાહ કંપની |
| ૫ | ૪૭૦૭ | ૦૧/૧૦/૧૪ | ૨૬,૩૭,૪૮૨/- | મનુભાઇ & શાહ કંપની |
| ૬ | ૬૭૩૬ | ૦૩/૦૧/૧૫ | ૨૬,૩૬,૩૮૮/- | મનુભાઇ & શાહ કંપની |
| ૭ | ૮૮૬૫ | ૩૧/૦૩/૧૫ | ૨૬,૫૧,૫૬૫/- | મનુભાઇ & શાહ કંપની |
| | | | | |
| | | કુલ રૂ! | ૧,૩૨,૨૫,૭૧૩/- | |

ઉપરોક્ત વિગતે સંસ્થા દ્વારા ખાનગી પેઢી/એજન્સીને કરવામાં આવેલ ચુકવણામાં અન્વેષણને નીચે દર્શાવેલ અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંસ્થા હસ્તકનાં મધરડેરી, એસબીઆઇ નું મકાન, ગાંધી કોર્પોરેશન નું મકાન તથા કન્વેન્શન સેન્ટર જેવી મિલકતો ભાડેથી આપી તેના ભાડા પેટે થતી આવકમાંથી સરકારશ્રીને ઉક્ત ખાનગી એજન્સી દ્વારા સર્વિસટેક્ષની ચુકવણી કરવામાં આવે છે. સદરહુ સર્વિસટેક્ષની રકમના ચેક ઉપરોક્ત ખાનગી એજન્સીને સરકારશ્રીની કઇ જોગવાઇઓને આધિન રહી આપવામાં આવે છે? સરકારશ્રીના કોઇ ઠરાવ/પરિપત્ર થયેલ હોય તો તેના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૨) સદરહુ સર્વિસટેક્ષની ચુકવણીના ચેક ખાનગી એજન્સીના નામે આપવા થકી નાણાંકીય નાદારીનાં કારણોસર સંસ્થાને મોટુ આર્થિક નુકશાન થવાની સંભાવના નકારી શકાય નહીં, તેથી સદરહું કાર્યપધ્ધતિ મુજબ સર્વિસટેક્ષની ચુકવણી નહીં કરતાં પરભારે સરકારશ્રીમાં જમા કરાવવાની પધ્ધતિનો ચુસ્ત અમલ કરવા ઓડીટ અનુરોધ છે, તે મુજબ અમલવારી કરી અન્વેષણને આધારિત ખાતરી કરાવવી ઘટે.

(૩) ઉપરોક્ત વિગતે તપાસણી વર્ષમાં કુલ રૂ! ૧,૩૨,૨૫,૭૧૩/- જેટલી રકમની ચુકવણી સર્વિસટેક્ષ પેટે સંસ્થાએ ચૂકવેલ છે, પરંતુ ખર્ચનાં વાઉચરો સાથે સર્વિસટેક્ષ પેટે કરેલ ચુકવણાની પહોંચો/ઓનલાઇન સમરી સ્લીપો રજુ થયેલ ન હોઇ થયેલ ચુકવણાના વ્યાજબીપણાની ચકાસણી અન્વેષણથી શક્ય બનેલ નથી, જે અંગે જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૪) સંસ્થાએ મધરડેરી, એસબીઆઇ, ગાંધી કોર્પોરેશન તથા કન્વેન્શન સેન્ટર જેવી મિલક્તો ભાડા કરારથી ખાનગી એજન્સીઓને આપવામાં આવેલ છે, પરંતુ ભાડા કરાર સંબંધી કોઇપણ પ્રકારનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરેલ ન હોઇ થયેલ કરાર નિયમોચિત છે કે કેમ? કરારમાં સુનિશ્ચિત કરવામાં આવેલ શરતોનું યોગ્ય પાલન થયેલ છે કે કેમ? તેમજ વસુલ લેવામાં આવેલ ભાડાની આવકો તથા સરકારશ્રીમાં ચૂકવેલ સર્વિસટેક્ષની રકમના વ્યાજબીપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી. જે અંગે જવાબદારથી આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૫) સર્વિસટેક્ષ પેટે આટલી માતબર રકમો ખાનગી એજન્સી દ્વારા ચૂકવવા અંગે સંસ્થાની ફાઇનાન્સ કે અન્ય સંલગ્ન કમિટિના ઠરાવ થકી મંજુરી આપવામાં આવેલ છે કે કેમ? જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા/ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂ! ૧,૩૨,૨૫,૭૧૩/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૯૬ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૧,૩૨,૨૫,૭૧૩/-

ફકરા નં - ૩૫

## ખર્ચનાં વાઉચરો અને કેશબુકમાં દર્શાવેલ ખર્ચની રકમમાં જણાઇ આવેલ તફાવત બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના અન્વેષણ દરમ્યાન ખર્ચનાં વાઉચરોની કેશબુક સાથે ખરાઇ કરતાં નીચે મુજબનો તફાવત ધ્યાને આવેલ હતો.

| અ. નં. | વા. નં | તારીખ | વાઉચર મુજબ રકમ | કેશબુક મુજબ રકમ | તફાવત | ખર્ચની ટૂંકી વિગત |
|---|---|---|---|---|---|---|
| <૧> | <૨> | <૩> | <૪> | <૫> | <૬> | <૭> |
| ૧ | ૨૮૦ | ૧૧/૪/૧૪ | ૬૧૭૦૦૦/- | ૬૩૮૦૦૦/- | (-) ૨૧૦૦૦/- | એડવાન્સ પેટે |
| ૨ | ૨૪૮૩ | ૩૦/૬/૧૪ | ૪૨૪૧૦૦/- | ૪૨૪૧૦૦૦/- | (-) ૩૮૧૬૯૦૦/- | એડવાન્સ પેટે |
| ૩ | ૨૫૬૯ | ૧/૭/૧૪ | ૮૯૦૩૯/- | ૮૮૦૮૯/- | ૯૫૦/- | પરચુરણ ખર્ચ |
| ૪ | ૨૭૩૨ | ૧૪/૭/૧૪ | ૨૫૦૦૦૦/- | ૨૫૦/- | ૨૪૯૭૫૦/- | મેડીકલ પ્રવેશ પેટે |
| ૫ | ૧૧૫ | ૪/૪/૧૪ | ૩૬૦૧૦/- | ૩૫૪૧૦/- | ૬૦૦/- | પરચુરણ ખર્ચ |
| ૬ | ૯૦૧૭ | ૩૧/૩/૧૫ | ૬૨૯૦૦/- | ૩૪૩૬૭/- | ૨૮૫૩૩/- | યુનિ રમત ગમત સ્પર્ધા |
| | | કુલ | ૧૪,૭૯,૦૪૯/- | ૫૦,૩૭,૧૧૬/- | (-) ૩૫,૫૮,૦૬૭/- | |

<u>ઓડીટનોંધ:-</u>

ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના નિયમ-૩૮ની જોગવાઇ મુજબ જે તારીખે કોઇપણ પ્રકારનો ખર્ચ કરવાની આવશ્યક્તા ઉભી થાય તે તારીખ પૂર્વે કરવાપાત્ર ખર્ચ સંબંધી ધોરણસરનાં બિલો તૈયાર કરી સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજુરી/સહી મેળવ્યા બાદ સંબંધિત એજન્સી/પાર્ટી ને ચેક/રોકડેથી ચુકવણું કરવાનું રહે છે, અને જેટલી રકમનાં બિલ/વાઉચરોની મંજુરી મેળવી હોય તેટલી જ રકમનો ખર્ચ તે તારીખે કેશબુકમાં ઉધારવાનો રહે છે. વાઉચરો અને કેશબુકની રકમોમાં તફાવત હશે તો તેના દૈનિક/માસિક અને વાર્ષિક હિસાબો ક્ષતિરહિત તૈયાર થઇ શકે નહિં. તેથી બંને દસ્તાવેજોના ખર્ચના આંક એકસમાન હોય તે અનિવાર્ય છે. સંસ્થાના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન

સંસ્થાએ તૈયાર કરેલ ખર્ચનાં વાઉચરોની કેશબુક સાથે ખરાઇ કરતાં બંને દસ્તાવેજોના ખર્ચમાં રૂા ૩૫,૫૮,૦૬૭/- નો માતબર તફાવત અન્વેષણના ધ્યાને આવેલ હતો. સદરહુ બાબત ધ્યાને લેતાં સંસ્થાએ કરેલ ખર્ચનાં વાઉચરોની યોગ્ય નોંધ કેશબુકમાં નહીં થતી હોવાનું તથા તેવા હિસાબોની યોગ્ય ચકાસણી, સક્ષમ અધિકારી કક્ષાએ નહી થતી હોવાનું સ્પષ્ટ થાય છે. વળી, સદરહુ બંને દસ્તાવેજોના ખર્ચના આંક ભિન્ન-ભિન્ન હોવાથી સંસ્થાના દૈનિક/માસિક તથા વાર્ષિક હિસાબો ક્ષતિવાળા હોવાનું સ્પષ્ટ થાય છે.

આમ, ક્ષતિવાળા હિસાબો નિભાવવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે તથા ઉપરોક્ત વિગતે બંને દસ્તાવેજોના ખર્ચમાં જણાઇ આવેલ તફાવતની સંપૂર્ણ અસર સંસ્થાના દૈનિક, માસિક અને વાર્ષિક હિસાબોમાં આપી ત્રણેય હિસાબો ક્ષતિરહિત હોવાની આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કરી અન્વેષણને આધારિત ખાતરી કરાવતાં સુધી દર્શાવેલ તફાવતની રકમ રૂા (-)૩૫,૫૮,૦૬૭/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૯૯ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા ૩૫,૫૮,૦૬૭/-

ફકરા નં - ૩૬

==========================================================

## વિના વાઉચરે રોજમેળમાં ખર્ચ ઉધારવા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન ખર્ચનાં વાઉચરોની રોજમેળ સાથે ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિ-૯ માં દર્શાવ્યા મુજબનાં વાઉચરો વિના રોજમેળમાં રૂ! ૧૪,૦૭,૬૦૪/- નો ખર્ચ ઉધારેલ હોવાનું ધ્યાને આવેલ હતું. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ:-</u>

(૧) ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના નિયમ-૩૮ની જોગવાઇ અનુસાર કોઇપણ સરકારી કચેરી/સંસ્થા દ્વારા ખર્ચ કરવાનો થાય ત્યારે ખર્ચ સંબંધી ધોરણસરનાં નિયત નમૂનામાં બિલો બનાવી સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ તે બિલોનું સંબંધિત એજન્સી/પાર્ટીને ચુકવણું કરવાનું રહે છે. નિયત નમૂનાનાં વાઉચરો સાથે તેના સમર્થનમાં કામ/ખરીદીનાં બિલો તથા પહોંચ/પેટા વાઉચરો વગેરે અચૂક મેળવવાનાં રહે છે, તેવા બિલો/પેટા બિલો/પહોંચ વગેરે વિના કોઇપણ પ્રકારનું ચૂકવણું કરી શકાય નહિં. આમછતાં, સંસ્થાએ અન્વેષણ વર્ષમાં આ સાથે સામેલ પરિ-૭ માં દર્શાવેલ વિગતે વાઉચરો વિના સંબંધિત એજન્સી/પાર્ટીને ચુકવણાં કરેલ હતાં. જે નિયમો સાથે સુસંગત નથી. આમ, સંબંધિત એજન્સી/પાર્ટીને ઉક્ત વિગતે નિયત કાર્યપધ્ધતિ અનુસર્યા વિના કેવા સંજોગોમાં ચૂકવણાં કરવામાં આવેલ છે? તેની જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે, તથા પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબનાં વાઉચરો અન્વેષણમાં રજુ કરી ખર્ચના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

ઉક્ત વિગતે ખર્ચનાં વાઉચરોની ખાતરી કરાવતાં સુધી પરિ-૭ માં દર્શાવેલ ખર્ચ રૂ! ૧૪,૦૭,૬૦૪/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૧૦૦ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ! ૧૪,૦૭,૬૦૪/-

## વિના વાઉચરે કરેલ ખર્ચની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૯

| અં. નં. | વા. નં. | તારીખ | રકમ | ખર્ચની ટૂંકી વિગત | એજન્સી/પાર્ટી |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫૨ | ૧૯/૪/૧૪ | ૮૮૧૮/- | વીજ બિલ પેટે | ટોરેન્ટ પાવર લી. |
| ૨ | ૪૫૩ | ૧૯/૪/૧૪ | ૨૪૯૦/- | ઇલે. નિભાવણી | ટોરેન્ટ પાવર લી. |
| ૩ | ૪૫૪ | ૧૯/૪/૧૪ | ૨૮૯૮/- | સ્ટેશનરી છપામણી | શ્રી શાંતિનાથ પેપર્સ |
| ૪ | ૪૫૫ | ૧૯/૪/૧૪ | ૩૦૧૮૮/- | યુનિ. રીસર્ચખર્ચ | સુનોટ્રોનિક ઇન્ડિયા લી. |
| ૫ | ૪૫૬ | ૧૯/૪/૧૪ | ૫૫૫૮૪/- | અન્વેષણ મહેનતાણું | મનુભાઇ એન્ડ કં. |
| ૬ | ૪૫૭ | ૧૯/૪/૧૪ | ૫૬૦૦/- | એસ. એસ. પી. પેટે | શ્રી નુસરત શેખ |
| ૭ | ૪૫૮ | ૧૯/૪/૧૪ | ૧૬૬૨/- | IOAC પ્રોજેક્ટ | ડૉ. ઉત્પલ જોષી |
| ૮ | ૪૫૯ | ૧૯/૪/૧૪ | ૪૧૮૦/- | કન્ટીજન્સી ખર્ચ | શ્રી એમ. એમ. દેસાઇ |
| ૯ | ૨૦૨૭ | ૧૪/૬/૧૪ | ૧૮૭૨૦/- | કાઉન્ટર ક્લે. | યુનિવર્સિટી ફંડ |
| ૧૦ | ૯૧૧૯ | ૩૧/૩/૧૫ | ૧૨૦૦૦/- | UGC/BSR કન્ટી. | યુનિવર્સિટી ફંડ |
| ૧૧ | ૮૯૬૮ | ૩૧/૩/૧૫ | ૩૦૦૦/- | પ્રિન્ટીંગ/સ્ટેશનરી | યુ.એસ.બી. લી. |
| ૧૨ | ૬૯૬૯ | ૭/૧/૧૫ | ૩૨૨૦૯૮/- | સર્વિસ ટેક્ષ પેટે ચુકવણી | શ્રી મનુભાઇ પી. |
| ૧૩ | ૨૨૭ | ૧૦/૪/૧૪ | ૨૯૯૦૬૦/- | કાઉન્ટર કલેક્શન | યુનિવર્સિટી ફંડ |

**મુખ્ય વાઉચરો સાથે પેટા/સંલગ્ન બિલો રજુ થયેલ નથી તેવાં વાઉચરો ની વિગત**

| અં. નં. | વા. નં. | તારીખ | રકમ | ખર્ચની ટૂંકી વિગત | એજન્સી/પાર્ટી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૫૨ | ૧૧/૪/૧૪ | ૨૭૮૦૦૦/- | એડવાન્સ પેટે | વિગત ઉપલબ્ધ નથી |
| ૨ | ૬૬ | ૨/૪/૧૪ | ૬૩૮૫૨/- | ચાર્જ એલાઉન્સ | વિગત ઉપલબ્ધ નથી |
| ૩ | ૫૩૫૮ | ૩/૧૧/૧૪ | ૧૨૬૪૩૪/- | પગારની ચુકવણી | વિગત ઉપલબ્ધ નથી |
| ૪ | ૫૩૫૯ | ૩/૧૧/૧૪ | ૧૭૩૦૨૦/- | પગારની ચુકવણી | વિગત ઉપલબ્ધ નથી |
| | | કુલ | ૧૪૦૭૬૦૪/- | | |

ફકરા નં - ૩૭

=================================================================

પ્રશ્નપત્ર છપામણી ના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતા બાબત.

=================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન ખર્ચનાં વાઉચરોની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ વિગતે પ્રશ્નપત્રોની છપામણી પેટે ખર્ચ કરવામાં આવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું.

| અં. નં. | વાં. નં. | તારીખ | રકમ | ખર્ચની વિગત | એજન્સીનું નામ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૫૫૨૫ | ૧૩/૧૧/૧૪ | ૭૮,૬૩,૦૪૩/- | પ્રશ્નપત્રોની છપામણી ખર્ચ | એ. સી. અગ્રવાલ |
| ૨ | ૮૭૨૦ | ૨૩/૩/૧૫ | ૧,૦૦,૧૮,૬૦૫/- | પ્રશ્નપત્રોની છપામણી ખર્ચ | એસ. સી. અગ્રવાલ |
| | | કુલ રૂ! | ૧,૭૮,૮૧,૬૪૮/- | | |

ઉપરોક્ત ખર્ચ સંદર્ભમાં વાઉચરો સાથે ઉપલબ્ધ દસ્તાવેજોની ચકાસણી કરતાં અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) વા. નં. ૫૫૨૫ સાથે સામેલ પ્રેસ મેનેજરશ્રીની તા. ૧૩/૧૧/૧૪ ની નોંધની વિગતો મુજબ ગુજરાત યુનિવર્સિટીની ખાતે પોતાની માલિકીના મુદ્રણાલયમાં પ્રેસની સ્થાપના સમયે કુલ-૯૩ જગ્યાઓનું મહેકમ મંજુર થયેલ હતું. તે સમયે યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ તથા વિવિધ વિભાગોની છપામણી અંગેનાં કામો યુનિવર્સિટી પ્રેસ વિભાગ દ્વારા જ કરવામાં આવતાં હતાં. વયનિવૃતિને કારણે અધિકારીઓ/કર્મચારીઓની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થતાં હાલ કુલ ૧૬ કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમાં એક પ્રેસ મેનેજર, બે ઓફિસ કર્મચારી, એક મોનો ઓપરેટર, એક મશીનમેન, એક ગેલીમેન કમ એટેન્ડન્ટ તથા દસ હેલ્પરો ફરજ બજાવે છે. સદરહુ કર્મચારીઓ માટે ૧૨ કોમ્પ્યુટર પ્રિન્ટર સાથેનો ડી.ટી.પી વિભાગ, એક ઓફસેટ મશીન, એક

ઓટોમેટીક કટીંગ મશીન, ત્રણ કોપી પ્રિન્ટર્સની સુવિધા ઉપલબ્ધ હોવાનું નોંધમાં દર્શાવેલ છે. સંસ્થામાં ઉપરોક્ત ભૌતિક સગવડો ઉપલબ્ધ હોવા છતાં પ્રશ્નપત્ર છપામણી જેવી અગત્યની કામગીરી ખાનગી એજન્સીને સુપરત કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે. તદુપરાંત, સદરહુ પ્રશ્નપત્રોની છપામણી માટે અન્ય ખાનગી એજન્સી નક્કી કરવામાં આવેલ હોય તો પ્રેસ વિભાગમાં ફરજ બજાવતાં કુલ-૧૬ કર્મચારીઓ પાસેથી કઇ કઇ કામગીરી કરાવવામાં આવે છે? જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ઉપરોક્ત વાઉચરો સાથે સામેલ પત્રકની વિગતો જોતાં સંબંધિત પરીક્ષા નાં પ્રશ્નપત્રો માટે કોડનંબરો દર્શાવવામાં આવતા હોઇ કઇ કઇ પરીક્ષાઓ માટે કેટલાં પ્રશ્નપત્રોની છપામણી કરવી આવશ્યક હતી? તેની છપાવેલ પ્રશ્નપતત્રોની સંખ્યા અને તે પેટે ચૂકવેલ રકમના વ્યાજબીપણાની ધોરણસરની ચકાસણી થઇ શકેલ નથી.

(૩) પ્રશ્નપત્ર છપામણીના ઇજારા માટે કરેલ ટેન્ડર પ્રક્રિયાની ફાઇલ અન્વેષણમાં રજુ થયેલ નહોઇ વર્ષ ૨૦૧૪/૧૫માં પ્રશ્નપત્રોની છપામણી માટે ખાનગી એજન્સી સુનિસ્ચિત કરવાની પ્રક્રિયા ધોરણસર થઇ હોવાના વ્યાજબીપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.

(૪) ભારત સરકારશ્રીના આવકવેરા અધિનિયમના કલમ ૧૯૪/સી અનુસાર ખાનગી વેપારી એજન્સીના બિલમાંથી ૨% લેખે આવકવેરાની કપાત/વસુલાત કરવાની રહે છે. તે મુજબ સદરહુ કામની કુલ કિંમત રૂા ૧,૭૮,૮૧,૬૪૮/- ના ૨% લેખે રૂા ૩,૫૭,૬૩૩/- આવકવેરો વસુલ લઇ નિયત સદરે જમા કરાવી જમાના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા તેમજ આધાર સહ ખાતરી કરાવતા સુધી પ્રશ્નપત્રોની છપામણી પેટે કરેલ ખર્ચ રૂા ૧,૭૮,૮૧,૬૪૮/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૧૦૯ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા ૧,૭૮,૮૧,૬૪૮/-

આવકવેરા વસુલાત રૂા ૩,૫૭,૬૩૩/-

ફકરા નં - ૩૮

===================================================================

**આવકવેરાની કપાતની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા બાબત.**

===================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૪/૧૫ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાનાં લેજરકોડબુક તથા કેશબુકમાં દર્શાવેલ ખર્ચની વિગતોની ચકાસણી કરતાં લેજરકોડ નં. ૪૫૦૪૦૦૦ હેઠળ આવકવેરા કપાતની વિગતો દર્શાવાઇ હોવાનું જણાઇ આવેલ હતું. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ:-</u>

(૧) સંસ્થા દ્વારા વિવિધ એજન્સી પાસેથી થતી ખરીદી તેમજ ઇજારદારશ્રી દ્વારા કરાવેલ કામો પેટે કપાત થતી આવકવેરાની રકમો સંસ્થા દ્વારા નિભાવાતા લેજર કોડ રજિસ્ટરના એકાઉન્ટ નં. ૪૫૦૪૦૦૦ હેઠળ જમા લેવામાં આવે છે. તપાસણી વર્ષ દરમ્યાન ઉપરોક્ત વિગતે કપાત કરેલ આવકવેરાની કુલ રકમ રૂા ૨૨,૬૬,૩૯૧.૦૦ ઉપરોક્ત લેજર એકાઉન્ટ સદરે જમા લીધેલ હતી, અને જમા લીધેલ કુલ રકમ આવકવેરા ખાતે જમા કરાવેલ હોવાનું પણ દર્શાવવામાં આવેલ છે. પરંતુ સદરહુ રકમ સરકારશ્રીના નિયત સદરે ક્યારે ક્યારે અને કયા કયા ચલન નંબરોથી જમા કરાવવામાં આવેલ હતી? તે અંગેના કોઇ આધાર/ ચલનફાઇલ અન્વેષણમાં રજુ થયેલ ન હોઇ જમા લીધેલ આવકવેરાની રકમો તેના નિયત સદરે અને નિયત સમયે જમા કરાવ્યાના વ્યાજબીપણાની ખાતરી અન્વેષણથી થઇ શકેલ નથી.

ઉપરોક્ત ચલન ફાઇલ અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવતાં સુધી દર્શાવેલ આવકવેરાની રકમ રૂા ૨૨,૬૬,૩૯૧=૦૦ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા. વા. નં. ૧૧૨ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા ૨૨,૬૬,૩૯૧=૦૦

## પ્રમાણપત્રો અને ઉપસંહાર

### પ્રમાણપત્રો

(ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડીટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડીટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતાં સાચા હોવાનું પ્રમાણિત થઇ શકે તેમ નથી.

(ખ) ઓડીટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટીરૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી. હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂર છે. હિસાબો કયા નિયમને આધારે નિભાવવામાં આવે છે તેની ઓડીટને માહિતી મળેલ નથી.વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક/ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઇ શકેલ નથી.

(ગ) ઓડીટ દરમ્યાન ૮૩ પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા. જેમાંથી યુનિવર્સીટીએ ૨૫ પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી

(ઘ) ઓડીટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(ચ) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી

| જિલ્લા સહાયક નિરીક્ષક | સંયુક્ત નિરીક્ષક | નિરીક્ષક |
|---|---|---|
| સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ |
| અમદાવાદ | ગાંધીનગર | ગાંધીનગર |

<u>નકલ સાદર રવાના:-</u>

(૧)સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૨)ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩)નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (મુખ્ય મથક) બ્લોક નં. ૧૭, જૂના સચિવાલય, ગાંધીનગર

ગુજરાત યુનિવર્સિટી

વાર્ષિક હિસાબ ૨૦૧૪-૨૦૧૫

તા.૦૧-૦૪-૨૦૧૪ થી તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધીના આવક-ખર્ચના હિસાબો પત્રક નં.-૦૧

| આવક | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| પરીક્ષા ફી ની આવક | 169023473 | કર્મચારી વર્ગ ખર્ચ | 82441185.87 |
| અન્ય ફી ની આવક | 44617732.58 | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | 26819.00 |
| પ્રકાશનોની આવક | 9202170.07 | પરીક્ષા ખર્ચ | 203531651.93 |
| ગ્રાન્ટસની આવક (૦૧-પરિ) | 414562613.50 | મુસાફરી ભથ્થા | 1730350.00 |
| પરચુરણ આવક | 41960401.00 | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | 1107106.00 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 61246623.00 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃત્તિ વગેરે | |
| આરોગ્ય કેન્દ્ર આવક | 5149.00 | રમત ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | |
| અતિથી ગૃહ આવક | 172850.00 | રમત ગમત વ્યાયામ પ્રવૃતિ (અ) ખર્ચ | 2165969.67 |
| યુનિવર્સિટી છાત્રાલયો (૦૩-પરિ) | 938700.00 | યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ (બ) | 841679.00 |
| જમીન આવક | 934700.00 | રાષ્ટ્રીય સેવા યોજના (ક) | 35938.61 |
| પરફોર્મિંગ આર્ટ્સ અભ્યાસક્રમ આવક | 654000.00 | યુનિવર્સિટી આરોગ્ય ખર્ચ (ડ) | 3028471.23 |
| યુનિવર્સિટી ગ્રંથાલય (૦૫-પરિ ) | 11454.00 | તર શિક્ષણ પૂરક અભ્યાસે (ઇ) સપ્તાહ વગેરે.પ્રવૃતિ યુનિ | 200000.00 |
| ગ્રંથાલય શાસ્ત્રભવન (૧૩-પરિ) | 425800.00 | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | 464652.00 |

| | | | |
|---|---|---|---|
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (૧૪-પરિ) | 387505.00 | વીમા અન્ય ખર્ચ તથા કાનુની ખર્ચ | 9650966.64 |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (૧૫-પરિ) | 773255.00 | બીજા કાર્યાલય ખર્ચ | 24877850.78 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક (૧૬-પરિ) | 95976.00 | બીજી સંસ્થાઓની સભ્યસદ ફી | 273136.00 |
| પત્રકારત્વ વિભાગ (૧૭-પરિ) | 137600.00 | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | 240105259.12 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજયુકેશન | 692880.00 | યુનિવર્સિટી જમીન જાયદાદ | 26407504.47 |
| કન્વેન્શન સેન્ટરની આવક | 85000000.00 | યુનિવર્સિટી છાત્રાલયો (૦૩-પરિ) | 2753126.35 |
| ઓનલાઇન એડમિશન ફીની આવક | 41325.00 | ગ્રાન્ટમાંથી ખર્ચ (૦૨-પરિ) | 54562613.50 |
| | | પરફોમિંગ આર્ટસ અભ્યાસક્રમ ખર્ચ | 1203123.00 |
| | | યુનિવર્સિટી મુદ્રાલય (૦૪-પરિ) | 7366282.40 |
| | | યુનિવર્સિટી ગ્રંથાલય (૦૫-પરિ) | 9867851.29 |
| | | યુનિવર્સિટીશાસ્ત્રભવન (૧૩-પરિ) | 1719047.29 |
| | | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (૧૪-પરિ) | 14871936.67 |
| | | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (૧૫-પરિ) | 2024367.55 |
| | | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક (૧૬-પરિ) | 408625.67 |
| | | પત્રકારત્વ વિભાગ (૧૭-પરિ) | 2383415.62 |
| | | આઇ તાલીમ ખર્ચ.એસ.એ. | 1050851.32 |
| | | પેન્શન ગ્રજયુઇટી રજાનું રોકડમાં રૂપાંતર | 16081529.00 |
| | | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | 411576.00 |
| | | એસ ટી એસ સી સેલ ખર્ચ | 1787801.00 |
| | | કન્વેન્શન સેન્ટરની ખર્ચ | 462698.00 |

| | | | |
|---|---|---|---|
| કુલ આવક | 830884207.15 | કુલ ખર્ચ | 713843384.98 |
| | | ખર્ચ કરતાં આવક નો વધારો | 117040822.17 |
| કુલ આવક | 830884207.15 | કુલ ખર્ચ | 830884207.15 |

## પત્રક- ૦૪

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૪-૧૫ના જનરલ ફંડનો અહેવાલ મુજબ વસુલાત હેઠળની વિગતનુ પત્રક.

| અ.નં. | ફકરા નંબર | વસુલાતપાત્ર રકમ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૦૧ | ફકરા નં - ૧૮ | ૪૬,૨૬,૪૩૪/- | |
| ૦૨ | ફકરા નં - ૧૯ | ૧૨,૦૯,૬૪૭/- | |
| ૦૩ | ફકરા નં - ૨૮ | ૧,૦૩,૮૫૮/- | |
| ૦૪ | ફકરા નં - ૩૨ | ૧,૦૭,૧૬૫/- | |
| ૦૫ | ફકરા નં - ૩૭ | ૩,૫૭,૬૩૩/- | |
| કુલ | | ૬૪,૦૪,૭૩૭/- | |

| | | | |
|---|---|---|---|
| કુલ આવક | 830884207.15 | કુલ ખર્ચ | 713843384.98 |
| | | ખર્ચ કરતાં આવક નો વધારો | 117040822.17 |
| કુલ આવક | 830884207.15 | કુલ ખર્ચ | 830884207.15 |

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૧૪-૨૦૧૫

### તા. ૩૧/૦૩/૨૦૧૫ના રોજનું સરવૈયુ જવાબદારી(દેવા) પત્રક નં.૦૨

| અ.નં. | જવાબદારીઓ | રકમ રૂપિયા | અસ્કયામતો | રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | ૧૩૫૩૭૧૫૬.૪૩ | કાયમી મિલકતો | ૫૧૫૬૪૯૨૭૫.૧૨ |
| 02 | કેપિટલ ફંડ | ૪૯૩૫૯૪૭૮૮.૮૦ | રોકાણો | ૨0000.00 |
| 03 | પુસ્તક ફંડ | ૭૫૭૪૨૬૨.૮૬ | એડવાન્સ અને બીજા ખાતાઓ | ૧૬૬૫૭૭૫00.૬૩ |
| 04 | બીજા ફંડ | ૩૯૯૩૧૧૪૪૧.૨૦ | બેન્ક અને બીજી પુરાંતો | ૧૧૮૬૫૪૨૩૫૭.૪૮ |
| 05 | આવક/ ખર્ચ ખાતુ(૯૫00000) | ૪૪૧૧૦૬૮૪૮.૧૧ | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | ૧૭000.00 |
| 06 | સરકારી ગ્રાન્ટો<br>(૧) ગ્રાન્ટ ૦૪00000<br>(૨) ગ્રાન્ટ ૭૯00000 | ૮૭૮૪૮૩૨૨.૫૮<br>(-)૧૧૧૦૭૦૧૨.૦૫ | | |
| 07 | ચાલુ જવાબદારી | ૪૩૫૭૬૬૫૫૩.૦૫ | | |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | ૨૯૯૭૪.૩૭ | | |
| 09 | સસ્પેન્સ એકા. | ૧૧૪૩૭૯૮.૧૪ | - | |
| | કુલ રૂપિયા | ૧૮૬૮૮૦૬૧૩૩.૪૯ | - | ૧૮૬૮૮૦૬૧૩૩.૪૯ |

## પત્રક- ૦૩

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૪-૧૫ના જનરલ ફંડનો અહેવાલ મુજબ વાંધા હેઠળની વિગતનુ પત્રક.

| અ .નં. | ફકરા નંબર | વાંધા હેઠળ રકમ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૦૧ | ફકરા નં – ૦૫ | ૧૧,૫૦,૪૭૮/૧૪ | |
| ૦૨ | ફકરા નં – ૦૬ | ૨,૨૨,૫૧,૯૦૨/૬૫ | |
| ૦૩ | ફકરા નં – ૧૦ | ૧૬,૫૮,૯૩૬/- | |
| ૦૪ | ફકરા નં – ૧૧ | ૪,૧૯,૬૦,૪૦૧/- | |
| ૦૫ | ફકરા નં – ૧૨ | ૨૩,૨૭,૩૭,૧૨૯/- | |
| ૦૬ | ફકરા નં – ૧૬ | ૫૦,૮૮,૬૩૪/- | |
| ૦૭ | ફકરા નં – ૧૭ | ૨૫૧,૮૭,૪૭,૦૪૫/૦૬ | |
| ૦૮ | ફકરા નં – ૧૯ | ૧૮,૧૪,૪૬,૬૯૧/- | |
| ૦૯ | ફકરા નં – ૨૦ | ૩,૪૫,૯૦,૯૨૭/૩૦ | |
| ૧૦ | ફકરા નં – ૨૩ | ૧૦,૫૦,૮૫૧/- | |
| ૧૧ | ફકરા નં – ૨૬ | ૮૬,૦૯,૫૩,૬૩૧/- | |
| ૧૨ | ફકરા નં – ૩૨ | ૫૫,૦૮,૦૮૨/- | |
| ૧૩ | ફકરા નં – ૩૪ | ૧,૩૨,૨૫,૭૧૩/- | |
| ૧૪ | ફકરા નં – ૩૫ | ૩૫,૫૮,૦૬૭/- | |
| ૧૫ | ફકરા નં – ૩૬ | ૧૪,૦૭,૬૦૪/- | |
| ૧૬ | ફકરા નં – ૩૭ | ૧,૭૮,૮૧,૬૪૮/- | |
| ૧૭ | ફકરા નં – ૩૮ | ૨૨,૬૬,૩૯૧/- | |
| કુલ | | ૩૯૩,૮૩,૬૭,૯૯૭/૧૫ | |

પત્રક- ૦૪

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૪-૧૫ના જનરલ ફંડનો અહેવાલ મુજબ વસુલાત હેઠળની વિગતનુ પત્રક.

| અ.નં. | ફકરા નંબર | વસુલાતપાત્ર રકમ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૦૧ | ફકરા નં - ૧૮ | ૪૬,૨૬,૪૩૪/- | |
| ૦૨ | ફકરા નં - ૧૯ | ૧૨,૦૯,૬૪૭/- | |
| ૦૩ | ફકરા નં - ૨૮ | ૧,૦૩,૮૫૮/- | |
| ૦૪ | ફકરા નં - ૩૨ | ૧,૦૭,૧૬૫/- | |
| ૦૫ | ફકરા નં - ૩૭ | ૩,૫૭,૬૩૩/- | |
| કુલ | | ૬૪,૦૪,૭૩૭/- | |